Elements of Political Econom

# અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો.



ભાગ ૧ લો.

# ELEMENTS OF POLITICAL ECONOMY

PART 1ST.

# અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો.

## ભાગ ૧ લો.

લખનાર

**જેકીસનદાસ બારભાયા,**

તે

સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ; ઓધડશંકર અને તેનો
ભાઇ ડાહ્યાભાઈ વગેરેના

કર્તા.

પ્રથમાવૃત્તિ.

૧૯૧૬.

Printed by **Dhondiba Narayan Vanarase**
at the Lady Northcote Hindu Orphanage
K. N. Sailor Press 93, Chinchpokli,
Parel Road, Bombay and Published
by Mr. **Jekisondas L. D.**
**Barbhaya** at Karamshi Damji's
Building, 1st story, Girgaon
Back Road, Bombay No. 4.

# પરિચય.

જાહેર સભાઓમાં સામાન્ય રીતે ભાષણ કર્તાની ઓળખ પ્રમુખ સાહેબ કરાવે છે. પુસ્તકોની બાબતમાં ઘણીવારજ એમ બને છે, કારણ કે તેમાં તો પ્રમુખ—ભાષણકર્તા વગેરે સર્વેનો સમાવેશ લેખકમાંજ થઈ જાય છે, અને લેખક પોતાના પુસ્તકથી જનસમાજને પોતાની જાતની એવી સારી ઓળખ આપે છે કે બીજી ઓળખની જરૂર રહેતી નથી. ચાર્લસ ડીકન્સનું જીવન વૃત્તાંત વાંચ્યા સિવાય તેનાં પુસ્તકો ઉપરથી તેને આપણે બરોબર ઓળખી શકીએ છીએ; અને હરદમ તેને એક મિત્ર જેવો ગણીએ છીએ. આમ છતાં જ્યારે મ્હારા મિત્ર મી બારભાયાએ મને બે શબ્દ લખવાનું કહ્યું ત્યારે હું તે કામ ખુશીથી કરૂં છું. મુખ્યત્વે કરીને કારણ કે, તેઓએ જે સંસ્થા સાથે હું જોડાયેલો છું, તેના માસિકમાં પોતાનું ઉપયોગી પુસ્તક દર માસે છુટા છુટા લેખોરૂપ આપેલું છે. ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્રના ફક્ત, મ્હારી જાણ મૂજબ, બેજ પુસ્તકો છે. આ કેટલું શોચનિય છે, તે એટલા ઉપરથી જણાશે કે દરેક સુધરેલા દેશમાં હાલ અર્થશાસ્ત્રની અગત્યતા ઘણી સ્વીકારવામાં આવે છે, અને તે બાબતનાં પુસ્તકો સેંકડો બલકે હજારો પ્રસિદ્ધ થઇ ચુક્યાં છે. અર્થશાસ્ત્ર તે શુષ્કશાસ્ત્ર તરીકે મનાતું નથી, પણ તેનાથી આપણું સંસારીક

અને રાજ્યક્રિય જીવન તેના ઉચ્ચતર માર્ગે દ્હારી શકાય છે, એ પુરવાર થયેલી બીના છે. તેથી કરીને તેને એક જીવતું શાસ્ત્ર તરીકે માની તે શાસ્ત્રના જેટલાં સિદ્ધાંતો જૂદી જૂદી રીતે ગુજરાતી પ્રજા જેવી વ્હેપાર અને ઉદ્યોગમાં આગળ વધેલી પ્રજા સમક્ષ મૂકી શકાય, તેટલા ઓછાંજ લેખી શકાય. અર્થ-શાસ્ત્ર ઉપર લખાણ કરવું, તેમાં ભાષા માટે ઘણો વિચાર કરવાનો હોય છે, કારણકે સાધારણ રીતે એવી માન્યતા હોય છે કે સાધારણ પંક્તિના મનુષ્યો આ વિષયમાં આનંદ લઈ શકતા નથી. પણ મી. બારભાયાએ આ વિષયને એવી સાદી અને સરળ ભાષામાં મૂકેલો છે, તેમજ તેમાં વારંવાર આવતા ટુચકાઓથી વિષયને આકર્ષણ આપેલું છે કે, જેથી એમ કહી શકાય કે, આપણા જીવનના રોજના બનાવો પણ અંદર સમાવેશ કરી, દરેક મનુષ્યને આ પુસ્તક વાંચવામાં રસ આવે એવું લેખકે બનાવેલું છે. મી. બારભાયા જેઓ ગુજરાતી સાહિત્યમાં સારા લેખક છે, તેઓએ આ કામ આરંભી ગુજરાતી સાહિત્ય અને ગુજરાતની સેવા બજાવી છે, અને તેઓને આ કામમાં હું દરેક ફત્તેહ ઇચ્છું.

સાન્તાક્રુઝ.
૧૧-૭-૧૬. } જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા.

# ભૂમિકા.

દેશનો વ્યવહાર અને તેને લગતી વ્યવસ્થા કહેતાં, દેશની જમીન, દેશના લોકોની મજુરી, અને ભંડોળનાં એકિકરણે ઉત્પાદન કરી, તેની વ્હેંચણી અને અદલાબદલીને સંયોગે દેશની આર્થિક સ્થિતિ અથવા સંપત્તિ માપી શકાય છે, તેનો વિચાર કરનારાં શાસ્ત્રને અંગ્રેજીમાં Political Economy (પોલીટીકલ ઇકોનોમી) કહે છે. ઇ. સ. ૧૭૨૦ ની સાલમાં એક એડમ સ્મીથ નામનો માણસ જનમ્યો હતો. તેણે 'કર્ક કેલ્ડી સ્કુલ'; 'એડીનબરો યુનિવરસીટી'; અને ઑાક્સફર્ડ ખાતેની 'બેલીઅલ કૉલેજ' નામનાં વિદ્યાલયોમાં કેળવણી સંપાદન કીધી હતી અને ત્યારબાદ તે ગ્લાસગોની એક પાઠશાળામાં 'લૉજીક' અને 'મૉરલ ફીલૉસૉફી'નો પ્રૉફેસર નિમાયો હતો. જે અરસામાં તેણે 'લૌકિક નૈતિક ભાવના અને ભાષાઓમાં મૂળ'; ઉપર પુસ્તકો લખ્યા હતાં. પરંતુ જ્યારે તેણે "Inquiry into the nature and causes of the wealth and Nations" કહેતાં "પ્રજા અને સંપત્તિ વચ્ચેનાં કારણો અને તેની કુદરતી અસર વિષે સમાલોચના" એ નામનું પુસ્તક લખ્યું ત્યારે તેની નામના દુનિઆમાં ફેલાઇ રહી. આ પુસ્તકે જેમ—"Political Economy"—અર્થ શાસ્ત્રનો મૂળ પાયો ચણ્યો, તેમ તે શાસ્ત્રના પિતા રૂપે તેનું નામ ચિરસ્થાયી કીધું. ત્યાર

બાદ જુદા જુદા દેશોમાં અર્થશાસ્ત્ર ઉપર ભિન્ન ભિન્ન પ્રકારનાં પુસ્તકો પ્રકટ થયાં છે. વળી અર્થશાસ્ત્રનો ઇતિહાસકાર ડૉકટર જૉન કેલ્સ ઇંગ્રૅમ જૂદી જૂદી ભાષામાં છપાએલાં પુસ્તકોનો જે અહેવાલ આપે છે, તેના ઉપરથી દ્રષ્યમાન થાય છે કે આવાં શાસ્ત્રનો વધુ ઉલ્લેખ ફ્રેન્ચ પ્રજાએ કીધો છે.—આજકાલ જર્મનો દરેક નવીન શોધોમાં લોકોનું ધ્યાન ખેંચી રહેલા છે, અને વખતપર તેઓની તરફથી વકીલાત કરનાર કાલે કોઇ નિકળે અને કહે કે જર્મનો આમાં પણ ચઢીયાતા છે, તો મારે પૂર્વેથીજ જણાવવાનું કે, જે વસ્તુસ્થિતિથી હું જ્ઞાત છું તેજ મેં સ્વિકારી છે.

જે જે દેશો આબાદીને પામ્યા છે, ત્યાં અર્થશાસ્ત્રનો અભ્યાસ આવશ્યક મનાવા લાગ્યો છે; અને પ્રાચિન કાળમાં જ્યારે આર્યાવર્ત દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યો હતો, ત્યારે પણ તેના અભ્યાસની સંપૂર્ણપણે જરૂરીઆત મનાતી હતી. આધુનિક કાળમાં આ શાસ્ત્રનો અભ્યાસ બહોળા પ્રમાણમાં ફેલાવવાની ખાસ જરૂર મનાય છે. આથી જ્યારે દરેક પ્રજાએ પોતાના દેશની ભાષામાં, પોતાના દેશની આર્થિક સ્થિતિનું દિગ્દર્શન કરાવતાં સાહિત્યનો પ્રચાર કરવા માંડયો છે, ત્યારે ગુર્જરગિરા તેથી વાંઝણી સરીખીજ છે. અત્યાર સુધીમાં સ્વતંત્ર રીતે અર્થશાસ્ત્ર ઉપર લખાયેલું એકે પુસ્તક નથી. અને જે છે તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ઇનામ આપી લખાવેલાં

માત્ર નિચલાં ત્રણજ છે:—એક સ્વર્ગસ્થ (દિ. બા.) રાવબહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇ પાસે 'મીલ'નાં અર્થશાસ્ત્ર ઉપરથી કરાવવામાં આવેલું ભાષાંતર; બીજું મી૦ ચીમનલાલ હરિલાલ સેતાલવાડ પાસે "મિસીસ ફૉસેટ"નાં પુસ્તક ઉપરથી "અર્થશાસ્ત્રનાં મૂળતત્વો" નામનું ભાષાંતર રૂપે લખાયેલું; અને ત્રીજું મી૦ ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી કૃત સ્વર્ગસ્થ મી૦ રોમેશ દત્તનાં પુસ્તકો ઉપરથી લખાવેલું "બ્રિટીશ હિંદુસ્થાનનો આર્થિક ઇતિહાસ" છે. આ ઉપરાંત સ્વર્ગવાસી કવિ નર્મદાશંકર લાલશંકરે એક મરાઠી પુસ્તકના આધારે સંવાદરૂપે લખેલું પુસ્તક "દેશવ્યવહાર વ્યવસ્થા" નામનું છે, જે 'ગુજરાતી પ્રેસ' તરફથી પ્રસિદ્ધ થયેલું છે.

લગભગ દોઢ વર્ષની વાત ઉપર મને મારા મિત્ર મી૦ મોતિલાલ વલ્લભજીએ પ્રશ્ન પૂછયો કે "ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્ર ઉપર લખાએલાં કયાં પુસ્તકો છે?" આનો મેં, હું જે જાણુતો હતો તે જવાબ આપ્યો. ત્યાર બાદ તેઓએ મને સુચવ્યું કે "ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્ર ઉપર સરળ લેખો લખાવવાની આવશ્યકતા છે." એટલામાં અત્રેની "હિન્દી વ્યાપારીઓની મંડળી"ના સેક્રેટરી મી૦ જયસુખલાલ કૃષ્ણુલાલ મહેતા, એમ. એ. મંડળ તરફથી પ્રકટ થતાં માસિકમાં તેવાજ લેખો લખાવવાનો વિચાર કરતા હતા, અને તેટલામાં મેં તેમને ઉપલી બીના કહી, જેના પરિણામે, પ્રથમ

મેં આપણા દેશને અનુકુળ થઇ પડે તેવા "અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો" લખવાનું માથે લીધું. મારો વિસ્તૃત લેખ માસિકમાં જે પ્રકટ થઇ ગયો છે, તે મેં સુધારા વધારા સાથે પુસ્તક રૂપે પ્રકટ કરવો ઉચિત ધાર્યો છે.

પછવાડે આપવામાં આવેલી પુરવણી દ્વારા વાચકવૃંદ જોઇ શકશે કે, આ વિષય લખવા માટે મારે કયાં કયાં અને કેટલાં પુસ્તકોનો આધાર લેવો પડયો છે. મારે અત્રે જણાવવું જોઇએ કે, મને ભાષાંતરનો અભાવ હોવાથી, મેં આ વિષય કોઇ પણ પુસ્તકના ભાષાંતર રૂપે ન લખતાં, મીસીસ ફૉસેટ અને ચાર્લસ હેવાસનાં પુસ્તકોના મુદ્દાઓ પકડી તે ઉપરજ વિવેચન કરવું યોગ્ય માન્યું છે. ઉપરાંત વસ્તુ ત્વરાએ સમજાય એવા વિચારોથાં ભાષા સહેલી રાખી, બની શકે ત્યાં સ્વકલ્પનાનુસાર દોરવામાં આવેલી આકૃતિઓ (Diagrams) દ્વારા તેની સમજણ આપવામાં આવી છે. કારણ કે સર્વોત્તમ મનાતી એવી અંગ્રેજી ચોપડીઓમાં પણ આકૃતિઓ હોતી નથી.

આ વિષયમાં પ્રથમથી અંત સુધી ઉત્સાહ લેનાર હિંદી વ્યાપારીઓની 'મંડળી' ના સેક્રેટરી અને મારા મિત્ર મી. જયસુખલાલ મહેતા એમ. એ. જેણે મારી માંગણીનો સ્વિકાર કરી, આ પુસ્તકની ઓળખાણ આપવાનું માથે લીધું છે—તેમનો મારે ખાસ આભાર માનવાનો છે. તેમજ તેજ મંડળીના નાયબ

સેક્રેટરી મી. મંગળદાસ મોતીરામ મુનશી બી. એ. એ પ્રુફો તપાસવામાં અને કેટલીક ખબરથી મને માહિતગાર કરવામાં આપેલી મદદ માટે તેમનો ઉપકાર માનવાનો છે.

ગુજરાતી ભાષામાં આવી રીતનું સ્વતંત્ર પુસ્તક લખવાનો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી, જેમ તેની તુલના કરવી તે હું વાચકને સોંપું છું, તેમ તેમાં રહેલા દોષો માટે મને ક્ષંતવ્ય લેખશે એવી યાચના કરૂં છું.

આ પ્રથમ ભાગની પ્રસિદ્ધિ બાદ દ્વિતિય ભાગ ત્વરાએ પ્રકટ થશે, જેના અંત સાથે ઇશ્વર કૃપા હશે તો "હિંદુસ્થાનની પોલીટીકલ ઇકોનોમી" સ્વતંત્ર રીતે લખવાનું કાર્ય હું હસ્તગત કરવા પ્રયત્ન કરીશ.

ઑગસ્ટ ૧ લી
૧૯૧૬.

[signature]

# ELEMENTS OF POLITICAL ECONOMY.

## અર્થશાસ્ત્રના સિદ્ધાંતો.

અખિલ બ્રહ્માંડની સંપત્તિ ( Wealth ) નો વિસ્તાર કરી તેનું પૃથ્થકરણ કરનારાં શાસ્ત્રને અર્થશાસ્ત્ર (Political Economy) નું નામ આપવામાં આવ્યું છે, અને તેનો વિસ્તાર દુનીયાની ઉપજ, અદલા બદલી અને વહેંચણીમાંજ સમાઇ જવા પામ્યો છે.

સંપત્તિ (Wealth) એ જ્યારે અર્થ-શાસ્ત્રનું એક મુખ્ય અંગ છે ત્યારે તે (સંપત્તિ) ની ખરી વ્યાખ્યાનો સમાવેશ કેવા અર્થમાં થઇ શકેછે તે જાણવાની જરૂર છે.

કોઈ પણ વસ્તુ કે જેની અદલા બદલી કરવામાં કિંમત અંકાતી હોય તેને સંપતિ કહેવામાં આવે છે. ઉદાહરણ રૂપે આપણે શ્વાસોશ્વાસમાં જે હવા લઇએ છીએ તેની અદલા બદલીની વસ્તુ રૂપે કિંમત નથી. કારણ કે કોઇ પણ પ્રકારના નુકશાન વગર સર્વ કોઇ તે વસ્તુ આપો આપ મેળવી શકે છે, તેજ મુજબ સૂર્યના પ્રકાશની પણ કિંમત નથી. ઘણે સ્થળે પાણીની પણ કિંમત હોતી

નથી. મોટાં શહેરોમાં મોટાં તળાવો બાંધી તેમાંથી નળ માર્ફતે પાણી પુગાડવામાં આવે છે અને ત્યાંજ માત્ર તળાવ અને નળ વગેરે સર્વ બાંધકામ સંપત્તિ રૂપે લેખી શકાય.

ઘણા લોકો સંપત્તિનો ખરો અર્થ જાણતાં ભૂલથાપ ખાય છે. દુનિયાના વ્યવહારનું જેઓને જ્ઞાન નથી તેઓ સંપત્તિને 'નાણાં' સાથે ભેળી નાંખે છે. ઘણે વખતે કેટલાક દાખલાઓમાં આ મુજબ ભુલાવો ખાઇને કેટલાંક દેશોની આબાદી ત્યાં આગળ પુરાંતમાં પડેલાં સોનાં અને રૂપાંથી કરવામાં આવેલી દેખાઇ હતી. એટલુંજ નહિં પણ ખોટે રસ્તે તણાઇને આવી કિંમતી ધાતુઓની નિકાશ અટકાવવામાં પણ આવેલી હતી નાણાં અને સંપત્તિને એક બીજાં સાથે ભેળી દેવામાં ભૂલ કરનારાઓનો ઝાઝો દોષ કાઢી શકાય નહિં. આગળ ચાલતાં જોઇશું કે સંપત્તિની તુલના આંકવામાં નાણાંની સંખ્યા ગણવામાં આવે છે, અને જો કે નાણું એ માત્ર વસ્તુ આપલે કરવામાં સવળતા કરી આપનારૂં તેમજ કિંમત નિર્ણય કરનારૂં સાધન છે, છતાં તે સાધનનું નામ પાડવામાં આવતું હોવાથી તેના ઉપર લાંબો કયાસ કીધા વિના લોકો કુદરતી રીતે નાણાંને સંપત્તિમાં લેખવાની ભુલ કરવા પામે છે.

આવી રીતે નાણાંને સંપત્તિમાં લેખવાની ભુલ થાય છે. પરંતુ જયાં સુધી

નાણાંને અદલબદલ કરવાની ઉપયોગી વસ્તુ લેખવામાં આવી છે ત્યાંસુધીજ તેની, સંપત્તિના એક અંગ રૂપે, કિમંત છે. પરંતુ જયારે તેમ થતાં અટકે એટલે તેની કિમંત જરા પણ ચઢી શકતી નથી. આ સિધ્ધાંત સારી પેઠે સમજવા માટે ઐતિહાસીક દ્રષ્ટાંતો જોવાથી જણાશે કે પ્રાચીન કાળમાં સોના અને રૂપાનાં સિક્કાઓને કેટલાક દેશોમાં કોઇ જાણતું પણ નહોતું. એક વખતે ચીનમાં ચહાના છોડવાને અમુક રીતિએ ઢાળી તેને નાણું તરીકે લેખવામાં આવતાં હતાં અને તેના ઉપર દુનિયાનો વહેવાર કરતા હતા. હિંદના કેટલાક ભાગમાં નાણાં તરીકે કોડા અને કોડીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.

ગ્રીસમાં એક સમય એવો હતો કે અમુક વર્ષના ઢોરને અમુક પ્રકારની કિંમત ઠરાવી તે નાણાં તરીકે અદલ બદલ કરવામાં આવતાં હતાં, અને તેને લીધે પાછળથી ત્યાં ધાતુના સિકકાઓ ઉપર બળદનો ચહેરો પાડી તે નાણાં તરીકે ઉપયોગમાં લેવામાં આવતા હતા. આરણલોકો પણ નાણાં તરીકે ઢોરોની અદલા બદલી કરતા, અને હાલમાં જેમ કેટલાક લોકો રૂપા અને સોનાના સિક્કા સિવાય દેશની સંપતિ ન ગણવાની, (આપણે ઉપર જોઇ ગયા તેમ), જેમ ભુલ કરે છે, તેમ આરબો પણ તે વખતમાં એવીજ ભુલ કરતા હતા કે જે દેશમાં ઢોર ન હોય તેની

આબાદી હોઇજ શકે નહીં. કિંવા તે કંગા-ળજ લેખાય. તેનું એક રમુજી ઉદાહ-રણ અત્રે આપીશું. આરબના મૂખીએ જ્યારે પહેલ વહેલું ફ્રૅન્સ અને તેની જાહોઝલાલી વિષે સાંભળ્યું ત્યારે પ્રથમ એજ પ્રશ્ન પુછયો કે "ત્યાં ઢોરો કેટલાં છે?" દુનિયાના ઘણા ભાગોમાં, પ્રાચીન કાળમાં, ચીજોની અદલા-બદલી કરી દુનિયા સાથે વ્યવહાર ચલાવવામાં આવતો હતો. દાખલા રૂપે જો એક માણસ પાસે બે હોડકાં હોય અને હલેસું ન હોય તો જેની પાસે બે હલેસાં હોય અને હોડકાં ન હોય તે હલેસાંની બદલી હોડકાં માટે કરતા હતા, પરંતુ દુનિયા સાથે વ્યવહાર ચલાવવામાં અને મોટે પાયે વ્યાપાર કરવામાં આવી રીતભાતથી અત્યંત અડચણ થવા પામી, અને આખરે હાલમાં જેમ નાણાં વ્યવહાર છે તેમ અદલા-બદલીની આંકેલી કિંમતાનુસાર સહેલો માર્ગ સ્વીકારવામાં આવ્યો. અને તેથી આધુનિક ચલણ અથવા નાણું એ સંપતિનું એક અંગ લેખવામાં આવ્યું છે. દુનિયાનો વ્યાપાર સર્વાનુમતે આ ચલણના અંગે ચાલતો હોવાથી, અને સર્વાનુમતે તેની કિંમત આંકેલી હોવાથી એક દેશ પોતાની ઉપજ બીજા દેશ જોડે કોઇપણ પ્રકારના વાંધા-વિના આપ લે કરી શકે છે. એટલા કારણોજ નાણાં (હાલનાં ચલણ) ની ઉપયોગીતા સાબીત કરે છે. વ્યાપાર વ્યવ્હાર ઉપર

ઍડમ સ્મીથે ૧૭૮૬ માં જે પુસ્તક અંગ્રેજીમાં 'પ્રજાની સંપત્તિ' The Wealth of Nations) નામનું લખ્યું છે તેમાં તેનું પરિપૂર્ણ સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે.

દુનિયા ઉપર જાતજાતની પ્રજા વસે છે અને તે દરેક પ્રજા પોતાના મુલકોની આબોહવા અને ઉપજાનુસાર પોતાનો વ્યાપાર ચલાવે છે. પોતાને જેની જરૂર હોય તે લેવા લલચાય છે અને જે વસ્તુ નકામી હોય તે બીજાને આપી પોતાને ઉપયોગની વસ્તુ ખરીદે છે. પરંતુ જુદી જુદી પ્રજા તેમાં હરીફાઇમાં આવે છે અને તે હરીફાઇ ઉપર રાજ્ય તરફથી જકાતનો અંકુશ મૂકવામાં આવે છે. આટલાને ખાતરજ ચીજો આપલે કરવા કરતાં નાણાંથી આપલે કરવામાં આવે છે, અને નાણું તે માત્ર વચ્ચે કાર્ય કરનાર દલાલ રૂપેજ કાર્ય કરે છે, કે જેને લીધે હાલમાં દુનિયામાં નિરંકુશપણે સ્વતંત્ર વ્યાપાર( Free Trade) અબાધ્ય રીતિએ ચાલી રહ્યો છે.

સંપત્તિનો કોઠો નિચે આપવામાં આવ્યો છે જે ઉપરથી જણાશે કે ઉપજ, અદલાબદલી અને વહેંચણી આ ત્રણ મુખ્ય વસ્તુના આધારેજ પ્રજાની સંપત્તિનાં મૂળ તત્વો ટકી રહ્યાં છે.

# પ્રકરણ ૧ લું.

## સંપત્તિના અંગભૂતરૂપે જમીન.

આપણે આગલા કોઠામાં જોઈ ગયા કે સંપત્તિનો પ્રથમ પાયો ઉપજ (Produotion) ઉપર છે, જેનાં અંગભૂતરૂપે જમીન એ પ્રથમ સ્થાન ભોગવે છે. જમીન, મજુરી અને ભંડોળ ( Land, Lobour & Copital ) આ ત્રણ વસ્તુનાં એકિકરણે ઉપજ થાય છે. પરંતુ આ સઘળું જમીનને અંગેજ હોય છે. જમીનની મહત્વતા સર્વ કરતાં વિશેષ છે અને તેથી ઉપજના મૂખ્ય પ્રતિનિધીરૂપે જમીનનો દરજ્જો પ્રથમ રહે છે.

બે ઘડી શાંતપણે વીચાર કરતાં જણાશે કે સંપત્તિનુખરૂં અંગભૂત તે જમીનજ છે. દુનિયામાં એવી એક પણ વસ્તુ નથી કે જેને જમીન સાથે સંબંધ ન હોય. પરોક્ષ કે અપરોક્ષ રીતિએ સર્વ વસ્તુનું અસ્તિત્વ જમીનને લીધેજ હોય છે. આપણે મકાનમાં રહ્યા હોઇએ, અને જે ઓરડામાં બેઠા હોઇએ તેનો પાયો પણ જમીનમાંજ હોય છે. અંગ ઉપર જે વસ્ત્ર પહેર્યું હોય તે પણ જમીનમાંથી પેદા થયેલાં રૂના ઝાડને અંગે હોય છે. ગરમ કપડું પણ જમીનનીજ ઉત્પતિ લેખાય કારણકે મેંઢાના ઉપરની ચામડીમાંથી ઉન બનાવી તેમાંથી ગરમ કાપડ ભલે બન્યું હોય, પરંતુ જમીન ન હોત તો મેંઢું રહેત શા ઉપર અને

જમીન ઉપર ઘાંસ ન થયું હોત તો તે જીવત શું ખાઇને! આ રીતિએ મનુષ્ય જાનવર, સજીવ કે નિર્જીવ સર્વ વસ્તુનું મૂળ કારણ તે જમીન છે. ખનીજ પદાર્થોનું પણ મૂળ કારણ જમીન છે, અને જમીનનું મહત્વ જાણીતા ફ્રેન્ચ અર્થશાસ્ત્રી ઍડમ સ્માથ તરફથી એટલું બધું તો આંકવામાં આવ્યું હતું કે સંપત્તિનું મુખ્ય સાધન જમીનજ છે. છતાં આપણે હવે જોશું કે એકલી જમીન નથી પણ સાથે મજુરી અને ભંડોળ એ વસ્તુઓ સાથે મળી ત્રણેનો જમાવ થયેથીજ સંપત્તિનું લક્ષણ બને છે.

જમીનનું સ્વરૂપ ઘણી રીતિએ આલેખાય છે. પ્રથમ તો ખાલી જમીનમાંથી તેની ભિન્ન ભિન્ન રૂપે ઉપજ કરવામાં આવે છે, વળી યાંત્રીક રીતિએ અમુક પ્રકારનું બળ આપી જમીનમાંથી પેદાશ કરવામાં આવે છે, અને ત્રીજું જમીન ઉપર નહેરો બાંધી તેમાંથી પાણીનો વાટ બનાવી તે અમુક સ્થળે પહોંચતું કરી તે આધારે જમીનમાંથી ઉપજ કરવામાં આવે છે. એક ખાલી જમીન હોય કે જે કોઇ પણ રીતિએ કામમાં ન આવતી હોય તો તે ખેડીને ખેતરમાં ફેરવી શકાય છે. પત્થરવાળી અને ઉંચી નિચી જમીન સપાટ કરી તે ઉપર ગીરણી બાંધી સંચાકામ નાંખી જમીનનું ઉપયોગીપણું સાબીત કરી શકાય છે. સપાટ એક સરખી જમીન બનાવી,

મજુરી અને પૈસાના સાધને તે ઉપર આગગાડીની સડકો નાંખી આગગાડીનો વ્યવહાર કરી શકાય છે. અને આ કારણોને લીધેજ જમીન, મજુરી અને ભંડાળ એ ત્રણેના એકિકરણે સંપત્તિ ઉપજાવી શકાય છે.

ઉપર આપણે જોઇ ગયા કે સંપત્તિનું પ્રથમ ખરૂં અંગ તે જમીન છે, અને હવે જમીનની વ્યાખ્યા અર્થશાસ્ત્રના નિયમો મુજબ તપાસવાની આવશ્યકતા છે. જો ૫૦૦ બકરાનું ટોળું તપાસવા માટે પાંચ માણસ જોશે તો આપણને સાદી અક્કલ એમ સમજાવે છે કે ૧૦૦૦ બકરાંનુ ટોળું દશ કરતાં પણ ઓછાં માણસો તપાસી શકે. કારણ કે એક માણસ ૧૦૦ બકરાંને ખેતરમાં લઇ જાય તો તેજ મુજબ ૨૦૦ ને લઇ જાય. જો ૧૦૦ બકરાંને ખવડાવવા માટે એક માણસ નદી ઉપર દોડી જાય તો તેજ મૂજબ ૨૦૦ બકરાંને પણ લઇ જઇ શકે. આથી કરીને કહેવાની આવશ્યકતા રહેતી નથી કે જેમ મોટા પ્રમાણમાં જમીનની વપરાસ હોય તેમ તેના ઉપરની દેખરેખ પરિણામે વધારે ન થતાં ઓછી થવા પામે છે. એક ખેડુત પાંચ વિંઘા જમીન બસો રૂપીઆના ખર્ચે નિભાવી શકે તો દશ વિંઘા જમીન ખુશી સાથે ત્રણસો રૂપીઆના ખર્ચે નિભાવી શકે. છતાં નાના પ્રમાણમાં જમીન ખેડવાની પણ આવ્યશકતા રહે છે, અને તેનું કારણ ખેડુતની સ્થિતિ,

શકયતા અને સાધન ઉપર અવલંબેલું હોય છે. આપણો વિષય અર્થશાસ્ત્રનાં મુળ તત્વો આપવાનો હોવાથી તેનાં કારણોમાં ઉતરી શકાતું નથી.

પ્રાચીચ કાળનો વિચાર કરતાં એમ દેખાય છે કે જંગલી લોકોના દેશોમાં જોકે વસતી ઓછી હતી તોપણ અહિંતહિં જમીન ઉપર જ્યાં ત્યાં વધુ વિસ્તારમાં પ્રસરેલી હતી. માછલાં મારી અથવા શિકાર કરી તેઓ પોતાનું ગુજરાન કરતા હતા. દુનિયાની શરૂઆત થઇ ત્યારે લોકોની વસ્તુ સ્થિતિ કેવી હતી તે ઉપર ભિન્ન ભિન્ન મતો પડેલા હોવાથી તે શંકાસ્પદ બીના અત્રે આપવી ત્યજશું, પરંતુ મનુસ્મૃતિ, રામાયણ વગેરે પુસ્તકો ઉપરથી આપણને જે પુરાવા મળે છે તે ઉપરથી એટલું તો કહી શકાય કે દુનિયાના પ્રારંભકાળે સર્વ પ્રાણીઓ માંસાહાર કરતા હતા અને મૃગયામાં શ્રેષ્ઠતા મેળવવી એજ તેઓ પોતાનું ખરૂં કર્તવ્ય લેખતા હતા. આથી કરીને દિવસ ઉગે ત્યારથી તેઓ માછલા મારવા અને શિકાર કરવા નિકળી પડતા અને તેના ઉપરજ પોતાનું ગુજરાન કરતા હતા. આ રીતએ હમેશ ખોરાક મળવોજ જોઇએ એવી કંઇ ખાત્રી નથી. વળી શિકાર કરનારા લોકોને સાધારણ રીતે વધુ જમીન જોઇએ એ પણ સ્વભાવકજ છે, વળી તે ઉપરાંત

પેટને માટે દૂર દૂર ઠેકાણે ભટકવું પડતું હતું આવું સંકટ શા માટે વ્યર્થ વેઠવું એવું. પછીથી લોકોને લાગ્યું પરંતુ ખરી રીતે જન સમાજની પ્રથમ અવસ્થા ઉપર કથી તેવીજ હતી એ નિઃશંશય જ છે ( જુઓ. પ્રજાનો ઇતિહાસ અને દેશવ્યવહાર વ્યવસ્થા કવિ નર્મદાશંકર લાલશંકર કૃત પા. ૧૪)

ઉપલી અવસ્થા પસાર કીધા બાદ તે લોકો ઢોર, બકરાં, મેઢાં, વગેરે જનાવરો પાળવા શિખ્યા, આથી એ લોકોને પેટ ભરવા કાજે જે જોઇતું હતું તે સવડતાથી મળવા માંડયું હતું. માત્ર ઢોરને ચરાવવા માટેજ ફરવું પડતું હતું આ સ્થિતિની સુધારણા ખેતર ખેડવા માંડવાથી થાય છે. તેઓ પ્રથમ નાની જમીન ખેડવા માડે છે અને જ્યારે તે જમીન પેટ પુરતું અનાજ આપે છે ત્યાંરે તેઓને પેટનાં ગુજરાનાર્થે બીજે જવું પડતું નથી. આથી આખું કુટુંબ સ્થાયી એક સ્થળે રહે છે, અને આસ્તે આસ્તે અનેક જાતના હુન્નર શિખવા માંડે છે, વિદ્યા શિખવા માંડે છે પ્રથમ અવસ્થા પછી લોકોની દુનિયામાં આ રીતએ બીજી અવસ્થા શરૂ થઇ હતી.

ત્યારબાદ લોકોની પાંસે ઢોર, મેંઢાનો વધારો થયો, પોતપોતાની શ્રેષ્ઠતા અને પોતાનો માલ, પોતાની બનાવટ, પોતાની અકલથી નિપજેલી વસ્તુ એમ લોકો સમજવા

શિખ્યા, તેથી પોતના માલને નુકશાન થાય નહિં એવો રસ્તો લેવા માંડયા, તેથી પોતાની સુખાકારી અને સંતોષને ખાતર કાયદાઓ બાંધ્યા અને તેનો અનાદર કરનાર ગુન્હો કરનાર બને એમ ઠરાવ્યું. વળી પોતાના ટોળામાંથી વધુ અક્કલવંત લાગે તેવાઓને ઉપરી, વડીલ કે મુરબ્બી ઠરાવ્યા, જેઓ ગુન્હો તપાસી ગુન્હેગારને સજા કરતા આ રીતે દેશનો આંતરીક વહેવાર શુરૂ થયો હતો, અને આ રીતિએ એકજ ઠેકાણે મનુષ્યો રહેવા લાગ્યા અને આ રીતિએ લોકોની ત્રીજી અવસ્થા શરૂ થઇ હતી.

આ ત્રીજી અવસ્થા મેળવ્યા બાદ લોકો તેમાં સુધારણા કરવા મંડેછે, વળી રાજ્યો બંધાયછે, તે આધારે દેશનો વ્યવહાર ચાલેછે, લોકો ઉદ્યોગી બનેછે, કળા કૌશલ્ય ઉત્પન્ન કરે છે. ધાતુનો શી રીતિએ અને કેવો ઉપયોગ કરવો તે જાણવા માંડે છે, જૂદા જુદા માણસો જૂદે જુદે કામે વળગે છે, અને જે મનુષ્ય જે કામમાં હુશિયાર થયો હોય તે તે કામ પોતાને જોખમે અલગ કરવા માંડે છે. આ રીતિએ દુનિયામાં જંગલી મનાતા મનુષ્યો, અણસમજુ અવસ્થામાં આવ્યા બાદ દુઃખપાત્ત ભોગવનારા થઇ રહે તે ઊંચી શ્રેણીના લોકો તરીકે પુરવાર થાય છે. આ ચોથી અવસ્થાછે.


તે પછીની અવસ્થામાં શહેરની રચના, સારા રસ્તા, અને વ્યવહારનાં સાધનોની નિપુ-

ણુતા, આગબોટ; આગગાડીની સગવડતા, મોટરગાડી, વિજળી, વગેરેની સગવડો વગેરે શરૂ થાય છે અને તેમાં અનેક જાતના સુધારા થવા માંડેછે, પરંતુ આ સર્વનું મૂળ કારણ તે જમીનજ છે.

સારા પાકવાળી જમીન અને સારી હવા હોય એ જોકે સંપત્તિનું એક અંગછે પરંતુ તેના ઉપર મહેનતની જરૂર હોય છે. જો તેના ઉપર ઉદ્યોગ ન કરવામાં આવે તો ષડરસે ભરેલી જમીન નકામી થઇ પડેછે. જો જમીન વ્યવહારે સારી હોય ને ઉદ્યોગ વધારે હોય તો તે બાગ બગીચા અને ખેતરોમાં ફેરવાઈ જાય છે. વધુ દુર જવાની જરૂર નથી. માથેરાનનો ડુંગર જે માત્ર પથરાઓથી ભરેલો હતો તેને ખીલવીને રહેવાના ઉતમ સ્થાપન તરીકે ફેરવી નાખવામાં આવ્યો છે. અને જે ડુંગર બીલકુલ કામમાં આવતો નહોતો તે ડુંગરની જમીનનો ભાગ સંપાતરૂપ થઇ પડયોછે. મહાબળેશ્વરની જમીન પણ ડુંગરથી અને પથરાઓની બનેલી છે, પરંતુ આપણે જોયુંછે કે કીડીના જેવા ઉદ્યોગી એવા ચીનાઓએ તેમાં મહેનત કરી બટેટા વાવ્યા અને હાલમાં તેજ સ્થળ બટેટાના ઉત્તમ સ્થાનરૂપે પ્રખ્યાત છે. એક ઠેકાણે કથવામાં આવ્યું છે કે. **उद्योगिनं पुरुष सिंह मुपैति लक्ष्मी दैवेन देयमितिका पुरुषा वदंति.** ઉદ્યોગી પુરૂષને સિંહના સરખો જાણવો

કારણકે તેનેજ લક્ષ્મી મળેછે. પરંતુ નશીબને આધારે મળશે એમ ધારી આળસુ બેસી રહે તેને મળતીજ નથી. જમીન અને ઉદ્યોગ એજે સંપત્તિ ઉત્પન્ન કરનારાંછે તેમાં હથીઆરનો પણ વધારો થાયછે. વળી જમીન એકજ જાતની રાખવી એથી ફલ પ્રાપ્તી થતી નથી. મનુષ્ય જમીન ઉપર જેમ રહે છે તેમ જમીન ખેડનાર મનુષ્યને રહેવા માટે અને તેની સગવડતા અર્થે ઘરબાર જોઇએછે. વળી તેને અંગે બીજાં અનેકનેક સાધનો જોઇએ. કણબી ગણુસર બેસતાંજ ખેતર તૈયાર કરવા માંડેછે ત્યારે તેને ખેતર તૈયાર કરવા પહેલાં હળ, બળદ, કોદાળી, પાવડા વગેરેની જરૂર પડેછે. આ ઉદ્યોગ અને સાથે સૃષ્ટિ માંહેલા પદાર્થ જેમાં મૂખ્યત્વે જમીન, પાણી અને વાયુ એ સર્વનું એકીકરણ થયે સંપત્તિ પેદા થાય છે. વનસ્પતિ, ધાતુ વગેરે જે સૃષ્ટિ માંહેના પદાર્થ છે તેમાં પણ જમીન એજ મુખ્ય સાધન છે. જમીનમાંથી નિકળેલી વસ્તુ ઉદ્યોગે પેદા થાયછે અને નિકળેછે અને પછી તેના ઉપર ખર્ચ અને પ્રકૃતિનો સંબંધ થયે તે વસ્તુ સંપતિને આદર થવા પામેછે. જમીનમાંથી ઉગેલાં ઝાડને કાપી તેમાંથી લાકડું કાપો તેમાંથી બનાવેલી પેટીને ઉષ્ણુતાની જરૂર પડેછે. આ માટે સંપત્તિ ઉત્પન્ન કરવા સ્નેહાકર્ષકત્વ, પ્રકાશ, ગરમી, શીતળતા વગેરે સર્વની જરૂર પડેછે. માટે

આ બધાં સાધનો જ્યારે એક રીતિએ સરખા પ્રમાણમાં સાથે મળે ત્યારેજ સંપત્તિ થવા પામે. નીચલા કોઠા ઉપરથી જણાશે કે સંપત્તિ પેદા કરનાર પ્રથમ વસ્તુ ઉપજને અંગે ઉભા થયેલાં જમીન, મજુરી અને ભંડોળના મુખ્ય વિભાગ; જમીનમાં જુદી જુદી વસ્તુઓનો શી રીતિએ સમાવેશ થયો છે


સંપત્તિ
ઉપજ
અદલાબદલી
વેહેંચણી
અક્કલ.
જમીન
મજુરી
ભંડોળ.
ખાતર
સંચાકામ
પાણીનોવ્યવહાર
જમીન ઉપર બાંધકામ.

# પ્રકરણ ૨ જું

## મહેનત અથવા મજુરી.

મહેનત અથવા મજુરી એ સંપત્તિ પેદા કરાવનારૂં મુખ્ય સાધન છે. આપણે પ્રથમ વાંચી ગયા કે અમુક ચીજ ચોક્કસ પ્રસંગોમાં સંપત્તિ રૂપે નથી લેખાતી છતાં તેજ ચીજ બીજે પ્રસંગે સંપત્તિમાં લેખાય છે. જે ઠેકાણે લોકો નદીની પાસે રહેતાં હોય ત્યાં પાણીની કિંમત નથી પરંતુ જ્યાં પાણી સવળતાથી ન મળી શકતું હોય ત્યાં પાણીની કિંમત અંકાય છે. દરિઆમાં હિવા-હોડી સાચવનારાઓ અથવા હોડી હાંકનારાઓ હવા માટે મહેનત કરતા નથી અને તેથી તેઓને હવાની કિંમત લાગતી નથી, પરંતુ એક વ્યકિત જેને ચોવિસે કલાક દરિઆની હવા જોઇએ તેને દરિઆનાં કાંઠા ઉપર ગૃહ ભાડે રાખવાની કિંમત પડેછે. તેજ મુજબ જે વસ્તુ અદલાબદલી કરવા માટે તૈયાર કરવામાં આવી હોય છે તે સઘળી વસ્તુઓ ભિન્ન ભિન્ન પ્રકારની મહેનતથીજ ઉત્પન્ન થયેલી હોયછે. સાધારણ ખીચડી અને દહિં જેવી વસ્તુઓ પણ અનેક પ્રકારની મહેનતના સંયોગે તૈયાર

થાયછે. તેનો સ્વાદ લઇને ખાનારને ભાગ્યેજ તેનો ખ્યાલ આવેછે કે જે ચોખા તે ખીચડીમાં વાપરવામાં આવ્યા હશે તે જમીનમાં ખેડવા માટે કોણેકોણે મહેનત લીધી હશે. પાક તયાર થયે તે સાફ કરવા કોણે મજુરી કરી હશે, તે ખેતરમાંથી નિકળ્યા કેડે તેના ઉપર કેટલા સંસ્કાર થયે એક ગામથી બીજે ઠેકાણે કોણ લઇ ગયું હશે, કયા કણીઆઓને હસ્તક તે ફર્યા હશે, ત્યાંથી લઇ આવ્યાબાદ તે દાળ સાથે ભેળી તેમાં નાંખેલો મસાલો, મીઠું, અને જેના ઉપર તે રંધાઇ તે ચુલો કોલસા વગેરે માટે કેટલા પ્રકારની જુદી જુદી મહેનત અને મજુરીનું એકીકરણ થયે ખીચડી તૈયાર થવા પામી છે? વળી તેના વધુ ઉંડાણમાં જઇએ તો જે ખેડુતે ચોખા અને દાળ તૈયાર કીધાં અને ખેડયાં તે હળ જેણે બનાવ્યો, અને જે ધાતુનો તે હળ બન્યો, તે ધાતુ કઇ ખાણમાંથી નીકળી, તેના ઉપર કોણે મહેનત લઇ તે ખાણમાંથી કહાઢી વગેરે આ બધા પ્રકારની મેહનતનું એકીકરણ જ્યારે થાય છે ત્યારે આપણે ખીચડી ખાવા પામીએ છીએ.

**ઉપજ કરવામાં મહેનત કેવી રીતે ઉપયોગી થઈ પડે છે?** સંપત્તિના ઉત્પાદન (ઉપજ) માં મહેનત કેવી રીતે લાગુ પડે છે તેનું સંક્ષિપ્ત વિવેચન કરતાં જાણીતો અર્થ-શાસ્ત્રી મી. મીલ કહે છે કે † "પ્રત્યેક ચીજોને

---

† મી. મીલનાં અર્થશાસ્ત્રનો તરજુમો સ્વ. દિ. બા. અંબાલાલ સાકરલાલે ગુજરાતીમાં કીધો છે.

તેની જોઇતી જગ્યાએ મૂકવાનું અથવા અમુક વસ્તુને એક ઠેકાણેથી લઇ જવાનું અથવા તેને ખસેડવાનું કાર્ય મજુરી અથવા મહેનતનું છે." આ શબ્દોની મહત્તા એટલી બધી છે કે તેમાં વ્યાપાર અને ઉદ્યોગના અનેક માર્ગોનો સમાવેશ થઇ જાયછે. એટલે કે "મજુરી હરેક વસ્તુને ગતીમાં મૂકવા માટે હંમેશ જ્યારે કામ લાગે છે ત્યારે બાકીનું બધું વસ્તુ અથવા પદાર્થના ગુણ દોષ કિંવા કુદરતના નિયમોને અવલંબીને રહેલું હોયછે."

આ તર્કના ટેકામાં આપણે એક ઉદાહરણ લઇશું. હમણાં મુંબઇમાં દેખાવડાં બંધાતાં ઘરો તરફ જરા નજર કરીએ. તેમાં વપરાતો પોરબંદરી પથ્થર ક્યાં પેદા થયો, કોણે કહાડયો, તેને અહિં કોણ લઇ આવ્યું? અંદર વપરાતી ઇંટો કેવી રીતે બનાવવામાં આવી, તેને બનાવવા માટી કોણ લાવ્યું માટી કયા ડુંગરમાંથી ખોદાઇ, કોણે ખોદી, તે પાણીમાં ભીજવી તેનાં ચોસલાં કરી કોણે સુકવ્યાં, તેને પછી ભઠ્ઠીમાં કોણે નાંખ્યાં? આ સઘળું પરિણામ જૂદી જુદી મહેનતનું છે. ડુંગરનું પેદા થવું એ કુદરતી છે અને કુદરત સાથે મહેનતની સક્રાંતિ થઇ અને તેને અંગે ભિન્ન ભિન્ન અવસ્થામાંથી માટી પસાર થઈ અને અગ્નિના સંયોગે ઈંટ થવા પામી. જેમ માટીનું ડુંગરમાં પેદા થવું કુદરતી હતું તેમ દેવતાના સંયોગમાં પાકું થવું એ પણ કુદરત-

નુંજ કાર્ય હતું. ઝાડ ઉપર કુવાડાનો ઘા કરી તેને પાડી નાંખી તે ઝાડનાં થડિયાંને કરવત લઇ કાપીએ ત્યારે લાકડું બનેછે અને પછી તેના ઉપર સંસ્કાર કરે તે ઘર બાંધવામાં કામ લાગે છે અને તેનાં બારી બારણાં થવા પામે છે. અર્થાર્થ કે, "પદાર્થ માત્રને ગતિ આપવા સિવાય મહેનત બીજી રીતે કંઇ પણ અસર કરી શકતી નથી છતાં કુદરત અને મહેનત એ બેના સંયોગે વસ્તુ ઉપયોગી બને છે

## પ્રવિણાની મજુરીથી કોઇ પણ વસ્તુ કેટલી મુલ્યવાન થઇ શકે છે.

દુનિયામાં મનુષ્યમાત્રને ઉપયોગી થઇ પડતી દરેક વસ્તુ તરફ નજર કરતાં જણાશે કે તે વસ્તુની ઉત્તમતા પુરવાર કરવામાં કાબેલ અથવા કુશલ કારીગરની મહેનતે તે કેટલી શ્રેષ્ટ થવા પામે છે, અને ઓછા કાબેલ કારીગરને હાથે થતી તેવીજ ચીજો પ્રમાણમાં કેટલી હલકી લાગે છે. આના ઉદાહરણાર્થે આપણે ઘડીઆળની બનાવટ લેશું. હાથની પહોંચી ઉપર બંધાતી નાની ઘડીઆળમાં જે સ્ક્રુ વાપરવામાં આવે છે તે એટલાંતો ઝીણાં હોય છે કે તે માત્ર સૂક્ષ્મદર્શકયંત્રદ્વારાજ જોઇ શકાય છે. આવાં એક રતલ સ્ક્રુની કિંમત સાત રતલ સોના કરતાં પણ વધુ થવા પામે છે. પ્રત્યેક ઘડીઆળમાં વાળ જેવી જે કમાન

વાપરવામાં આવે છે તે એટલી તો ઝીણી હોય છે કે તેનું વજન એક શેરનો ૧૫,૦૦૦ મો ભાગથવા જાય છે. આટલું સૂક્ષ્મ વજન કરવા માટે તેના ઉપર એટલી બધી મેહનત કરવી પડે છે કે તેનું મૂલ્ય પ્રમાણ તેટલું વધીને એક રતલ પોલાદના મજાગરા કરતાં ૫૦૦ ઘણી વધુ કિંમત એક રતલ કમાનની થવા પામે છે.

ઉપર જોઇ ગયા તેમ જોકે મજુરી ખર્ચ્યા વગર સંપત્તિ ઉપજવા પામતી નથી તોપણ એવી ઘણા પ્રકારની મહેનત છે કે જે સંપત્તિ પેદા કરવામાં જરાપણ લેખામાં આવતી નથી. આવી મજુરીને અપરોક્ષ અથવા અનુત્પાદક મહેનત કહેવામાં આવે છે. મીસીસ ફૉસેટના પુસ્તકનું ભાષાંતર જે (ઑન.) મી. સેતલવડે પ્રગટ કર્યું છે તેમાં તેઓ આના સંબંધમાં નિચે મુજબ કથે છે:—

"જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી અનુત્પાદક મહેનતની વ્યાખ્યાઓમાં એક બીજા વચ્ચે ઘણો તફાવત છે. આમ થવાનું એક કારણ એ છે કે કેટલાક અર્થશાસ્ત્રીઓ "અનુત્પાદક" એ વિશેષણની સાથે કંઇક દુષણ રહેલું હોય એમ સમજે છે. પણ આ શબ્દથી કંઇ દુષણનો અર્થ આવે છે એમ સમજવાનું કંઇ કારણ નથી. એમ સમજીએ ત્યારે તો એમ ઠર્યું કે જીવ-

તરનો યોગ્ય ઉદ્દેશ તે ફક્ત દ્રવ્યનું ઉત્પાદનજ છે." 'મીલ' ઉત્પાદક મહેનતની આ વ્યાખ્યા આપે છે:—" પદાર્થોમાં રહેલી અને સમાયેલી ઉપયોગિતા ઉત્પન્ન કરે તે મહેનત ઉત્પાદક મહેનત."

**પરોક્ષ રીતે ઉત્પન્ન થતી** મહેનત. આને બીજા અર્થમાં સમજીએ તો મનની મહેનત વડે પેદા થએલી વસ્તુ. ગુરૂ પોતાના ચેલાને અનેક પ્રકારનું જ્ઞાન આપે છે, તે ગુરૂ કંઇ પદાર્થોના ગુણ દોષ જોકે પેદા કરતો નથી. પણ તેની માનસિક મનની મહેનત અનેક પ્રકારની મહેનતને જન્મ આપે છે. અભણ અને આળસુ ચેલાઓને અનેક પ્રકારનું જ્ઞાન આપી તેઓને તૈયાર કરે છે જેને અંગે તે ચેલાઓ ભિન્નભિન્ન પ્રકારના કસબીઓ થવા પામે છે. માટે આવી રીતે (પરોક્ષ રીતિઓ) મજુરી પેદા કરનારાઓમાં, શિક્ષક, ચોપડી લખાવનારાઓ., નવીન શોધ કરનારાઓમાં, પોલીસ—કે જે વ્યવહાર સાચવવામાં સાધનભૂત થઇ પડે છે—વગેરેનો સમાવેશ કરે છે. ત્યારે બીજી પ્રત્યક્ષ રીતે જણાતી મહેનતમાં ચોપડી લખનારા, છાપનારા, વહાણ બનાવનારા, જોડા સિવનારા, વગેરે અંગ મહેનત કરનારા આવી જાય છે. કાતરના બે પાના જુદાં કરીએ તો તે કપાય નહિ પણ ભોંકવાનું માત્ર પાનું થાય અને બે સાથે કરીએ તો કાપવાની જેમ કાતર

થાય તેમ મન અને શરીરની મહેનતોનું એકિકરણ થયે સંપતિના એક અંગભૂત રુપે મજુરીનો ઉપયોગ પ્રદિપ્ત થાય છે.

અપરોક્ષ મહેનત અથવા તો પ્રત્યક્ષ નજરે ન પડતી હોય તે મહેનતમાં લોકોને શિખામણ લેવામાં અંગભૂત થઇ પડનારાં સાધનોનો સમાવેશ થાય છે. સિનેમેટોગ્રાફમાં શિખામણ લેવા લાયક એક ચિતાર બતાવવામાં અથવા " સત્યનારાયણની કથા કહેનાર હરદાસ અને પારાયણ વાંચનાર વ્યાસજીનો આમાં સમાવેશ થાય છે સિનેમેટોગ્રાફ જોવા જોઇએ અથવા ગૃહમાં વ્યાસજી બેસી પારાયણ વાંચે તેનો ખર્ચ થવા પામે છે અને તેથી જોકે નાણું ખર્ચાઇ ઓછું થાય છે. તોપણ દુનિયામાં શી શી રીતએ ચાલવું પડે છે. તે જાણતાં અને ભવિષ્ય કાળમાં બાહોશ બનીએ છીએ અને તેથી આપણી બુદ્ધિને ખીલવતાં શિખીએ છીએ અને તેથી આ અપરોક્ષ મહેનત એ પણ જનસમાજની સંપત્તિને વધારનારૂં સાધન થવા પામે છે.

આપણે મહાભારતના કાળ તરફ દ્રષ્ટી કરીએ તો જણાશે કે તે સમયે લોકો વિમાન (એરોપ્લેન); પવનપાદુકા (મોટરકાર) માં ફરતા અને તે વખતે લોકો ઉંચી કીસમનો સર્વ પ્રકારનો કસબ જાણતા હતા. તે વખતે લોકો ઝીણી બનાવટનું ઉંચી કિસમનું કાપડ

બનાવતા હતા, અને તે ઉદ્યોગ જોકે નષ્ટ થયો છે છતાં ઢાક્કા જીલ્લામાં થોડો ઘણો પણ રહેલો આધુનિક કાળનો હુન્નર તેની સાબેતી આપે છે. ઇ. સ. સુમારે ૧૫૦૦ માં યુરોપિઅનો દેશાટન કરવા અત્રે આવ્યા હતા; અને તેમાં પૈસો ખર્ચી અનુભવ મેળવી જતા. આસ્તે આસ્તે તેઓએ કુશળતા મેળવી, પોતાના દેશમાં સાધનો પેદા કીધાં અને અત્રેથી રૂ લઇ જઇ ત્યાં તેને વણી તેના સુતરમાંથી કાપડ બનાવી અત્રે મોકલવા માંડયું, અને તે ત્યાંથી આવવા છતાં અત્રે સસ્તું પડવા લાગ્યું. કાપડ જેઓએ બનાવ્યું, મોકલ્યું તેઓએ અંગ મહેનત કીધી પરંતુ તે અંગ મહેનત પેદા કરનાર દેશાંટન કરી અનુભવ લેનારા અને મનની મહેનત કરનારા હતા. આ જોતાં મજુરોના અંગભૂત રૂપે કષ્ટ લઇને મહેનત કરવી તે તેમજ અનુભવ સહિત જ્ઞાન અને લક્ષપૂર્વક અવલોકનનો સમાવેશ થયે ઉદ્યોગનો વ્યાખ્યા થવા પામે છે અને તે થયે સંપત્તિનું એક મૂખ્ય અંગ બને છે.

ત્યાર બાદ તેના પેટા વિભાગોમાં કામની વહેંચણી આવી જાય છે. સાધારણ કાંડી બનાવવામાં ભિન્ન ભિન્ન પ્રકારની ક્રિયા કરવી પડે છે. લાકડાંની ઝીણી સળીઓ બનાવવી, ગંધક વગેરે મેળવી અગ્નિપ્રદિપ્ત કરનારો પદાર્થ બનાવવો, તેને સળીના ઉપર લગાડવો, તેને સુકવવો, સળીઓને સફાઇબંધ કરવી, પેટીમાં

ગોઠવણી વગેરે. હવે એકજ કાર્ય રોજ કરવાથી કારીગરની પ્રવિણુતા વધે છે. ૧. રોજની ટેવને લીધે તે કાર્ય હાથ આવી ગયે તે કરવાની ચપળતા આવે છે. ૨. એક કામ ત્યજી બીજું કામ કરવા જતાં તે શિખવું પડે છે અને તેમ કરતાં સમયનો વ્યય કરવો પડે છે તે બચે છે. ૩. એકજ કાર્ય કરવાથી તેના ગુણ દોષ જાણી તેની ખોડ જાણવાનું અને તેને લગતા સુધારા કરવાનું સાધન પોતાની મેળે નજરમાં આવે છે. ૪. અને છેલ્લાં તેના ઉપર પુરતું લક્ષ આવી ગયે તેમાં પ્રવિણુતા અથવા શ્રેષ્ટતા મેળવવાનું સુગમ થઇ પડે છે. જે વ્યકિતએ પોતાના અવલોકનથી, પોતાની જાત મહેનતથી કિંવા મનની તર્કશકિતથી જે વસ્તુ પેદા કરી હોય તેના ઉપર તે વ્યકિતનો હક કાયમ થાય છે અને તે નીતિશાસ્ત્રથી સિદ્ધ થાય છે, જેને અંગે સુધરેલા જમાનામાં, તે વ્યકિત 'પેટંટ'–'સ્વસત્તાસ્તક વસ્તુ' મેળવવાનો દાવો કરે છે. અર્થાત કે સૃષ્ટિમાંની વ તુઓથી જૂદી પાડીને તેના ઉપર સંસ્કાર કીધા બાદ આ વસ્તુ મારી એવું કહીને તે પોતાને કામે લગાડવાની સત્તા ઉત્પન્ન કરી શકે છે. જ્યારે પ્રજા, ઉદ્યોગને અંગે આવી સ્થિતિ મેળવવા પામે છે ત્યારે દુનિયાની જૂદી જૂદી પ્રજા સાથે પોતાની વસ્તુનો વ્યાપાર ચલાવે છે અને તે દ્વારા પોતાની મહેનતનો વ્યય કરે છે. અને પછી તેના પરિણામે

અબાધ્ય વાણીજ્ય. (Free Trade) પેદા થવા પામે છે અને તેમાં વ્યાપારને અંગે મહેનત અને કામની વહેંચણી થવા પામે છે.

**સહુકારી ઉદ્યોગ.** (Co-operation) સહોદ્યોગને અંગે ઘણી પ્રકારની અમુલ્ય સેવા બજાવી શકાય છે. જુદા જુદા લોકોએ મળી પોતાના નાણાં ભરી એક સંસ્થા પેદા કરાવી હોય તેમાં દરેક ભાગીદારની નાણાં આપવા પુરતી સાહ્ય હોય છે. જો તે સાહ્ય ન હોય તો તે સંસ્થા પેદા થવા પામેજ નહિં આ રીતએ સહોદ્યોગ પેદા થવા પામે છે. અર્થાત કે ઘણી વ્યકિતઓનું અમુક કામમાં સાથે મળવું. એક મનુષ્ય એક કામ કરે અને તેવી રીતે જુદા જુદા બે માણસો કામ કરે તેના કરતાં તેજ કાર્ય સાથે મળીને બે મનુષ્યો કરે તો તે કાર્ય જલદી કરવા પામે. આ સહકારી ઉદ્યોગ બે વિભાગમાં વહેંચાયલો હોય છે.

૧. કેવલ સહુ-ઉદ્યોગ. અમુક માણસો મળી માત્ર એકજ કામ કરે તે. જેમકે જુદી જુદી વ્યકિતઓ મળી એક સંસ્થા ઉભી કરે તે.

૨. મિશ્ર સહુ-ઉદ્યોગ. એટલે ભિન્ન ભિન્ન વ્યકિત ભિન્ન ભિન્ન વિભાગમાં મદદ કરે તે એટલે કે ઉપલી સંસ્થા ચલાવવામાં જે કામે લાગેલાં હોય.

એઠ ભાગીદારોની થાપણે ઉભી કરવામાં આવેલી બેન્કમાંભાગીદારો (Share holders) માં કેવલ સહોદ્યોગ છે, ત્યારે બેન્કને ચલાવનારા, મહેનત કરનારા, માર્ગોપદેશકો (Directors), વહીવટદારો (Managers), કારકુનો (Clerks), દલાલો વગેરેનો મિશ્ર સહોદ્યોગ છે.

હથીઆરરૂપી મદદ. કેટલીક મજુરી એવી છે કે જે હથીઆર રૂપી અગર યંત્ર, સંચાઓ અને ઓજારોરૂપી હોય છે. ગમે તેવું લખવા અથવા લીસોટા કહાડનાર બાલકને પણ લખવા માટે કંઇક સાધન જોઇશે. તેમજ કોઇપણ વસ્તુમાં છિદ્ર પાડવા અથવા ભાંગી ફોડી નાંખવા માટે કાંઇપણ સાધન જોઇશે. આ સાધન તે હથીઆરરૂપી મદદ છે. એવી મદદમાં યંત્રો, સંચાઓ, ઓજારો વગેરેનો સમાવેશ થાય છે. વિદ્યા અને જ્ઞાનનો ફેલાવો થતાં સંચાઓ અને યંત્રોની કિંમત વધતી જાય છે. સુરતથી મુંબઇ આવવા માટે આગગાડી તાણનાર અગ્નિરથ (ઇન્જીન) જે કાર્ય કરે તે મનુષ્ય પોતાની મેળે કરી શકે નહિ. તે રીતીએ અંગમહેનતદ્વારા અને અક્કલ ખર્ચવાથી ઉત્પન્ન થયેલાં યંત્રો, સંચાઓ અને ઓજારોની મદદ પણ એક સાધનભુત થઇ પડે છે.

મહેનત અથવા મજુરીમાં સહાય્ય થનારાં અથવા ફાયદો કરનારાં બીજાં સાધને તે

કાર્ય કરનારની પ્રવિણુતા, બુદ્ધિ, સારો આધાર, વિશ્વાસ અને ખંત વગેરેનો છે. કાર્ય કરનાર કારીગરની નિપુણુતા તે મહેનતને મદદ આપનારી ખરી અને મુખ્ય ચીજ છે, બુદ્ધિ તેને મદદ આપે છે, સદ્આચાર તેને સારે માર્ગે દોરે છે, વિશ્વાસથી તે ખીલવા પામે છે અને ખંત તેને પરિપૂર્ણુ કરે છે. માટે આ બધાં સાધનોનો પણુ તેમાં સમાવેશ થવા પામે છે. આ પરિપુર્ણુ સમજવા માટે મિસીસ ફોસેટ તેનો ચિતાર નિચે મુજબ આ લખે છે:—

| material | and | moral |
| --- | --- | --- |
| પદાર્થરૂપી | અને | માનુસિક. |
| ૧ ઠામની અથવા મજુરીની વહેંચણી. | તેની સાથે | પ્રવિણતા ૧ |
| ૨ સહોદ્યોગ. | કાર્ય કરનારની | બુદ્ધિ, ૨ |
| ૩ સંચાઓ, ઓજારો, યંત્રો. | | સદાચાર, ૩ |
| | | વિશ્વાસ ૪ |
| | | ખંત ૫ |

**પરોક્ષ અને અપરોક્ષ મજુરીનો વ્યય**

પરોક્ષ મજુરીનો વ્યય પરોક્ષ પ્રકારે અ
અપરોક્ષનો અપરોક્ષ રીતિએ વ્યય જ્યા
કરવામાં આવે ત્યારેજ તેનું ખરૂં સુ
સમજાવા પામે છે. આપણે ચા પીવા
કાચના રકાબી પ્યાલા લાવીએ અને તે એ
ડઝનના રૂપીઆ ચારે ખરીદીએ તો ધારો
તેના બનાવનારને રૂપીઓ એક મળ્યો, અને
તે રોજ ફોડીનાંખી રોજ નવા લાવીએ તે
પ્યાલા રકાબીના બનાવનારને નફો થાય અ
તે ધંધો ખીલે પરંતુ તે ખરો વ્યય કહેવા
નહિં. કારણ કે જેની સ્થિતિ રોજ પ્યાલ
રકાબી ખરીદવા માટે રૂપીઆ ચાર ખર્ચવા
છે તેનો દૈનિક વ્યય જો ભિન્ન ભિન્ન
વસ્તુઓ ખરીદવામાં કરવામાં આવે તો અને
પ્રકારના ઉદ્યોગને સાહ્યતા મળે.

**દેશની આબાદી તે જેમ વ્યાપારથી છે**
**તેમ વ્યાપારને વધારનાર તે ભિન્નભિન્ન**
**પ્રકારની મેહનત છે. એક દેશના લોકો જ્યારે**
**બીજા દેશમાં જઇને વસવા પામે છે ત્યારે**
**તે નવો વસાયલો દેશ ઘણું કરીને વધુ**
**સુધરેલો થવા પામે છે. કારણ કે ત્યાં આ-**
**વીને વસનારાઓ પોતાને મળેલા અનુભવ**
**દ્વારા ઉત્તમ રીતની વ્યવસ્થા કરે છે. અમે-**
**રિકાનો ઇતિહાસ જોતાં સહજ જણાશે કે તદન**
**જંગલી સ્થિતિના દેશને ત્યાં આવીને વસના-**

રાજાઓએ પોતાની જન્મ ભૂમિના શ્રેષ્ટ ભાગ કરતાં વધુ ઉત્તમ બનાવી સર્વોત્કૃષ્ટ કીધો. હિંદમાં આપણે નજર કરીએ તો અંગ્રેજોએ પોતાનું થાણું મદ્રાસમાં નાંખ્યું અને પછી કલકત્તામાં રાજ્યધાની સ્થાપી. આપણને સહજ રીતે જણાય છે કે મદ્રાસ કરતાં કલકત્તા વધુ સારૂં છે. તે પછી મુંબઇ બંધાયું તો તેના રસ્તા કલકત્તાના આંતરિક ભાગ કરતાં વધુ સારા છે. કોલંબો મુંબઇ પછી થયું તો મુંબઇ કરતાં જેમ ચઢીયાતું છે તેમ કોલંબો પછી બધાયલું રંગુન બધાં કરતાં વધુ શ્રેષ્ટ છે. મુંબઇને સુધારવા માટે શહેર સુધારા સમાજ (City Improvement Trust) મુંબઈને પચીસ વર્ષ બાદ કેવું ઉત્તમ બનાવશે તેનો ખ્યાલ માત્ર રંગુન જોવાથી આવી શકે એમ છે. પરંતુ બર્મા પછી મુંબઇને સુધારવામાં આવતું હોવાનું ભવિષ્યમાં મુંબઇ બર્મા કરતાં ઉત્તમ થવા પામે એમાં નવાઈ નથી. અને આ રિતીએ મજુરીના અંગભૂત રૂપે માહિતગારી, દેશાટણ, અવલોકન વગેરેનો પણ સમાવેશ થાય છે. આ બધું સાધન પેદા કરનાર એ મુંડી અથવા થાપણ, કિંવા ભંડોળ છે, જે આપણે હવે પછી જોઈશું. દરમ્યાન જમીન અને મહેનતને અંગે રહેલા વિભાગો તરફ દષ્ટિ નાંખીશું.

# પ્રકરણ ૩ જું.

## ભંડાળ, થાપણ અથવા પુંજી.

જન સમાજની સંપત્તિને ઉત્પન્ન થવાનું સ્વાભાવિક અને પ્રત્યક્ષ પ્રમાણે દેખાઇ આવતું કારણ તે ઉત્પાદન કિંવા ઉપજ ક્યારે જણાશે કે **જમીન** તેમજ **મજુરી** અથવા મહેનત અને તેની સાથે મદદ કરનારી વસ્તુ **ભંડાળ** તરફ નજર નાંખીશું ત્યારેજ જણાશે કે આ ત્રણના એકીકરણે સંપતિનું એક અંગ ઉપજ સંભવે છે. માલ અને જનસમાજની રીતિ નીતિનું રક્ષણ કરવા માટે રાજ્યની સ્થાપના, તેની રચના અને વ્યવહાર થાય છે ત્યારબાદ ઉદ્યોગનો વધારો થાયછે અને ભિન્નભિન્ન ઉદ્યોગો અનેક પ્રકારની મહેનત કહેતાં મજુરીને જન્મ આપે છે, અને તે મજુરી અને ઉદ્યોગ જમીન ઉપરજ થઇ શકે છે. તે જોતાં આપણે પહેલાં પ્રકરણમાં જેમ જોઇ ગયા તેમ **જમીન** એ મૂખ્ય, પછી **મહેનત** એ બીજી, તેમ **ભંડાળ** એ તેને મદદ કરનારી અનુક્રમે ત્રીજી વસ્તુ છે. એક વ્યક્તિએ જે પેદા કર્યું અને તે તેના ખપ કરતાં વધુ હોય તો તે બીજાને આપે છે. આ પ્રમાણે અદલાબદલીનો

વ્યવહાર શરૂ થયે વ્યાપાર આપોઆપ ચાલવા માંડે છે, અને તે બાદ તેની યોગ્યતા વિષે વિચાર કરવામાં આવેછે, અને યંત્ર, સંચા, સાહિત્ય ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ ત્વરાએ ખીલવા પામેછે, જે ખીલવવા માટે જે સાધન જોઇએ છે તે ભંડોળ છે.

ભંડોળ એટલે નાણાં એમ સમજવું એ ભુલ ભરેલું છે. કારણકે નાણા એજ ભંડોળ હોય તો પછી ભંડોળ એ સંપત્તિ ઉત્પન્ન કરવાનું સાધન છે એમ કહેવું ખોટું ઠરે. ખરી રીતે સંપત્ત પેદા કરવામાં નાણાં જાતે કશાંએ કામ લાગતાં નથી. પરંતુ સંપતિ પેદા કરનાર જે સાધનોની જરૂર હોયછે તે મેળવવા અને અદલાબદલી કરવા ખાતર સ્વિકારેલી વસ્તુ એ નાણાં હોય છે તેને અંગેજ નાણાંની જરૂર પડેછે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે કે નાણું એ સંપત્તિ નથી તેમજ ભંડોળ એટલે માત્ર નાણાં એમ પણ ઠરતું નથી. નાણાં એ માત્ર મૂલ્ય આંકવાનું માપ છે. આપણે કોઇને પુછીએ કે ફલાણી આસામી કેવી ગણાય ? તો તેના જવાબમાં એમ ઉત્તર મળે કે એ લાખની એનો અર્થ એમ નથી થતો કે તેની પાસે બેલાખ રૂપીઆ ભરી રાખેલા છે. પરંતુ તેની પાસે જે સંપત્તિ છે તેનો મુસારો બેલાખ રુપીઆ જેટલો થવા જાયછે. અર્થાત કે નાણું

એ ગણના કરવાનું અને વિનિમય (અદલા-બદલી) કરવાનું ઉત્તમ તેમજ સર્વ પ્રજાએ અને દેશે સ્વિકારેલું સાધન છે.

આધુનિક લડાઇ તરફ દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે નામદાર અંગ્રેજસરકાર દરિઆ ઉપર પેતાનું સર્વોપરિ બળ બતાવી શકી છે તેનું કારણ નામદાર સરકાર પાસે રહેલો બળવાન કાફલો છે. હવે એક વખ્તે એમ ધારીએ કે આ કાફલો ઉભો કરવા માટે નામદાર સરકારને જેટલો ખર્ચ થયો હશે એટલું નાણું ત્રીજોરીમાં જો સંગ્રહી રાખ્યું હોત તો તે તેને બદલે કામ લાગત ખરૂં ? એક દેશમાં દુકાળ પડે અને કોઇ પણ સ્થળે દાણાનો એક કણ પણ ન મળે, અને બીજા દેશ જોડે વ્યવહાર ન હોય કે ત્યાંથી દાણો આવી શકે, તો શું ત્યાં રહેલું અઢલક નાણું લોકોનો જીવ બચાવવા ખાવાના ઉપયોગમાં આવે ખરૂં? આટલા માટે ભંડોળનો ખરો અર્થ શો થાય છે તે જાણવાની આવશ્યકતા છે.

ભંડોળ કોને કહેવાય? મેળવેલી વસ્તુનો જે ભાગ ભવિષ્યમાં વધુ વસ્તુ મેળવવા અને તે સંપતિ ઉત્પન્ન કરવા અથવા સંપતિમાં વધારો કરવાના કામમાં આવે અથવા પાસે તે માટે બચાવેલો જે ભાગ હોયતે.

આપણે ઉપર જોઇ ગયા તેમ અદલા બદલીની ઉપયોગી વસ્તુ તે નાણું છે અને તે

નાણું અમુક પ્રમાણમાં દરેક દેશમાં રહેલું હોય છે. હવે અમુક વ્યક્તિ પાંસે એમ ધારીએ કે એક હજાર રૂપીઆની પુંજી છે અને એક હજાર રુપીઆની જમીન છે. જમીન ઉપર રહી તે હજાર રૂપીઆમાંથી પોતાના ગુજરાન માટે ખર્ચા કરે તો લાંબો વખત સુધી ચાલે નહિ કારણ કે હજાર રૂપીઆ તેમ થતાં ખલાસ થઇજાય. હવે તેને બદલે તે હજારે હજાર રૂપીઆ એક વખત સામટા ખર્ચી તે વડે યંત્રો મંગાવી અને મજુરી માટે ખર્ચી જમીન ઉપર નવીન પ્રકારનો હુન્નર કરે અથવા જમીનમાં ખેતી ચલાવે તો તેને તેનો બદલો દીર્ઘકાળ સુધી મળતો રહે. વળી તે બદલામાંથી થોડું ખર્ચી થોડું બચાવે તો તે પાછું જમીનમાંજ ખર્ચવાથી જમીનમાંથી વધુ નફો મેળવી શકાય અને વળી તેને અંગે જૂદા જુદા મજુરોને પણ રોજી આપી શકાય. જમીન, મહેનત અને ભંડોળના એકીકરણે જે ઉપજ થઇ તે સંપતિ કહેવાઇ, અને તે વ્યક્તિ જમીન અથવા હુન્નરની કમાણીને અંગેજ સંપતિદાર કહેવાયો. આપણે સાધારણ રીતે વિચાર કરીએ તો જણાશે કે રૂનાં બીયાં વાવ્યા પછી તેનાં ઝાડ ઉગે, દીડવાં નીકળે અને પછી તેમાંથી રૂ કાઢી તેને કાંતી કાપડ બનાવવામાં આવે અને તે સિવડાવી આપણે પહેરીએ તેની વચ્ચે

કેટલા મહિના નિકળી જાય? એટલો વિચાર સહજ કલ્પના કરાવશે કે કર્મકારો જે ચીજ પેદા કરવા માટે કામે લાગ્યા હોય તેના જ ઉપર તેઓથી ટકી શકાય નહિ, એટલા માટે તે ચીજ ઉત્પન્ન કરે તેના ઉપર જે મહેનત લાગે, અથવા તે મજુરી ખર્ચે તેના પ્રમાણમાં તેને ખાવા માટે બદલો મળવો જોઇએ, અને તે બદલો, તે મજુરને, અમુક વ્યક્તિએ પહેલાંથી ઉત્પન્ન કરી રાખેલાં દ્રવ્યમાંથી મળે છે, અને તે દ્રવ્ય તેજ ભંડોળ છે.

ચાલુ કાળમાં આવા મહેનતાણાં બદલ જેમ નાણું આપવામાં આવે છે તેમ અસલના જમાનામાં ખેડુતો પોતાના મજુરોને આગલા વર્ષે પેદા થયલું અને તેમાંથી સંગ્રહી રાખેલું અનાજ આપતા હતા, તે જોતાં હાલમાં જેમ નાણું એ ભંડોળની જગ્યા સાચવે છે તેમ અનાજ એ પણ ભંડોળ હતું. ખરી રીતે સોનું, રૂપું, ત્રાંબુ, કાસું કે નિકલ કોઇ પણ ધાતુ કોઇ પણ વ્યકિતનું પેટ ભરવાના કામમાં આવતી નથી. પરંતુ તેના વિનિમયથી ખાવા માટે અનાજ અને પહેરવા માટે લુંગડાં મળે છે, એટલા માટેજ તેની જરૂર રહે છે. જો તે આપવાથી તેને બદલે અન્ન પાણી વગેરે જીંદગી ટેકવવાનાં સાધનો ન પ્રાપ્ત થતાં હોય તો નાણાંને કોઇ સંગ્રહેજ નહિ. આના ટેકામાં મીસીસ ફોસેટ એક ઉદાહરણ નિચે મૂજબ આપે છેઃ—

"એક વખ્તે એક લશ્કરે પારકા મુલકમાં જઈને ત્યાં આગળનાં શહેરને ઘેરો ઘાલ્યો અને તેથી ત્યાંનાં લશ્કરને નાસવું પડ્યું. નાસવા માટે તે લશ્કર એવું તો સકંજામાં આવી ગયું હતું કે જેમ બને તેમ સાથે ઓછો સામાન રાખવાની જરૂર પડી હતી. આથી ભાર ઓછો કરવા તેઓએ નાણાંની પેટી નાંખી દીધી. થોડાક અણુસમજુ સિપાઇઓએ પૈસાદાર થવાના વિચારથી તેમાંથી પૈસા કાઢી પોતાનાં સઘળાં ખીસાં ખીચોખીચ સોનાની મહોરોથી ભરી દીધાં. દુશ્મનના મુલકમાં તેઓ પાસેથી નાણું લઇ તેના બદલામાં કોઇ તેઓને કશુંએ આપે એવું નહોતું અને તેથી આખરે તેઓને નાણાંનો ભાર બહુ લાગ્યો અને છેવટે કંટાળીને તે નાણાં ફેંકી દેવાં પડ્યાં. ઉલટો તેથી એટલો ગેરફાયદો થયો કે નાહકનો ભાર ઉચકીને નાસવાની હેરાનગતિ ખેંચવી પડી."

છતાં મજુરી ભંડોળમાંથી અપાય છે અને તેથી ભંડોળનો વ્યય થાય છે એવું પણ નથી. મી૦ હેનરી જયોર્જ નામના ગ્રંથકર્તાએ "પ્રોગરેસ એન્ડ પોવર્ટી" (Progress & Poverty) નામનાં પુસ્તકમાં જણાવ્યું છે કે મજુરીથી જે વધુ મૂલ્ય ઉપજે છે તે મૂલ્યમાંથી મહેનતાણું આપવામાં આવે છે. એક હિરાનો પાસા પડ્યા વિનાનો પથરો લઇએ

જેની કિંમત બે રૂપીઆ પણ નહિં થાય. તેને પાસા પાડી બરોબર ઘસવાના સો રૂપીઆ અપ્યા બાદ હિરાની કિંમત પાંચસો રૂપીઆ થઇ. તે જોતાં જે મજુરી થઈ તે મૂલ્ય વધારવાને અંગે હતી. આથી સમજાશે કે મજુરોને મહેનતાણું આપવા તરફ વ્યય કરવામાં આવ્યો હોય, તો તે તોટો નથી પણ તે વસ્તુનાં મૂલ્યમાં વધારો છે. એક વેળા સંપત્તિ ઉભી કરવી એજ દોહીલું છે, જ્યારે તે પેદા કરવામાં આવી ત્યારે તેને બમણી કે ચારગણી કરવાનું કાર્ય તેટલું ભારે હોતું નથી. આપણે એમ ધારીએ કે એક હજામને હજામત કરવાની સારી દુકાન (Hair Cutting Saloon) કાઢવી છે અને તેનો ખર્ચ પાંચસો રુપીઆ લાગે છે. તો તે પાંચસો રૂપીઆ પાસે ન હોય ત્યાં સુધી તેણે તેના પિતા તરફથી વારસામાં મળેલી ઢાપતીને ખાંધે લઇને ઘેરઘેર ફરી હજામત કરવી પડશે. ત્યારબાદ જ્યારે પાંચસો રૂપીઆ ભેગા કરે અને દુકાન કાઢી સારો નફો મેળવી શકે ત્યારેજ તેની દુકાન. દુકાનનું રાચરચીલું, અરીસા, કાતર, સાબુ, વગેરે સર્વસ્વ સામાન તેની સંપત્તિમાં લેખાય; અને ત્યારબાદ તેમાંથી થતો નફો કરકસરથી ખર્ચે અને બાકીનું બચાવેલું થોડું થોડું સંપત્તિમાંજ નાંખતો રહે તો તે પોતાનો ઉદ્યોગ વધુ ખીલવી શકે તેમજ બીજાને પણ ફાયદો કર્તા થાય.

ભંડોળ બીજી કઇ કઇ રીતિઓએ મદદ લાગે છે? ભંડોળની પુંજી ઉપજ કરવામાં જે સાહ્યતા આપે છે તે થકી, માત્ર કર્મકારોનું પોષણ કરવા માટેજ નહિં પરંતુ ભવિષ્યમાં ઉપજ કરવા માટે ઉપર કહી ગયા તેમ મુડી મકાન, યંત્રો, વગેરે જે જે જોઇએ તે બધામાં કામ લાગવું જોઇએ. આનો પ્રત્યક્ષ દાખલો કોઇ પણ ગીરણી ( Mill ) નો વાર્ષીક હિસાબ જોવાથી મળશે, કે વર્ષમાં થયેલા નફામાં ભાગીદારોને પ્રમાણસર નફો વેહેંચી કયારે આપવામાં આવે છે કે જયારે સંચાકામ, મકાન, વિમો વગેરે ભિન્નભિન્ન કાર્ય માટે ભંડોળનો વ્યય કરી દરેક વસ્તુના ભંડોળમાં તેમાંથી વધારો કરવામાં આવે અને ભવિષ્ય માટે બાકી રકમ સિલક લઇ જવામાં આવે ત્યારેજ. આના ટેકામાં જાણીતો અર્થ શાસ્રી મીલ કહે છે કેઃ—" ઉપજ કરવામાં પુંજીની મદદ અને કામપુરતો તેથી મળતો ટેકો, રક્ષણ અને હથીઆર, તેમજ દરેક સાહિત્ય માટે વ્યય કરવા જેટલું જેમાંથી આપવામાં આવે અને તે ઉપરાંત પાછું તે કાર્ય મહેનતાણું આપી ચલાવી શકાય એટલી અવશ્યકો પ્રથમથી પુરી પાડવા માટે જે ચીજની યોજના કરવામાં આવી હોય તેજ ભંડોળ.

વસ્તુના ખપ પુરતો મહેનતાણાનો આધાર હોઇ શકતો નથી. ઉપર સમજાવવામાં

આવ્યું કે જેટલું ભંડોળ સાહિત્ય ભેગું કરવામાં વાપર્યું હોય ને ભંડોળ ગણાય નહિ પણ તેની તે થકી નવીજ ઉપજ કરવા માટે વાપર્યું હોય તેજ ભંડોળ છે. એક માગી કોઇ એમ કહે કે દ્રવ્યથી વૈભવની વસ્તુઓ લેવામાં આવે છે તેથી અમુક પ્રકારની મહેનતને ટેકો મળે છે. અલબતાં તેથી ટેકો મળે છે પણ તે ટેકો નજીવો છે. એક વ્યાપારીને પ્રત્યેક વર્ષે ૫૦૦૦ હજારનો નફો થાય છે તે સંગ્રહી દસ વર્ષે તેણે ૫૦૦૦૦ હજારનો એક હિરો લીધો તેથી હીરાના વ્યાપારીને ફાયદો થયો પરંતુ તે વ્યાપારી દર દસ વર્ષે હિરો ખરીદશેજ એવું હોઇ શકતું નથી. તેને બદલે તેણે ૩૦૦૦ દર વર્ષે પોતાના ધંધામાં રોકી પોતાનો ઉદ્યોગ ખીલવ્યો હોતતો પ્રત્યેક વર્ષે જે ૫૦૦૦ હજારનો નફો કરતો હતો તે તે વધારવા પામ્યો હોત અને તેને લીધે વધુ પ્રમાણમાં મનુષ્યોની રોજી વધી હોત. છતાં હિરો વેચવા જાય ત્યારે તેની કિંમત ઉપજતી હોવાથી તે પૈસા નકામા ખર્ચાયલા હતા એમ કહેવાય નહિ; પરંતુ હિરા રૂપે તેની સંપત્તિમાં તે પુંજી રહેવા પામી છે. એક પચાસ રૂપીઆ કમાનારો કારકુન દર માસે ચાર રૂપીઆની કાગળની બીડીઓ (Cigrettes) ખરીદી તે ફુંકી તેનો ધુમાડો કાઢવામાં ખર્ચે તો તેથી બીડી બનાવનારને રોજી જાગે છે, પરંતુ તે ચાર

રૂપીઆની બીડીઓ ફુંકવામાં ન ખર્ચ્યા હોત તો શું થાત? બીડી બનાવનાર ખપ ઓછો થવાથી તે પ્રમાણમા પોતાનો ધંધો ઓછો કરત, અને ઉભય વ્યકિતઓ પાસે રહેલી વધારાની રકમ એવે સારે ઠેકાણે વાપરી શકાત કે તેથી જેમ તેઓને તેમજ અન્યને વધુ નફો મળત. ઘણા લોકોના મનમાં એમ હોય છે કે વૈભવના પદાર્થો લેવામાં થતા ખર્ચથી વ્યાપારને ટેકો મળે છે. આ ધારવું કેટલે દરજ્જે ખોટું છે તે ઉપલા દાખલાથી જણાશે. વૈભવના પદાર્થો વાપરવાથી મજુરિઆત વર્ગને બીલકુલ ફાયદો થતો નથી અને તેવા પદાર્થો ખરીદનારાઓના પૈસા ખેતી-વાડી અથવા ઉદ્યોગમાંથી કમાણી કરવાના ઉપયોગમાં આવતા અટકતા હોય તો તેથી તે ધંધાને અને તેના કર્મકારોને બમણું નુકશાન છે. કારણ કે પ્રથમ તો જેટલી રકમના વૈભવના પદાર્થો ખરીદવામાં આવ્યા હોય તેટલી રકમ મુસારાના ભંડોળમાંથી કમી થવા પામે છે, અને તે બાદ બીજું એકે દ્રવ્યની ઉપજ અને તેથી કરીને ભંડોળનું તૈયાર થવું અટકે છે. આ વસ્તુના ઉંડાણમાં જ્યારે આપણે જઇએ ત્યારે જણાશે કે સ્વદેશી વસ્તુનું પોષણ કરવું એ જેટલી આપણી ફરજ છે તેટલી વિદેશી વસ્તુ ખરીદવામાં આપણી અધમતા છે. પાંચ રૂપીઆ વિદેશી કાપડમાં ખર્ચવાથી તે પૈસા ગયા અને તેથી આપણો દેશ

એટલો ધનસંપત્તમાં ઓછો થયો અને તેટલો ઉદ્યોગ વધારવાનું વિદેશને સાધન પ્રાપ્ત થયું. એટલીજ રકમ સ્વદેશી કાપડ ખરીદવામાં ખર્ચવામાં આવેતો આપણો હુન્નર ખીલે અને તેના પ્રમાણમાં ધન સંપત્તિની આબાદી તેવીજ રહેવા પામે. આ ઉપરથી આટલું તો પુરવાર થાય છે કે મુડી તે ખર્ચનું નહિ પણ ઉગારાનું ફળ છે. (ઑાન.) મી૦ ચીમનલાલ સેતલવડ આના ટેકામાં નિચે મુજબ ઉદાહરણ આપે છે:—

"એક મોટા ગામની ચોરાશી જમાડીએ તો સહેજે ૧૦૦૦ મણ લાકડાં બળે. એટલા માટે એટલાં લાકડાં પુરતું દ્રવ્ય વ્યર્થ ગયું. તેમાંથી માત્ર ફળ એટલુંજ મળ્યું કે કેટલાક બ્રાહ્મણો મિષ્ટાન ઝપાટી ઘડીએક ખુશ થયા. હવે જો એટલાંજ લાકડાં કોઇ સંચામાં અથવા પૈસા બીજા કોઇ ધંધામાં વાપર્યા હોતતો તેમાંથી ઉત્પાદક ફળ પ્રાપ્ત થાત. સઘળા અનુત્પાદક વ્યયથી દેશની મુડી ઘટે છે અથવા તો તે વધતી અટકે છે. ભીખ આપવાથી કર્મકારોને ફાયદો થતો નથી, પણ દ્રવ્યના ઉત્પાદક વ્યયથી દેશની મુડી અને તેથી મુસારાનું ભંડોળ વધે છે, અને તેથી કર્મકારોને ફાયદો થાય છે."

ભંડોળ એ ઉપજનું ફળ છે તેથી તેને એકઠું કરવાથી દેશની આબાદી થશે એમ

પણ ધારવું નહિ. ખરી રીતે ભંડોળ કાર્ય કરવા માટે બરોબર ખર્ચાવું જોઇએ. સંપતિનો જે ભાગ ઉપજમાં મદદ કરવા લાગ્યો હોય તેજ ભંડોળ; અને તેની બરોબર વ્યવસ્થા થવી ઘટે છે. એક ઠેકાણે પડી રહેલું નાણું મનુષ્યને કે દેશને કોઇને પણ લાભ કરતું નથી. જે માણસની પાસે પોતાને જોઇએ તે કરતાં વધુ નાણું હોય, અને તે પોતાની ત્રીજોરીમાં રાખી મુકે અથવા જમીનમા ડાટી રાખે તો તે નાણું એટલુંજ રહેછે વધતું નથી; પણ તે ચોરાઇ જવાનો સંભવ રહેછે. તેને જુદા જુદા ભાગમાં વહેંચીને ભિન્ન ભિન્ન સ્થળે વાપરવામાં આવ્યું હોય તો તે વ્યાજ આણે છે, અને તે આધારે બીજા હુન્નરોને પુષ્ટિ મળે છે, અને તેથીજ દેશની ખરી આબાદી વધે છે. પરમેશ્વરની નજરમાં દરેક વ્યકિત સરખી છે, અને કુદરતનો કાયદો એવો નથી કે એક વ્યકિતએ નાણું ભેગું કરી તેનો જમાવ કરી અન્યને તેનો લાભ મળતો અટકાવવો. આવી રીતે લાભ અટકાવનાર મનુષ્યોને એટલા માટેજ હિંદુશાસ્ત્રકારોએ કુંજરા, અથવા આપસ્વાર્થીનાં વિશેષણો આપ્યાં છે, અને તેવા મનુષ્યોની સદ્‌ગાત નથી થતી એમ જે આ લેખવામાં આવ્યું છે, તેનો પણ ખરો અર્થ એજ થાય છે કે તેવાં મનુષ્યો અન્યના લાભ દાબી ક્ષણિક સુખ ભોગવે છે જે ન્યાયની નજરે વાજબી નથી. આવાં કારણોને લીધે વ્યાપારમાં

ભંડોળ અનેક પ્રકારની મુડીમાં રોકાયછે અને નતો બે મુખ્ય વિભાગ જંગમ મુડી અને સ્થાયી મુડી છે.

જંગમ મુડી અથવા સ્થિર પુંજી એ છેકે એક જમીનના માલેકને જે પેદાયશ થાય છે, તેમાંથી સિલક રાખીને તે પોતાની સંપત્તિ વધારતો રહેછે. આવી સંપત્તિના વિભાગોમાં ગીરણીઓ, ખેતરો, કોઠારો, વખારો, શિલ્પ કામ, કારીગીરી. મુદ્રાલય, યંત્રાલય વગેરેનો સમાવેશ થાયછે. આની વ્યાખ્યા આપતાં મીલ કહેછે કેઃ—" જે ભંડોળની ઉપજમાં તેને કરવાનું કાર્ય એકજ વારમાં પુર્ણ થાયછે તેજ જંગમ કિંવા સ્થિર મુડી સમજવી."

**સ્થાયી અથવા ફરતી મુડી.** હવે જમીન, ઘર, યંત્ર, સાહિત્ય અથવા કસબોનાં સંચાઓમાંથી જે પેદા થાય છે અને ત પેદાયશ જ્યારે ફરતી રહેછે અને તેને અંગે ઘણા જનોને મળતર થાયછે ત્યારે તે ફરતી મુડીના સ્વરૂપમાં આલેખાય છે. કાર્ય કરનાર જે વસ્તુઓ ઉત્પન્ન કરેછે તે વેચાઇ રહ્યાબાદ તેની નાણાંતોળ જેથી પ્રાપ્તિ થાય અને તેવાં કાર્ય કરનારાઓનાં ગુજરાનાર્થે જે ભંડોળ ઉભું કરવામાં આવ્યું હોય તેજ ફરતી મુડીછે.

મજુરોના ગુજરાનાર્થે અને ઢોરોનાં પેટને કાજે જે અવેજ લાગે તેજ ફરતી પુંજી કહેવાય. મજુરોના અને ઢોરોના પેટને અર્થે જે લાગેછે તે પ્રથમ જતું રહીને પુનઃ તે ઉત્પન્ન કરેછે એટલે તે થકી જે પુનઃ પ્રાપ્તિ થાયછે તેથી તેને ફરતી પુંજી કહી શકાય. પરંતુ ઢોરોની જે કિંમત આપી તે સ્થિર પુંજી કહેવાય.

પ્રત્યેક વ્યકિતના સરખા હક સ્વિકારવાનો સુધરેલો જમાનો શરૂ થયો ત્યારથી ગુલામો વેચાતા લેવાનો પ્રચાર નષ્ઠ થયો. પરંતુ આગલા જમાનામાં જે ગુલામો રાખવામાં કિંવાં ખરીદવામાં આવતા હતા તે પણ ઉપર કહી ગયા તેમ ઢોરોની પંકિતમાં આવતા હતા. એટલે કે તેઓના ઉપર ખર્ચવામાં આવેલી રકમ તે સ્થિર પુંજી જ હતી. આટલાં વિવેચન પછી આપણને સહજ સમજાશે કે પડત જમીનનું ખેડાણ કરવું, બીજ વાવવાં, રૂ ઉગાડવું, વાડ બાંધવી, નહેર ખોદીને પાંણી લાવવું અને જમીન ઉપર પેદાયશ કરવા કાજે જે પૈસો વાવરવો તે સ્થિર પુંજી છે. તે સિવાય તેના ઉપર મજુરી, પાકને સુધારવાનાં સાધનો વગેરે માટે જે ખર્ચાય છે અથવા સરકારને ઠેકો ભરવામાં આવે છે તે ફરતી પુંજી છે. આપણા દેશના અભણ લોકમાં એવું માનવામાં આવે છે કે યંત્રોથી કાર્ય કરવાથી મજુરોની કમાણી બુડે છે પરંતુ એ ભુલ ભરેલું છે. ઇગ્લેંન્ડમાં જયારે પ્રથમ મોજાં બનાવવાનું

યંત્ર ચાલુ કરવામાં આવ્યું ત્યારે હાથે મોજાં બનાવનારાઓ પોતાની આજીવીકાનાં સાધનો ડુબ્યાં એવું માનવા લાગ્યા. પરંતુ ખરી રીતે જોતાં આથી મોજાં જલદી તેમજ સારાં થવા લાગ્યાં અને વળી તે સસ્તાં થવા લાગ્યાં. માત્ર જેઓ શ્રીમંત હતા તેજ મોજાં પહેરતા તેને બદલે સઘળાં સાધારણ મનુષ્યો પણ મોજાં વાપરવા લાગ્યાં, તેથી તેની ખપત વધી અને તેથી મોજાં બનાવવાના સંચાઓ અનેક ઠેકાણે મોટા વિસ્તારમાં વધવા લાગ્યા. આથી જેઓ હાથે મોજાં બનાવતા તેઓની જ નહિં પણ મોટા પ્રમાણમાં બીજાઓની મજુરી વધી એટલુંજ નાહિં પણ મોજાં માટે સુતર ઉન વગેરે કાંતીને તૈયાર કરનાર અને તેને અંગે રૂનો અને ઉનનો વ્યાપાર કરનાર બધાઓનો અનુક્રમે વધારો થયો. મુંબઇમાં જે ગીરણીઓ છે તેથી કેટલા મજુરોને હજાર મજુરીની રોજી મળે છે? જો બધી ગીરણીઓ બંધ કરવામાં આવે તો શું બધા મજુરોની સ્થિતિ એવી છે કે પોતાની પુંજીમાંથી સાલ લાવી તેને પોતાની અક્કલાનુંસાર માલ બનાવી પોતાનું ગુજરાન કરી શકે? મુંબઇ ઇલાકાના વતનીને આ વસ્તુ દ્રષ્ટિ મર્યાદામાં હશે કે ગુજરાતના પાટનગર અમદાવાદમાં જ્યારે સ્વર્ગસ્થ માધવલાલ રણછોડલાલે પ્રથમ ગીરણી કાઢી ત્યારે ત્યાંના લોકો કહેતા હતા કે તેથી ગરીબોની રોજી ડુબશે, રાંડીરાંડો રડશે,

કાંતનારાઓ કંગાળ થશે, વણકરો પોક મૂકશે. પરંતુ આપણે જોયું કે તે ભ્રમજ હતો. ત્યારબાદ અમદાવાદમાં બીજી અનેક ગીરણીઓ થઇ અને તે વખતમાં અમદાવાદની જે આબાદી હતી તેના કરતાં હમણાં હજાર ગણી વધુ થવા પામી છે.

ઉપર કહ્યું તેમ જ્યાં આગળ જમીન, મહેનત, અને ભંડોળ એ ત્રણનાં એકીકરણે સંપત્તિ વાળો દેશ બને છે ત્યાં મોટાં મહાભારત કાર્યો કરી શકાય છે. નદીઓ ઉપર પુલ બાંધીને તે ઉપર આગગાડીનો વ્યવહાર કરી શકાય છે, ડુંગર ખોદી બુગદા બનાવાય છે અથવા માથેરાનની માફક રસ્તા બનાવાય છે, નદીઓમાંથી પાણી લાવવાની નહેરો બાંધી શકાય છે, મોટાં શહેરોમાં છેક સાતમે માલે ઉપર જઇને પડે એમ પાણી ચઢાવવા માટે મોટાં તળાવો બંધાય છે. ત્યારબાદ જ્યારે અમુક દેશ તેનાં કાર્યમાં પ્રવિણ બને છે ત્યારે તે પોતાની ઉપજ માટે પ્રખ્યાતિ પામે છે. વિલાયતનો દાખલો લઇએ. મેનચેસ્ટર ઉતમ પ્રકારનું કાપડ બનાવવા માટે પ્રખ્યાત છે. શેફીલ્ડમાં જેવી કટલરી (છરી, કાંટા વગેરે લોખંડની વસ્તુઓ) બને છે તેવી અન્ય સ્થળે બનતીજ નથી. લીડસમાં સકલાત બને છે. બર્મિંગહામ લોખંડનો બીજો સમાન પાવડા, કોદાળી, બાલદી વગેરે બનાવવા માટે પ્રખ્યાત છે. જે સમયે દુનિયાની બરોબરી-

માં હિંદુસ્તાન દેશ સંપાતવાળો હતો ત્યારે તેનાં સઘળાં શહેરો પોતાની ખાસ ઉત્પતિ માટે પ્રખ્યાત હતાં. કવિ દલપતરામ ડાહ્યાભાઇએ તેનું વર્ણન કરનારી જે કવિતા તે વિષે લખી છે તેમાં તેનો ભાસ થાય છે. (જુઓ પરિશિષ્ટ અ.) આવાં મહાભારત કામો પ્રજાની સામટી દોલતે કરી શકાય છે. દેશનાં સ્વજનોને ઉતમ ચીજો મળે તે પેદા કરવા માટે સઘળાઓની અમુક મુડીથી ઉદ્યોગ ખીલવવાની પ્રથા પાશ્ચાત્ય દેશોએ જે શરૂ કીધી તે "જોઈન્ટ સ્ટોક કંપનીયો" કહેતાં સહિયારાનાં ભંડોળની સંસ્થાઓનું અનુકરણ આપણે હવે કરતાં શિખ્યા છીએ. ત્યારબાદ તેથી આગળ વધીને કાર્ય ઉત્પન્ન કરવાના અને કાર્યના પ્રમાણમાં સર્વને લાભ મળે એવું કરવાનો જમાનો પેદા કરનાર ઇંગ્લૅન્ડનો પ્રખ્યાત અર્થ-શાસ્ત્રી રોકડેલ હતો. એક સાધારણ ચાની દુકાન કાઢી તેમાં ભાગ લેનારા સઘળાઓને પોતાનાં ખાસ મુલકના અને આગગાડી, વ્યાપાર વગેરેના સરખા ધણી બનાવનાર તેજ હતો, અને તેણે પોતાના "રોકડેલ પાયોનિયર્સ યુનિઅન" નામનાં પુસ્તક દ્વારા સિદ્ધ કરી આપ્યું છે. તેમજ તેને ગતિમાં મુંકી કરી દેખાડયું છે કે Co-operation. સાહ્ય કારીત્વથી તેના કરતાં વધું લાભ મેળવી દેશની સંપત્તિમાં વધારે ફાયદો કરી શકાય છે.

હવે જમીન, મહેનત અને ભંડોળ ને અંગે પેટા વિભાગો દ્વારા કેવી રીતે ઉપજ નિપજી સંપતિ બને છે તેનો કોઠો આપણે જોશું અને તે રીતિએ ઉપજ જે સંપત્તિનું મુખ્ય એક અંગ છે તેનું વિવેચન અમે પૂર્ણ કરીશું.

– –

## પ્રકરણ ૪ થું.

### દ્રવ્યની અદલાબદલી.

—(*)—

કોઈ પણ પ્રકારના માલ અથવા મિલકત હોયા વિના અદલાબદલી હોઈ શકે નહિ. સટો રમવામાં માલ મિલકતની અદલાબદલી જોકે નથી કરવામાં આવતી, પણ અમુક વસ્તુનો ભાવ ભવિષ્યમાં વધશે કે ઘટશે એવા આધારેજ ભવિષ્યની મુદ્દતનું કામકાજ કરવામાં આવે છે, અને તે મુદત જ્યારે પાકે–એટલે કે આવી રહે–ત્યારે જે વસ્તુ ઉપર કામકાજ કરવામાં આવ્યું હોય તેના તે સમયે બોલા ભાવ ઉપર ફેરફારની રકમ ભરવામાં આવે, જે જોતાં ત્યાં ખરા ભાવ અને અટકલવામાં આવેલા ખોટા ભાવો વચ્ચેનો તફાવત અદલાબદલી તરીકે લેવાય છે, જેની ખોટ નાણું અદલબદલ કરવાથી

પુણ થાય છે. અદલાબદલી કરવા માટે માત્ર માલમિલકત જ જોઇએ એટલું બસ નથી, પરંતુ તે માલમિલકતના માલીકો જનસમુહ નહિં પણ ભિન્ન ભિન્ન વ્યકિતઓ અને વર્ગો હોવા ઘટે છે. કારણ કે જો બધાજ તેના માલિક હોય તો પછી તે ચીજની અદલાબદલી થાયજ કેમ કારણ કે બધા તેના સરખા હકદાર છે. આપણી નજર સમક્ષ રહેતો દુનિઆનો વ્યવહાર જોશું તો જણાશે કે કોઇ લક્ષાધિપતિ અને કોઇ કંગાલ ભિખારી હોય છે. તે એટલે સુધી કે કોઇને જોઇએ તે કરતાં પણ વધારે અને Fortune favours fools અનુસાર મૂર્ખ કને પૈસો ત્યારે અકકલવંત કેટલાં માણસોને નિર્ધન અવસ્થામાં–ખાવાનાં પણ ફાંફાં પડે તેવી સ્થિતિમાં–જોઇએ છીએ.

આપણે ઉપર જોઇ ગયા તેમ અદલાબદલીને માટે દરેક વ્યકિતને પોતાની માલેકીની વસ્તુની આવશ્યકતા રહે છે. આ પરિપુર્ણ સમજવા માટે સંપત્તિના નિયમો કે જેને અનુસરીને જુદા જુદા માણસો અને વર્ગો વચ્ચે દ્રવ્ય વહેંચાય છે તે સઘળું 'કિંમત' અને 'ભાવ' ઉપર રહે છે તો તેનું રહસ્ય પ્રથમ જણાવવાની જરૂર છે. માટે આ વસ્તુ એટલે કિંમત ભાવ અને ઉત્પાદન ખર્ચ ને ઉત્પન્ન કરનારાં મુખ્ય ત્રણ અંગો (૧) જે વસ્તુનો સમૂહ નિયમિત હોય; (૨) જે વસ્તુની છત તેમનું ઉત્પાદન ખર્ચ વિશેષ વધાર્યાવિના વિશેષ

કરી શકાય નહિં તે; અને (૩) જેમની છત ઉત્પાદન ખર્ચ વધાર્યાવિના વધારી શકાય તે અત્રે જોવાની આવશ્યકતા છે.

**કિંમત અને ભાવ** (Value & Price). નો ખરો અર્થ તેની વચ્ચેના તફાવત કિંવા સંબંધ જાણવાથી જણાશે.

**કિંમત અથવા મૂલ્ય.**, કોઈ પણ વસ્તુનું મૂલ્ય તેની સાથની બીજી સરખામણીમાં સરખી ઉતરતી વસ્તુ ઉપરથી થઇ શકે છે. એટલે કે અઢી શેર ઘીના બદલામાં પાંચ શેર બટાટા મળી શકતા હોય તો એમ કહીં શકાય કે પાંચ શેર બટાટાનું મૂલ્ય અઢી શેર ઘી. એટલે ચોખ્ખું જણાશે કે ' મૂલ્ય ' શબ્દની શાથે સરખામણીને હમેશ નિકટ સંબંધ રહેલો છે. એટલે કે જયારે એમ બોલીએ કે અઢી શેર ઘીનું મૂલ્ય પાંચ શેર બટાટા ત્યારે એટલું તો પુરવાર થાય છે કે ઘી અને બટેટા વચ્ચે આપણે મુકાબલો કરીએ છીએ.

એકાદી જીનસ પેદા કરવાને જે ખર્ચ બેસે છે, એટલે કે તે જીનસ વેચવા સરખી બનાવવાને જે અવેજ લાગે છે, તે તે જીનસનું આંગમૂલ સમજવું. અને એ આંગમૂલ ઉપરથીજ એ જીનસના સાટાં મૂલનો નિયમ ઠરે છે. તે એવો હોય છે કે એનાં કરતાં સાટાં મૂલ કમી થતું નથી. આ જેના ઉપર છપાયું છે તે કાગળો બનાવવા માટે ઘણી મહેનત

પડી હશે. હવે તે મહેનતના પ્રમાણમાં જો તેના કારીગરોને ન મળ્યું હોય તો તે કાગળો શા માટે બનાવે? જેમાં તેઓને વધુ મહેનતાણું મળે તેવો તેઓ ધંધો શોધે એ સ્વભાવિક છે. એટલા માટે માલ ઉત્પન્ન કરવાને જે ખર્ચ લાગે છે, તે ખર્ચ કરતાં વધારે થવા જેટલી તે માલની કિંમત હોવી ઘટે છે. આમ હોવા છતાં પણ માલની ભરતી અને તેનો ખપ એના યોગ વડે માલની કિંમતમાં હમેશાં ફેરફાર થયા કરે છે; જે આપણે હવે પછી જોઈશું. ઉપર જોઇ ગયા કે હમેશા દરેક વસ્તુને બીજી વસ્તુ વચ્ચે નિકટ સંબંધ હોય છે અને તેને લીધે એકના ખપને લીધે વધેલું મુલ્ય બીજી વસ્તુનું મૂલ્ય ઘટાડે છે. એકનું મૂલ્ય વધવાનું કારણ આંતરસ્થ હોય છે ત્યારે બીજી વસ્તુઓનું મુલ્ય ઘટવાનું બાહ્ય ભલે હોય પણ તેથી મૂલ્યમાં ફેર થાય છે. એક ચીજના મૂલ્યમાં વધારો થયો એમ કહેવું એટલે કે બીજી ચીજોના મુલ્યમાં તેટલોજ ઘટાડો થયો. આપણે એમ કહીએ કે દશ વર્ષ ઉપર બટેટા જેટલા સોંઘા મળતા એટલા આજે નથી મળતા. એટલે એમ કે દશ વર્ષ ઉપર પાંચ શેર બટાટા બશેર ઘીના બદલામાં મળતા તેને બદલે આજે અઢી શેર ઘીના બદલામાં મળી શકે છે. એટલે એમજ થયું કે દશ વર્ષમાં જેટલું બટેટાનું મૂલ્ય વધ્યું એટલું ઘીનું મૂલ્ય ઘટયું.

પ્રાચીન કાળમાં જયારે નાણાં વ્યવહાર નહોતો ત્યારે વસ્તુ વેચવા લેવાનો વ્યવહાર વસ્તુની અદલાબદલીમાં થતો હતો. હજુ ગામડાંઓમાં તેવો ધારો ચાલુ છે. કોળીઓ શાકભાજી પૈસા લઇ ન આપતાં દાણા લઈ આપે છે. અદલાબદલીમાં અથવા વિનિયમની આ રીતને સાટું કહેવામાં આવે છે. આ રીત ઘણી અગવડ ભરેલી લાગી તેથી લોકોને નાણાં વહેવાર ચલાવવો યોગ્ય લાગ્યો. આજ દિને વિલાયતથી અત્રે સો પાઉંડ સોડાખાર મંગાવવો છે, અને તેની અદલાબદલી આપણી તરફના ચાર ખાંડી ઘઉંના સાટાંમાં થઇ શકેછે. હવે મંગાવનાર માણસને સોડાની ગરજ છે પણ મોકલનારને ઘઉંની જરૂર નથી. વળી સોડા મંગાવવો અને તેમજ ઘઉં મોકલવા એના કરતાં તેનું મૂલ્ય નાણાંથી ઠરાવવું એ વધુ સુતરૂ દેખાય છે અને તેવી રીતે નાણાં વ્યવહાર ચાલ્યો, અને તે હિસાબે મૂલ્ય નાણાંની સંખ્યા ઉપરથી ઠરાવવાનું વાજબી લેખવામા આવ્યું છે.

**ભાવ.** કોઇ પણ વસ્તુની કિંમત નાણાંની ગણના સાથે કરવામાં આવે તે **ભાવ.** નાણું એ વસ્તુ એવી છેકે તેની કિંમત થઇ શકતી નથી. અમુક પ્રકારનો ગોળ રૂપાનો સિકકો જે રૂપીઓ કહેવામાં આવે તેની કિંમત સોળઆના ઠરાવવામાં આવી તો તે સોળજ આના રહેવાની. જયારે તેના બદલામાં જે વસ્તુ ખરીદવાની હોય તેની કિંમતમાં ફેરફાર થાયછે અને તે ફેરફાર

તેજ ભાવ છે. પાંચ આનાનું અઢીશેર ઘી પચાસ વર્ષ ઉપર મળતું હતું તે અઢીશેરના આજે પંદરઆના આપવા પડે ત્યારે તે દેખાડી આપે છે કે નાણું તો તેવુંજ અને તે સ્થિતિમાં રહ્યું છે પણ ઘીનો ભાવ વધ્યો છે.

જ્યારે ઘી જેવી વસ્તુના ભાવની આપણે વાત કરીએ ત્યારે તે ચીજ અને કિંમતી ધાતુઓ વચ્ચે આપણે મુકાબલો કરતા રહીએ છીએ. તેથી એતો સ્પષ્ટ રીતે સમજાશે કે બધી વસ્તુઓના મૂલ્યમાં એકજ સમયે સામાન્ય વધારો અથવા ઘટાડો થઇ શકે નહિ, તોપણ બધી ચીજોના ભાવમાં એકજ સમયે વધઘટ થઇ શકે છે. અમુક દેશમાં ફરતાં નાણાં બમણાં થયાં અને જો તે પ્રમાણમાં વસ્તી તેમજ વ્યાપારમાં જો વધારો થાય નહિ તો ચીજોના ભાવમાં સામાન્ય વધારો થવોજ જોઇએ. આ ઉપરથી એમ સાબીત થયું કે ભાવ બમણો કે ત્રમણો થાય તેથી નાણાં સિવાયની બીજી સઘળી ચીજોમાં ફેરફાર થવોજ જોઈએ એવું પણ ઠરતું નથી. જો એમ થાય તો ભિન્ન ભિન્ન વસ્તુઓને એક બીજાના સંબંધ ઉપર કશીએ અસર થઈ શકેજ નહિ. ધારો કે થોડા વખત ઉપર એક મલમલના ૧૦ વારના તાકાના બદલામાં દસશેર ઘી મળતું હતું અને તે વખતે એક મલમલના તાકાના પાંચ રૂપીઆ પડતા અને શેર ઘીના આઠ આના હતા. હવે હાલમાં બધાના ભાવ દોઢા થયા છે અને એક

તાકાના સાડાસાત રૂપીઆ અને શેર ઘીના બાર આના પડે છે, તો પણ એ તો સરખુંજ આવી રહેશે કે, એક મલમલના તાકાના બદલામાં દસ શેર ઘી મળેજ મળે. એટલે ભલે ચીજોનો ભાવ બમણો થયો પણ મૂલ્યમાં ફેરફાર નજ થયો. આ ઉપરથી સ્પષ્ટ સમજાશેકે ભાવમાં સાધારણ ઘટાડો થાય તો નાણાનું મૂલ્ય વધે અને ભાવમાંવધારો થાય તો નાણાનું મૂલ્ય ઘટે. આની વધુ સમજણ નાણાંનું સ્વરૂપ અને વ્યાપારના આગલા પ્રકરણમાં જોવાથી મળશે.

---

## પ્રકરણ ૫ મું.

### નાણાંનો વ્યવહાર

આપણે આગળ જોઇ ગયા કે વિનિમય—અદલાબદલી કરવાનું સહેલું સાધન એ નાણાંના વ્યવહારથી ઉદ્ભવે છે. જે માલ આપવાનો હોય, તેને બદલે આપવા લેવાને કશીએ અડચણ ન આવે એવી કોઇ પણ વસ્તુ પેદા કરવી એવું લોકોને જ્યારે પોતાની સુધરેલી સ્થિતિમાં જણાયું ત્યારે તેઓએ તે સાધન ઉભું કીધું, અને તે ઉપરથી પૈસાનું ચલણ નિકળ્યું. આપણે પ્રાચીન ઇતિહાસ તરફ દ્રષ્ટિ નાંખીશું તો જણાશે કે નાણાંને બદલે મીઠું, તંબાકુ અને કોડીઓ એટલીજ વસ્તુનો વ્યવહાર ચાલતો હતો. જ્યારે લોકો તંબાકુ પીતાં

શિખ્યાં ત્યારે બીડીવાળવાને માટે આપ્તાનાં ઝાડનાં પાંદડાંની આવશ્યકતા લાગી. બધા દેશોમાં આ ઝાડોની ઉત્પતિ નહોતી માટે તે પાંદડાંની કિંમતી વસ્તુ તરીકે ગણના થવા લાગી. માટે લોકો તંબાકુ અને મીઠાને બદલે ઓછા જથ્થામાં આપ્તાના પાંદડાં લઇ જવા લાગ્યા અને તે દેશપરદેશ નાળીએરી પુનમ પછી વહાણુ ચાલતાં ત્યારે ચઢાવવામાં આવતાં આપ્તાનાં પાંદડાંની ખરીદીઓ તે બાદ દશેરાને દિવસે કરવામાં આવતી હતી અને તે બાદ તે સોનાં રૂપે જણાવા લાગ્યાં હતાં. જેમ જેમ લોકો સુધરતી સ્થિતિમાં આવવા લાગ્યા તેમ તેમ તેઓ નાણાંનો વ્યવહાર શરૂ કરવા લાગ્યા. ઘણા પ્રકારના સિક્કાઓ બનાવવા બાદ લોકોને જણાયું કે બીજી ચીજોના જેમ ધાતુનો નાશ કાળે કરીને પણ થતો નથી તે ઉપરથી ધાતુના સિક્કા પાડયા અને તેનું ચલણુ ચાલુ થયું. ધાતુનું ચલણુ વ્યવહારમાં ઘણું પુરાતન છે, કેમકે ગ્રીસ લોકના સમયમાં લોખંડના અને રોમન કાળમાં ત્રાંબાના નાણાં હયાત હતાં. આપણા દેશના પ્રાચિન ગ્રંથોમાં પણ સોનું રૂપું વગેરે ધાતુનું નામ મળી આવે છે. મનુસ્મૃતિમાં નીચે મુજબ લખેલું છે:—

"જે કુળમાં અમુક કર્મ થતાં નહોય, તે કુળ જોકે ગાય, બકરાં, મેઢાં. સોનું, અનાજ એથી કરીને સંપન્ન હોય તો તે કુળની સ્ત્રી દ્વિજન્મે એટલે બ્રાહ્મણે વર્જીત કરવી."

ઇ. સ. ચાલુ થવા પુર્વે ૨૦૦ વર્ષ ઉપર રોમ શહેરમાં સોનાનાં નાણાં પહેલાં પાડવામાં આવ્યાં હતાં. અને તેની અગાઉ ૬૫ વર્ષ ઉપર રૂપાનાં નાણાં પાડવામાં આવ્યાં હતાં એવી સાબેતિ મલી આવે છે. નાણાં પડયાં તેની પહેલાં ધાતુનું ચલણ જ્યારે થયું ત્યારે ધાતુના કટકા કાપીને આપવામાં આવતા હતા. એક રૂપાનાં પત્રામાંથી અમુક લંબાઈનો કટકો કાપી આપી તેના બદલામાં અમુક ચીજ ખરીદવાની પહેલાં ભલામણ કરવી પડતી હતી, આથી ધાતુનો વ્યવહાર જોઇએ એટલો સુતરો નહોતો તે નાણું પાડવાથી થયો છે. બાઇબલને લગતાં પુસ્તકોમાંથી આપણને મલી આવે છે કે અબ્રાહમે રૂપાના ૪૦૦ કટકા આપી એક ખેતર લીધું હતું, જે દાખલો ઉપલી કલ્પનાને ટેકો આપવા પુરતો છે.

એટલું તો ખુલ્લું છે કે નાણાં તરીકે પસંદ કરેલી વસ્તુ સહેલથી લઇને ફરી શકાય એવી જોઇએ. લાકડું કે લોખંડનો લાંબો કટકો કે કદમાં મોટી વસ્તુ નાણાં તરીકે બનાવી હોય, તો બીજી વસ્તુ જેમ ખરીદી આવીએ, તેમ તેની ખરીદી કરવા માટે આવાં પ્રકારનું ગાડું ભરીને સાથે લઇ જવું જોઇએ. આ વિચારજ હસવા જેવો છે. પરંતુ વિચાર કરતાં જણાશે કે કેટલા પ્રકારમાં નાણું ફેરવાયા બાદ અને સ્વરૂપોમાં આવ્યા પછી હાલનું

નાજુક અને સર્વમાન્ય સુતરૂં ચલણ અસ્તિત્વમાં આવવા પામ્યું હશે. કારણ કે નાણાં તરીકે પસંદ કરેલી વસ્તુમાં સાત ગુણ હોવા આવશ્યક છે. તે નીચે મૂજબ છે.

૧ નૈસર્ગિક મૂલ્ય. ૩ અક્ષયપણું. ૫ એક મૂલ્ય
૨ સુવાહ્યત્વ. ૪ એક વર્ણ. ૬ સ્થિર મૂલ્ય.

૭ સ્વસાચવટ.

ઉપર કથેલી બીનાનું વિસ્તિર્ણ સ્પષ્ટિકરણ નીચે પ્રમાણે છે:—

**નૈસર્ગિક મૂલ્ય.**—નાણાં તરીકે જે વસ્તુને પસંદ કરવામાં આવી હોય તેનું ખરૂં વજન ત્યારેજ પડે કે જયારે તે વસ્તુ જાતે જ મૂલ્યવાન હોય. જો તે વસ્તુ એવી હોય કે જે સર્વ ઠેકાણે મુલ્યવાન ન હોય તો માલને બદલે સર્વ ઠેકાણે તે લેવાને કોઇ લલચાય નહિ. એટલાને ખાતરજ ધાતુના સિક્કા વધુ પ્રચારમાં આવેલા છે. એટલુંજ નહિ પણ મહમદ બેગડાએ જે કલ્પિત સિક્કઓ ચલાવવાનો પ્રયાસ કીધો હતો તે ચાલ્યો નહિ તેનું પણ તાત્પર્ય તેજ ઉપરથી સમજાશે. ચળકાટ, ટકાઉપણું અને ઘડવાથી લંબાઇમાં વધવાના ગુણને લીધે તેમજ પાછું ગાળીને સિક્કામાં ફેરવી શકાય આવા સર્વે ગુણોને અંગે સોનું, રૂપું વીગેરે ધાતુ મૂલ્યવાન ગણાતી આવી છે. અને તેથી લોકો તેનાં ઘરેણાં કરાવે છે તેમજ પોતાની દેહ તેથી શૃંગાંરવાનું યોગ્ય લેખે છે. આવો નૈસગિર્ક

ગુણ ધાતુમાં રહેલો હોવાથી તે નાણાં માટે યોગ્ય લેખવામાં આવી છે. ત્યારે હવે ચલણી નોટ માટે સવાલ ઉઠશે કે તે ક્યાં તેવો ગુણ ધરાવે છે. પરંતુ તે ભૂલી જવાનું નથી કે ચલણી નોટ એ શરાફી હુંડી છે કે જે દેખાડતાંને વાર સર્વ કોઈ તેનું નાણું આપવા બંધાયેલાં છે, અને વળી પૈસાનો ભાર ઉંચકી જવો એ અશક્ય હોવાથી આવી સાર્વજનિક હુંડીઓનું ચલણ એ દુનિયાની પ્રકટી સાથે વ્યવહાર ઝડપથી ચલાવવાનું સુગમ થઈ પડનારૂં હોવાથી તેનો વ્યવહાર સર્વત્ર પ્રચલિત થયો છે.

સુવાહ્યત્વ—એટલે કે નાના કદની વસ્તુ હોય છતાં તેનું મૂલ્ય પ્રમાણમાં વિશેષ હોય. સુવાહ્યત્વપણાંનો સર્વોત્કૃષ્ટ ગુણ ઝવેરાતમાં રહેલો છે. અને તે બાદ સોનું, રૂપું, ત્રાંબુ, પિત્તલ વગેરે ધાતુઓમાં છે. હિરો, માણેક કે મોતીને ગાળીને લાંબાં ચોડાં કરી શકાતાં હોત અને તેનો એક સરખો ઘાટ બનાવી તેની કિંમત ઠરાવી શકાતી હોત તો એક હિરાનો સિક્કો પાંચસો રૂપીઆની જગ્યાએ ચલાવી શકાત. પણ તેવું થઇ શકતુ નથી. એટલાંને ખાતર જે વધુ કિંમતી ધાતુ છે તે તેના પ્રમાણમાં અને સિક્કાના કદમાં પોતાનું મૂલ્ય પોતાની મેળે ઠરાવી શકે છે.

**અક્ષયપણું**—દીર્ઘકાળ સુધી જે વસ્તુ પોતાની મેળે નાશ ન પામે, કે જેને જીવડાઓ ખાય

નાહિ, કિંવા જે કટાય નહિ અને અક્ષયપણું જાળવી રાખે એવી વસ્તુ જોવા જઇએ તો તે પણ ધાતુ છે. સાકરના કટકાને ઘસીને લીસો બનાવી ઉપર છાપ પાડવામાં આવે તો શોભે ખરો પણ પાણીમાં ભીંજાયાથી ઓગળી જાય. આ પ્રમાણે ધાતુ પોતાની મેળે ઓગળી જઇ ખલાસ થઇ જતી નથી અને અમ્મરપણું રાખે છે માટે તે અક્ષય લેખાય.

એકવર્ણ—જે વસ્તુનાં નાણાં પાડવામાં આવે તેનો રંગ એક સરખો હોવો જોઇએ. જો ચામડાનાં નાણાં પાડવામાં આવે તો પડે અને તેના ઉપર એક સરખો રંગ આપી શકાય, પરંતુ ઘસાતાં તે રંગ ઉડી જવા પામે. જ્યારે ધાતુનાં પાડેલાં સર્વ નાણાં કુદરતી રીતે જે પોતાનો રંગ દર્શાવે છે તેમાં ફેરફાર થતો નથી તેથી તે એકવર્ણ ધરાવે છે.

એકમૂલ્ય—એક તોલો સોનું, રૂપું અથવા કોઇ પણ ધાતુનો કટકો લીધા બાદ તેના બે સરખા ભાગ કરીએ તો તેથી તેની કિંમતમાં ફેર નહિ પડે. જો એક તોલો રૂપુ બાર આનાનું હોય તો અર્ધો તોલો છ આનાજ દેખાડશે. હવે તેને બદલે આરસપહાણનો એક દશ શેરનો કટકો લઇએ તો તેની કિંમત જો પચાસ રૂપીઆ થશે તો પાંચ શેરના કટકાનું મૂલ્ય પચીસ રૂપીઆ થવું જ જોઇએ એવું નથી. આવો ગુણ પણ ધાતુમાંજ રહેલો છે.

છરતિનો એક હિરો ચાર હજારનો હોય તો બીજો ચાર રતિનો બે હજારનો, અથવા ચાર રતીનો દશ હજારનો પણ હોઈ શકે, એવું ધાતુમાં થવા પામતું નથી. માટે એકમુલ્ય કહેતાં વિચ્છેદ્યત્વ ગુણ દર્શાવે છે.

**સ્થિરમૂલ્ય.** હિરા, માણેક, મોતી વગેરે, બધી વસ્તુઓ લઇએ તો માંગણી અને ઉપજના પ્રમાણમાં તેના ભાવમાં જેટલો ઉછાળો અને ઘટાડો થાય છે તેટલો ધાતુમાં થઇ શકતો નથી. અને તેથી સિક્કાનું સ્થિર મૂલ્ય કરવું એ જેટલું ધાતુના સિક્કામાં સુગમ થઇ પડે છે એટલું અન્ય વસ્તુમાં થઇ શકતું નથી. આવી સ્થાયિત્વ વસ્તુ પણ ધાતુ છે.

**સ્વ સાચવટ.** નાણું ખરૂં છે કે ખોટું એ જેટલું ધાતુના બનાવેલા સિક્કામાં ઝટ પારખી શકાય છે એટલું બીજી જાતનાં નાણાંથી પારખી શકાયજ નહિ. કાચના સિકકાઓ નિચે ખખડાવાથી ભાંગી જાય. ચામડાનાં સિકકાનો અવાજજ ન થાય. આ બધું જોતાં ધાતુના સિકકા ખખડાવ્યાથી અવાજ કરે અને તે અવાજના ઉપરથી તાબડતોબ કહી શકાય કે સિકકો ખરો છે કે ખોટો છે.

આ બધું જોતાં નાણું પારખવાનું સુગમ થઇ પડે એવું આપણે જોઇએ તો ધાતુ

એજ વસ્તુ છે. તે પારખી શકાય એવી રીતે સિક્કા પાડવાનું કાર્ય રાજ્ય સત્તા ચલાવનારનું પહેલું લક્ષ્ય સ્થાન છે. સિક્કા પડેલુ નાણું એકજ સરખા ઠરાવેલા વજનનું અને અમુક સ્વચ્છતાનુંજ હોય કે જેના ઉપર રાજ્યની અને પ્રજાની સાહુકારીનો સવાલ અવલંબીને રહેલો હોય છે.

આ વિષય પરત્વે સહેજ વિચાર કરતાં જણાશે કે ઉપર ગણાવેલા બધા ગુણોને વળી પાછો એક બીજા સાથે નિકટ સંબંધ છે. જેમ કે સોનાનું સુગ્રાહ્યત્વ અને અક્ષરપણું તે તેનામાં મૂલ્યનું સ્થિરપણું હોવાથીજ નભી શકે છે. જે ચીજ તેના મુલ્યના પ્રમાણમાં વધારે કદ દાખવે છે તેની ભિન્ન ભિન્ન સ્થળે ઘણી જુદી જુદી કિંમત અંકાય છે. બર્મા કે જ્યાં સાગના લાકડાં પેદા થાય છે તેની કિંમત બર્મામાં જેટલી હોય છે તેના કરતાં મુંબઇમાં બમણી હોય છે, કારણ કે બર્માથી લાકડાં મુંબઇ લાવવાં પડે છે. તેજ રીતે અનાજ વગેરે બધી વસ્તુનું મૂલ્ય ઓછું વધતું થશે. પરંતુ જે વસ્તુમાં ઉપર વર્ણવેલા સાત ગુણો છે તેની કિંમત પૃથ્વી ઉપર લગભગ સરખી હોયછે અને તેજ કારણે આ વસ્તુ નાણું પેદા કરવા માટે સર્વોત્કૃષ્ટ માલુમ પડી છે.

**નાણું એ દ્રવ્ય નથી.** આપણે પ્રથમજ વાંચી ગયા કે નાણાંને દ્રવ્યમાં લેખી લોકો ભૂલ કરેછે. હાલ એવો કયો માણસ

છેકે જે એમ નથી સમજતો કે મારી પાસે વધારે નાણું હોયતો હું વધારે શ્રીમંત કહેવાઉં ? એક માણસ પાંસે સો રૂપીઆ અને બીજા પાસે બસો હોય તો અલબત બસો વાળો સો કરતાં વધારે શ્રીમંત કયારે કહેવાય કે તેઓની પાસે દ્રવ્યમાં માત્ર નાણુંજ હોય, તો તેઓમાં માત્ર નાણાંનીજ શ્રીમંતાઇ કહેવાય. પરંતુ તેથી શું દેશનું દ્રવ્ય વધ્યું ? એક દેશમાં ચાર રૂપાની પાટો છે અને તેમાંથી ચારસો સિક્કા બનાવ્યા છે. હવે ચારસો સિકકા જો ચલણરૂપે કાર્યમાં લેય તો એટલી બધી વસ્તીમાં એટલા સિકકાથી વ્યવહાર ચાલી ન શકે. ત્યારે રાજય તરફથી પત્રાના કટકા છાપી દશ કટકાને એક રૂપીઆના સિકકાની કિમત જેટલા ઠરાવ્યા. હવે જેઓની પાસે દશ દશ પતરાંના કટકા છે તેઓ પોતે બીજા દશ દશ બનાવી સાથે મેળવે તો શું તેઓ પાસેના વિસ કટકાના બદલમાં તેઓને બે રૂપીઆ મળે ? ના. કારણ કે દેશનું દ્રવ્ય તો ચારસો રૂપીઆ જેટલુંજ છે અને તેથી પાંચ કટકાનો એક રૂપાનો સિકકો થશે. આથી ચલણને સગવડતા મળશે પણ દેશના દ્રવ્યને કોઇ પણ જાતનો લાભ કે હાની નહિ થાય. ખરી રીતે આવા ઘણા કટકાઓની જુદે જુદે હાથે હેર ફેર થવી જોઇએ અને તે દ્વારા જ્યારે જમીનો સુધરે, ઘરબાર બંધાય, દેશની આબાદી વધે ત્યારેજ દેશનું દ્રવ્ય ખરૂં વધે. બાકી નાણાં વધવાથી દેશનું દ્રવ્ય વધી શકે નહિ. એટલાને

ખાતર એમ કહી શકાય કે જેઓ નાણું સંગ્રહી રાખી દાટી મુકે છે તેઓ દેશનું દ્રવ્ય વધારી શકતા નથી પણ તેના કટ્ટા દુશ્મનો છે.

સરકાર નોટ કાઢે છે, પૉર્ટટ્રસ્ટ, મ્યુનીસીપાલીટી વગેરે સંસ્થાઓ લોન કાઢે છે, બેંકો ડીપૉઝીટ રાખી ચેક આપે છે. વ્યવહારમાં હુંડીઓની આપલે થાય છે આ બધાં સાધનો દેશની આબાદી વધારવા માટે છે, અને જ્યારે નાણું આવી રીતે ફરતું રહે છે ત્યારેજ દેશનું દ્રવ્ય વધે છે; કારણ કે દેશનું દ્રવ્ય વધારવાનું સાધન એ નાણું છે.

## પ્રકરણ ૬ ઠું.

## નાણાંના મૂલ્ય વિષે.

નાણું કોઇ પણ વસ્તુ આપલે કરવાની સર્વોપરી શકિત ધરાવે છે એજ તેનું મૂલ્ય સાબીત કરી આપે છે. જે સમયે નાણાંને બદલે બીજી ચીજો વધારે મળે એટલે બધી ચીજો સસ્તી થઇને નાણું મોઘું થયું એમજ કહેવાય. પરંતુ જ્યારે નાણાનાં બદલામાં બીજી વસ્તુ ઓછી મળે ત્યારે તે વસ્તુ મોંઘી અને નાણું સસ્તું એમજ કહી શકાય.

જે રીતિએ અન્ય ખનિજ પદાર્થોની કિંમત નક્કી કરી શકાય છે તેજ રીતિએ

નાણાનું મૂલ્ય ઠેરવી શકાય છે. ઘણી વખતે લોકો ખોટું સમજીને એવું અનુમાન બાંધે છે કે નાણાનું મૂલ્ય હમેશાં એકસરખુંજ રહે છે. પરંતુ એટલું જણાવવાની આવશ્યકતા છે કે ૧૬૮૫૩·૯૨૫ ગ્રેન ચાંદીને બદલે દર વખ્તે ૧૦૦ રૂપીઆ ટંકશાળમાં પડશે એવું નક્કી નથી. મૂલ્યવાન ધાતુઓનું મૂલ્ય અન્ય વસ્તુઓના જેમ હેરફેર થઈ નક્કી કરી શકાય છે. ખપના પ્રમાણમાં તેની કિંમત પણ વધે અને ઘટે છે. જે સમયથી અમેરીકામાં ઉત્પાદક ખાણો જડી આવી તે સમયથી ત્યાં રૂપાની આવક ઘણી વધવા પામી છે. ઈ. સ. ૧૮૪૯ થી ૧૮૫૮ સુધી અમેરીકાની ખાણોમાંથી ૧,૦૦,૦૦૦ રૂપીયાનું રૂપું નીકળતું. ૧૮૬૧ થી તે આવકમાં વધારો થવા લાગ્યો અને ૧૮૭૩ માં ૭,૧૫,૦૦,૦૦૦ રૂપીયાનું રૂપું નિકળવા લાગ્યું અને ૧૮૮૨ માં તેનો વધારો ૯,૩૬,૦૦,૦૦૦ રૂપીઆ જેટલો થયો. આ પ્રમાણે ત્યાં રૂપાની છત થવાથી ત્યાં રૂપાનું મુલ્ય ઘટ્યું અને તેને લીધે આપણા દેશના મહેસુલની સ્થિતિ ઉપર અસર થઇ હતી.

આપણે એમ ધારીએ કે એક દેશ એવો છે કે જયાં ચેક, નોટ, હુંડી વગેરે કાગળીઆંઓના સાધન વગર માત્ર નાણાંથીજ વ્યવહાર ચાલે છે. વળી એ દેશમાં કોઇ પણ રીતિએ ધાતુની છત કરી શકાય એમ પણ નથી, છતાં જો દ્રવ્યઉત્પાદન ઘણું વધી જાય અને ચીજોની પેદાયશ આગળ કરતા બેવડી થાય અને

સાથે વસ્તી પણ વધે તો શી અસર થશે? ચીજોની પેદાયશ બમણી થઇ છતાં ચલણમાં નાણું એટલાંજ રહેવાથી, અગાઉ ચીજો જેટલી જેટલે ભાવે મળતી તેટલે ભાવે તે અગાઉ કરતાં બેવડી મળશે. એટલે કે ચીજો સોંઘી થઇ અને નાણું મોઘાં થયાં. હવે બીજો દાખલો લઇએ. એમ ધારીએ કે એક બીજા દેશમાં વ્યાપાર, વસ્તી કે ચીજોનું ઉત્પાદન ઘટયું નથી અને ત્યાં સઘળો વ્યવહાર નાણા થીજ થાય છે. હવે ત્યાં સોના કે રૂપાની ખાણો જડી આવી અને ધાતુ જોઇએ તે કરતાં વધુ નિકળી તો તેની અસર એજ થશે કે નાણું સોઘાં થશે અને વસ્તુઓ મોંઘી બનશે. માટે એટલું નિશ્ચિત થાય છે કે દેશમાં ફરતું રૂપું અથવા સોનું જેમ વધે અને તે સાથે બીજી વસ્તુ સ્થિતિ તેમજ રહે તો નાણાંનું મુલ્ય ઘટે. માત્ર કિંમત વધવાથી દેશના આબાદાની વધી છે કે ઘટી છે એવું ઠેરવી શકાતું નથી. પરતું જ્યારે નાણાંનુ મુલ્ય વધે છે ત્યારે તેની છત વધારવાનું સાધન પ્રાપ્ત થાય છે, અને જેમ વ્યાપાર વધે છે તેમ નાણાંને સ્થાને નોટ, હુંડિઓ અને ચેકોના વ્યવહાર વધવાથી નાણાંનો ફેરફાર વધે છે, અને તે વ્યવહાર જેમ ભિન્ન ભિન્ન સ્થળે વધુ પ્રસરવા પામે છે તેમ તેમ દેશની આબાદી અને સંપત્તિનો વધારો કરે છે.

ઇ. સ. ૧૮૫૦ માં ઑસ્ટ્રેલીયા મધ્યે અને કેલીફોર્નિયામાં સોનું જડી આવ્યું અને

અને તેથી ફરતાં નાણાંનો વધારો થયો પણ તેથી ત્યાં જોઇએ એટલું સોનાનું મૂલ્ય ઘટ્યું નાહં. સોનાની ઉપજમાં જોકે ત્યાં ત્રણુસો ટકાનો વધારો થયો, પરંતુ દુનિયાની સરખામણીમાં તે વધારો ઘણો નિર્જીવ હતો. વળી સોનું વધવા સાથે ત્યાં વ્યાપાર પણ ખીલ્યો અને ત્યાં સોનું વાપરવામાં આવ્યું તેથી સોનાની કિંમત બહુ ઘટતાં તે દેશની સંપત્તિમાં વધારો કરવા ફળીભુત બન્યું, તે નિચે મૂજબ :—

૧. વ્યાપારાર્થે આવકજાવકના સાધનો અને વરાળશક્તિદ્વારા વ્યવહારો શરૂ થયા અને સુધરેલા દેશો જોડે વ્યવહાર સંધાયો.

૨. વિલાયતમાં અબાધિત વ્યાપાર ચલાવવાથી વ્યવહાર ઘણો વધી ગયો. ૧૮૪૮ માં જે નિકાશ ૬૦,૦૦,૦૦,૦૦૦ રૂપીયાની હતી તે વધીને ૧,૩૫,૦૦,૦૦,૦૦૦ રૂપીયાની થઇ. ૧૮૮૩ માં તે વધીને ૨,૫૦,૦૦,૦૦,૦૦૦ રૂપીયા સોનાનું ચલણ વધાર્યું હતું, અને આ રીતે નવું નિકળેલું સોનું બધે ઉપયોગમાં લેવાઇ ચૂક્યું હતું. ઑસ્ટ્રેલીઍ અને કેલીફોર્નિયૅએ,- આપેલા સોનાના બદલામાં અન્ય વસ્તુઓ અને જગ્યાઓ ખરીદીને જે લાભ મેળવ્યો અને તેથી તે દેશની સંપત્તિમાં જેટલો વધારે લાભ થયો એટલો લાભ ત્યાંથી સોનું નિકાસ કરવામાં આવ્યું નહોત તો કરી શકાતજ નહિં.

એટલે આ સોનું વિદેશ ન મોકલ્યું હોત તો દેશની ચીજો સસ્તી થાત પણ તેથી દેશને લાભ ન થાત. બધાં પાસે નાણાં વધત પણ તેથી વસ્તુ વેચાતી લેવાની શક્તિ મંદ પડત. સ્થિતિ એટલે સુધી પહોંચી ગઈ. આ રીતિએ વ્યવહાર વધવાથી-વેચાણ એ લેણ થયું અને તેમાં સોનું ઘણું કામે લાગ્યું.

૩. જે સમયે આપણા દેશમાં આગગાડી અને એવાં બીજાં સાધનો વિલાયતની પુંજીએ બંધાવવા માંડયાં તે સમયે તે કારણાર્થે કરોડો રૂપીયાનું રૂપું વિલાયતથી અત્રે લાવવામાં આવ્યું હતું, જે મોટે ભાગે ફ્રેન્સ વગેરે દેશમાંથી આવ્યું હતું. આ રૂપું અત્રે મોકલી ત્યાં આગળ વધેલું સોનું તેની જગ્યાએ ચલણમાં લીધું હતું.

૪. વળી ફ્રેન્સ, જર્મની અને ઇટેલી વગેરે દેશોએ પણ રૂપાનું ચલણ કમી કરી નાંખ્યું.

---

## પ્રકરણ ૭ મું.

## ચીજોની કિંમત.

---

ઉત્પન્ન થવા સારૂ પુંજીને વ્યવહારમાં કામે લગાડવાની કેટલીએક યુક્તિઓ છે. તે વિષે વિચાર કરવા પહેલાં ચીજોની કિંમત અથવા માલનું મૂલ્ય એટલે શું એ સમજવાની

આવશ્યકતા છે. એક જિનસના સંબંધ વડે જિનસનો જે ભાવ તેને જ મૂલ કહી શકાય. તેનો પ્રકાર સાંબંધિક મુલ, સાટાં મુલ, વગેરેમાં વહેંચાઇ જાય છે. એક માલને બદલે બીજો માલ આપવો તેને સાટાંમૂલ કહી શકાય. કિંમત એ સાટાં-મૂલના જેવો વ્યાપક શબ્દ નથી. દર એક પદાર્થ માટે જે નાણું મળે તે તેની કિંમત જ થાય; પણ સાટાં મૂલ એટલે કે તે જિનસને બદલે ફક્ત પૈસો મળે એટલુંજ નહિ પણ જિનસનો કંઇક એક સાધારણ અંશ એકાદા પદાર્થને બદલે મળતો હોય તો તે પદાર્થનું સાટાં મૂલ, તેમજ જ્યારે તે દ્રવ્ય વડે મળે છે ત્યારે તે મૂલ કિંમત કહેવાય.

ચીજોને મૂલ્યના સંબંધમાં નિચે મુજબ ત્રણ વિભાગોમાં વહેંચી નાંખી શકાય છે.

૧. જે ચીજનું મ્હોં માંગ્યુ મૂલ્ય ઉપજી શકે, અને જેની છત વધારી શકાતી નથી તે. ઉદાહરણ રૂપે મત્યુ પામેલા ઉત્તમ ચિતારાની છબી. સ્વર્ગસ્થ સાક્ષરની લોકપ્રિય હસ્તલિખિત નકલો.

૨. જે ચીજનું ઉત્પાદન ખર્ચ તેમની પેદાશ વધારવામાં આવે તેમ વધતુંજ જાય. દાખલા તરીકે ખેતીની અથવા ખનિજની પેદાયશ.

૩. ઉત્પાદન ખર્ચ વધાર્યા વિના જેની પેદાયશ વધારી શકાય તેવી ચીજો. જેવાકે સિદ્ધ પદાર્થો.

ન ખર્ચ એટલે શું ? જાણીતો અથ-
મીલ કહે છે કે ઉત્પાદન ખર્ચમાં ફક્ત
અને નફાનોજ સમાવેશ થઇ શકે. પરંતુ
ર કેયનર્સ તેને માટે જુદી વ્યાખ્યા દોરે
મે ઉત્પાદન ખર્ચના નિચલા ત્રણ અંશ
મે છે:—

ઉત્પાદન ખર્ચ.

ાત જોખમ.

અનુપભોગ

ખરી રીતે મેહનત કામ કરનારાઓને જ
પડે છે. અનુપભોગ ( = ઉપભોગમાં દ્રવ્ય
ાંચિતે ) મુંડીવાળાઓજ ખમે છે અને
તો કર્મકાર અને મુંડીવાળાઓ એ
ા શીર પોતપોતાના પ્રમાણમાંજ રહે છે.
રને તેની મહેનત અથવા જોખમના બદ-
જે મળે છે તે મુસારો કહેવાય છે અને
રને અનુપભોગ અને જોખમના બદલામાં
ા છે તે નફો. આ ત્રણ અંશો નિયમીત
તેનો સઘળો આધાર ખપ અને છત ઉપર
બીને રહેલો જણાય છે. ખપ અને છત-
ાલનારાઓ ઘણી વેળાએ પોતે શું બોલે
સમજી શકતા નથી. ચીજોની કિંમત
એવીજ રહે છે કે તેનો ખપ
છત એક સરખાં બનીને રહે છે. કોઇ
વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો
ખપ વધે છે અને કિંમતમાં વધારો

થાય તો ખપ ઘટે છે. એક બેંકે મોતી ઉપર નાણાં ધીર્યાં હોય અને તે નાણાં મોતીનાં બઝાર ભાવના બદલ લેખીને તેમાંથી ચાલીસ ટકા ફેર રાખી આપ્યાં હોય, એટલેકે અમુક જથ્થામાં રહેલાં મોતીની આજે જો બઝારમાં કિંમત એક લાખ રૂપીઆ થતી હોય તો તેના ઉપર સાઠ હજાર રૂપીઆ આપવામાં આવ્યા હોય. હવે બેંક પાસે મોતી મૂકી તેના બદલમાં નાણાં લેનાર વ્યાપારી મરી જાય અથવા દિવાળું કહાડે, અને બેંકને તે મોતી બઝારમાં લીલાઉંથી વેચાણ કરીને વેચવાં પડે ત્યારે મોતી ખરીદનાર છ વ્યાપારીઓ હોય જેઓ પોતાની શકિત પ્રમાણે મોતી ખરીદવા માંગે. બધાની સ્થિતિ એવી છે કે બધાંય મોતી ૨૦ હજારના ભાવે ખરીદી શકે. લીલાઉ કરતાં ભાવ વીસ હજાર ઉપર બોલાય ત્યારે જેની શકિત ૨૦ હજાર કરતાં વધુ આપવાની ન હોય તે ખસી જાય અને તે રીતે ઊંચો ભાવ જે આપે તે લઇ જાય. આ જોતાં ઉંચા ભાવે જ્યારે ખરીદનાર એક છે ત્યારે નિચા ભાવે ખરીદનાર એક કરતાં વિશેષ હોય છે એમ સહજ રીતે જાણી શકાય છે.

ઉત્પાદન ખર્ચથી નક્કી થયેલી વાસ્તવિક કિંમતમાં ઉપર કહેવા મુજબ જે ફેરફાર થાય છે તેને જાણીતો અર્થશાસ્ત્રી મિલ દરિયાનાં મોજાં ઊંચાં ચઢે અને નિચાં ઉતરે તે સાથે સરખાવે છે. સ્વ. કવિ નર્મદાશંકર પણ બઝારની તેજી મંદીને ભરતી અને ઓટની ઉપમા આપે છે.

આનો અર્થ એમ થાય છે કે જેમ વારાફરતી મોજાં ઊંચા નિચાં થાય છે, પણ દરિઆની સપાટીનું એક પણ બિંદુ બીજાં બિંદુ કરતાં કાયમ માટે ઊંચું કિંવા નિચું રહેતું નથી, અને જેમ આખા દરિઆની સપાટી એક સરખી રહે છે, તેમજ કોઇ પણ ચીજના બઝાર ભાવમાં વખ્તો વખ્ત ભલે વધઘટ થાય, પરંતુ તેવોજ વધારો કિંવા ઘટાડો કાયમ માટે ટકી શકતો નથી. પરંતુ ઉત્પાદન ખર્ચથી નક્કી થયેલી વાસ્તવિક કિંમતનું ઠરી રહેવા પ્રતિ વલણ જણાય છે.

## ઉંચા પ્રકારની વસ્તુઓ પોતાની કિંમત શી રીતે નિર્માણ કરે છે?

કેટલીક વસ્તુઓ એવી છે કે તેની ગમે તેવી ભારે કિંમત આવતી હોય છતાં તેની છત વધારે કરી શકાતી નથી, અને તેને લીધેજ તેની કિંમત અવશ્ય વધુ રહેવા પામે છે. મરી ગયેલા ચિતારાનાં ચિત્રો, મરિગયેલા લેખકનાં અપ્રસિદ્ધ કાવ્યો, નાશ થઇ ગયેલાં રાજ્યો અને દેશોના અસલી સિક્કાઓ, જમણા મૂખવાળા શંખો, જુની ખાણના પાણીદાર પાનાઓ, કોહિનુર જેવા હિરાઓ વગેરે. કારણ કે આ વસ્તુઓમાં પ્રથમ જણાવેલી ત્રણે તેને પેદા કરનારની હૈયાતિ ઉપર આધાર રાખે છે, ત્યારે બીજી ચીજોનું અસ્તિત્વ કુદરતને આધીન હોય છે, અને તેથી તે વસ્તુઓનો વધારો કરવો એ મનુષ્ય કૃતિથી દુર છે. આવી વીરલ વસ્તુઓ

પોતાનું મુલ્ય પોતાની મેળેજ જમાનાને અંગે આંકે છે. આ સિવાયની બીજી વસ્તુઓ કે જે વિનિમય ( અદલા બદલીના ) મુલ્યની હોય છે તેમાં બે ખાસ નિચલા ગુણો રહેલા હોય છે.:—

વિનિમય મૂલ્ય વસ્તુ

ઉપયોગિતા — શ્રમલભ્યતા.

૧. ઉપયોગિતા શબ્દમાં એવા ગુણો એટલા છે કે જે કંઈ આપણી ખાટે પુરી પાડે અથવા કંઈ કોડ પુર્ણ કરે. શરીર ઢાંકવા કાજે આપણે કપડાં પહેરીએ છીએ, માટે કપડાં એ ઉપયોગિ વસ્તુ છે કારણ કે શરીર ઢાંકવા પ્રાત જે ખોડ હતી તે તેથી પુર્ણ થઈ અને આપણા તે પ્રતિ કોડ પુરા કીધા.

૨. શ્રમ લભ્યતા. જે વસ્તુમાં વિનિમય મુલ્યનો ગુણ રહેલો છે તે તેની જેમ ઉપિયોગિતાને લઇને છે તેમજ તે સાથે તેની સાથે શ્રમલભ્યતાનો પણ કુદરતી રીતે તેમાં જોડાયલો રહેલો હોય છે. કારણ કે કોઇ પણ વસ્તુ કે જેમાં પેદા કરવા માટે શ્રમ લેવો પડતો નથી તે વસ્તુની કશીએ કિંમત હોતી નથી. વસ્તુને ઉપયોગિ કરવા શ્રમ લેવોજ પડે છે અને શ્રમ લીધા વિના તે પેદા થતુંજ નથી. કપડું બનાવવાને શ્રમ લેવાય તો તે બને, અને તે કપડું ઉપયોગમાં લેવાય તો તેની અદલા

બહારની ચીજ–વ્યાપાર–તરીકે કિંમત લેવાય અથવા તે ગણત્રીમાં આવી શકે.'

એ વાત તો જાણીતીજ છે કે આપણને જે ચીજની જરૂર હોય છે તે ઉપરથી તેની ઉપયોગિતા આપણને જણાય છે. અને તેવી રીતે દુનિયાના ભિન્નભિન્ન મનુષ્યોની જરૂરીઆતને અંગે દરેક વસ્તુ જે પેદા કરવામાં આવે છે તેની ઉપયોગિતા તે ઉપરથીજ સાબીત થાય છે અને તેની સાબેતીને લીધેજ કારીગરો તે વસ્તુ તૈયાર કરવા માટે શ્રમ લેય છે.

છતાં આપણે ઉપર જે ત્રણ ઉદાહરણો મૃત્યુ પામેલા ચિત્રકારનાં ચિત્રો; સ્વર્ગસ્થ કવિનાં અપ્રસિદ્ધ કાવ્યો અને જેનો નાશ થઇ ગયો છે એવાં રાજ્યોના સિક્કાઓના–આપી ગયા તેમાં ઉપયોગિતાનો અંશ વધુ પ્રમાણમાં અસ્તિત્વ ભોગવે છે. આ વસ્તુઓ એવી છે કે તેની બીલકુલ છત છેજ નહિ અને તેની કિંમત ખરીદનારની મરજી અને વેચનારની ગરજ ઉપરજ રહેછે. છતાં ખરીદનારની મરજી એજ ઉપયોગીતા જાહેર કરે છે અને વેચનારની ગરજ શ્રમ લભ્યતાનો ગુણ દાખવે છે.

**ખેતીના પેદાયશની કિંમત.** જે ચીજો એવી છે કે તેની છત વધારવાથી વધે છે તે ચીજોમાં નિચલી વસ્તુઓ મુખ્યત્વે આવી જાય છેઃ—

| | | |
|---|---|---|
| ૧. ખેતીની પેદાયશ | આનો આધાર જમણી બાજુએ દર્શાવેલાં બે કારણોને અંગેજ હોય છે. | ૧. વધારે મહેનત. |
| ૨. ખનિજ પદાર્થો. | | ૨. ,, મુડી. |

પરંતુ આવી ચીજોની છત જેમ વધારવામાં આવે તેમ તે વધુ મોંઘી પડતી જાયછે. એમ ધારીએ કે એક ફળદ્રુપ પ્રદેશમાં પચાસ માણસો મળી એક નવું ગામડું વસાવે છે, હવે તેઓ પોતાના નવા ગામની નજદીકની ફળદ્રુપ જમીન ઉપયોગમાં લેય છે અને વળી આપણે એમ ધારીએ કે તેઓને જેટલું જોઇએ એટલું ધાન્ય તે જગ્યામાંથી મળી આવે છે. હવે થોડાં વર્ષ આ પ્રમાણે જવા દિધા બાદ તેનું શું પરિણામ આવશે? આપણે એમ ધારીએ કે તે પચાસ માણસોનો કુટુંબકબીલો વધ્યો અને ઘર દીઠ બે ફરજંદોની સરેરાસ લઈએ તો દોઢસો માણસ ત્યાં થયાં, અને તે પ્રમાણે તેઓને આગળ કરતાં ત્રણ ગણું અનાજ જોઈએ એમાં શક નથી. હવે આ વધારે ધાન્ય લાવવું ક્યાંથી? સાધારણ બુદ્ધીએ કોઈ એમ કહેશે કે જરા દુર પડેલી બીજી વધુ જમીન ખેડવાથી વધુ અનાજ પાકશે. આ વાત ખરી પણ પાસેની જમીનમાંથી અનાજ લઇ આવવાનો વધુ ખર્ચ લાગે એ ખુલ્લું છે. અને તેથી તે નવી ઉપજનું ધાન્ય જુની ઉપજ જેટલું સોંઘું હોઇ શકે નહિ.

વસ્તી વધે તેમ ખોરાકની કિંમત વધ-વાનું વલણ થવા લાગે છે. વસ્તીનો વધારો થવાથી ત્યાં અનાજ વધુ પ્રમાણમાં જોઇએ, અને તેથી તે અનાજ ઘણું દુરથી વધુ જથ્થામાં લાવવાથી તે મોંઘું થાય એ સંભવિત છે. તેથી એમજ કહી શકાય કે વસ્તી વધવાને લીધે ખેતીવાડીની પેદાશની કિંમત વધે એવું પ્રત્યક્ષ વલણ હોય છે. હમેશાં છત અને ખપ સરખાંજ હોવાં જોઇએ. વસ્તીના વધારા સાથે ખપ વધે તો વધુ ખર્ચ કરવા સિવાય વસ્તુની છત વધારી શકાય નહિં. છતાં વસ્તુના વધારા સાથે ખેતીની પેદાયશ ઉપરનું મૂલ્ય વધતું કંઇક અંશે નિચલાં ત્રણ કારણોએ અટકાવી શકાય છેઃ—

૧ અન્ય દેશથી ખેતીવાડીની વધુ પ્રમાણમાં થયેલી પેદાયશ લાવવાથી.

૨ ખેતી કરવામાં સારાં યંત્રો અને સુધરેલાં ઓજારો કામે લગાડવાથી.

૩ ખાતરો તેમજ રસાયણ શાસ્ત્રની (સાયન્સ) ની શોધો દ્વારા ઉપજતાં અનાજનો વધારો થાય એવાં સાધનો લેવાથી.

**ખનિજ પેદાયશ.** ખેતીવાડીની પેદાયશના નિયમોજ આ જાતની પેદાયશને લાગુ પડે છે. ૧૮૭૧-૭૨ માં વિલાયત મધ્યે લોખંડનો

વ્યાપાર પુષ્કળ તેજી ઉપર હોવાથી ત્યાં કોલસાનો ઉપયોગ ઘણા મોટા જથ્થામાં થવા લાગ્યો. આ ખપને પુગી વળવા કાજે જુની ખાણો કરતાં ઓછી ઉત્પાદક કોલસાની નવીન ખાણોનો વધારો કરવો પડયો અને તેથી કોલસાની કિંમત વધી ગઈ. ખાણોનો વધારો થયો છતાં ભાવ વધ્યો તેનું કારણ વધુ પ્રમાણમાં જાગેલી માંગણી હતી.

**સિદ્ધ પદાર્થોની કિંમત નિયમીત કરનારા નિયમો.** સિદ્ધ પદાર્થો બનાવવા માટે જે કાચી વસ્તુની જરૂર હોય છે તે સઘળી જમીનમાં પાકે છે. કાપડ બનાવવા રૂ એ પ્રથમ આવશ્યક ચીજ છે જે જમીનમાંથી પાકે છે. તે રૂની કિંમત આખો કપડાંનો તાકો બનાવવા આપે તેના પ્રમાણમાં ઘણી નજીવી હોય છે. કારણકે રૂ મળ્યા પછી તેના ઊપર અનેક પ્રકારની ક્રિયા કરવામાં આવે છે અને તે માટે અનેક પ્રકારના મુસારા પગાર કરવા પડે છે. ઉપરાંત તે ધંધામાં નાંખેલી મુડી પણ પાછી તેમાંથીજ ઉપજવી જોઇએ. મુસારામાં જે રકમ આપવી પડે તે ઉપરથી મજુરી મોંઘી કે સસ્તી એમ કહેવાય નહિ, કારણ કે કામે લગાડેલી મહેનતથી થયેલી પેદાયશ ઉપરજ તેનો મુખ્ય આધાર રહે છે. મુડી ભંડોળનો ખરો અર્થ અગાઉ સમજાવવામાં આવ્યો છે અને તે ઉપરથી જાણી ચુકયા છીએ કે જમીન, મહેનત અને ભંડોળ એકઠાં થઇ જે દ્રવ્ય ઉત્પન્ન

કરે છે અને તેનો જે ભાગ મુડીને મળે છે તેજ મુડી ઉપરનો નફો કહેવાય. આ નફો જુદા જુદા કામે અને જુદા જુદા જનસમુહમાં ભિન્નતા ભોગવે છે. વિલાયતમાં સાધારણ સમયમાં સો રૂપીઆ ઉપર ત્રણ ટકાનું વ્યાજ મળે તો ઘણું સારૂં કહેવાય. મુંબઇમાં સાડા સાત ટકાનું વ્યાજ વ્યાપારી વ્યાજ કરતાં વધુ પડતું લેખાય ત્યારે બર્માંમાં નવ ટકાનું વ્યાજ એ આછું લેખાય.

નફો અને કિંમત ઉભય વચ્ચે સંબંધ. ભંડોળ રોકનાર અને મહેનત કરનાર એ બેઉના સંબંધથી એક વસ્તુ પેદા થાય ત્યારે આ બેઉની મહેનતનું પ્રમાણ તેની કિંમતમાં આવી જવા પામે. એટલે કે કિંમત એવી હોવી જોઇએ કે તેમાંથી બેઉ પક્ષને પોતાના પ્રમાણમાં નફો મળે. વળી ધ્યાનમાં રાખવાનું છે કેઃ—

૧. જ્યારે મહેનત અને મુડીની ઉત્પાદનશકિત વધે છે ત્યારે મુસારો અને નફો તેના પ્રમાણમાં વધવા પામે છે,—અને તેનું ઉત્પાદન ખર્ચ તેના પ્રમાણમાં ઘટે છે. (જુઓ ઉપોદ્ઘાત)

૨. જ્યારે આવી રીતિએ ઉત્પાદકશકિત વધે છે ત્યારે મુસારો—નફો વધે અને કિંમત ઘટે છે.

૩. જ્યારે એક બાજુથી ભંડોળ રોકનાર અને બીજી તરફથી કામ કરનારાઓ વચ્ચે સ્પર્ધા ચાલે છે ત્યારે ભંડોળ અને મહેનતની

ઉપજશકિતનો વધારો અને તેનો ફાયદો આખરે ગ્રાહક લઇ જાય છે. કારણ કે ઉત્પાદક શકિત વધવાથી કિંમત ઘટે છે જયારે મહેનતને મળતા મુસારામાં અને મુડીને મળતા નફામાં કાયમ વધારો થવા પામતો નથી.

કિંમતો ઉપર છત અને ખપની અસર નિચે મુજબ હોય છે:—

૧. પ્રથમ વર્ગની વસ્તુઓ કે જેની છત વધારી શકાતી નથી તેના સબંધમાં છત અને ખપ બરોબર કરવા માટે કિંમત ઘણી વધારે રાખવી પડે છે એટલે તેનો ખપ ઓછો થાય છે.


જુન્ના સિક્કા; ચિત્રો; શિલાલેખ વગેરે

| | |
|---|---|
| કિંમતમાં પુષ્કળ વધારો | ખપતમાં ઘણો ઘટાડો. |

૨. બીજા વર્ગની ચીજો જેની છત–ઉપજ નો ખર્ચ વધાર્યા વગર વધી શકતો નથી અને જેના સંબંધમાં ખપ પણ ઓછો થઇ શકતો નથી.

ગીરણીમાં બનતું કાપડ; અનાજની ખેતી વ.

| | | |
|---|---|---|
| વસ્તીનો વધારો અને ખપનો વધારો | = | ઉત્પાદન ખર્ચનો વધારો અને ઉપજનો વધારો |



સંપત્તિ.
ઉપજ
અદલાબદલી
વિભાગ
જમીન
મહેનત
બંડોળ
કિંમત
ભાવ
નાણાં
ચીજો
(આના વિભાગો ઉપજના પ્રકરણના અંતે આપવામાં આવ્યા છે.)
બાહ્ય કારણો
નૈસર્ગિક કારણો
ધાતુ
કાગળની નોટો
જેનીજત વધારી શકાય
છતવધવાથી જેના ઉપર ખર્ચ વધતો નથી
સોનું
રૂપુ
ત્રાંબુ
નિકલ
બેંકના ચેક
મુદતિ હુંડીઓ
છતવધવાથી જેના ઉપર ખર્ચ વધે
ઉપયોગિતા
પ્રાપ્યતા
છત-ખપ
સરકારી જોખમદારી
મુદતીપાવતીઓ
ભાડું
મુસારાનો બંડોળ અને ખર્ચ
નફો
રોકડ
બીજી જોખમદારી
સંસ્થાઓના શેરો
(આના વિભાગો હવે પછીના ભાગમાં આપવામાં આવશે.)
વેચાતી લેવાની શક્તિ
વેચાતી લેવાની ઇચ્છા
ડીબેન્ચરો
શેરનાં વ્યાજના દરો

૩ ત્રીજા વર્ગની ચીજો કે જેની છત ઉત્પાદન ખર્ચ વધાર્યા વિના ગમે એટલી વધારી શકાય અને જેનો ખપ છત કરતાં વધુ હોય, ત્યારે માત્ર કિંમત વધે અને તેથી ખપ ઓછો થાય તેના ભોગે ખપ છત એક સરખાં કરવાં પડે.

ઝરામાંથી નિકળતું ઘાસલેત તેલ;

ઝરાનાં પાણી; ઔષધિ; વિ.

ઉત્પાદન ખર્ચ નિયમિત — ખપ વધારે.
કિંમત ઓછી.

વિનિમય અથવા અદલાબદલીના સિદ્ધાંતો દ્વારા દ્રવ્ય કિંવાં સંપત્તિના નિચે મૂજબ વિભાગો થવા પામે છેઃ—

# પ્રકરણ ૮ મું.

## વિભાગ

## જમીન ભાડું.

દ્રવ્યના વિભાગમાં ત્રણ ચીજોનો સમાવેશ થાય છે. જમીનભાડું, મુસારો અને નફો. ઉપજના વિષયોમાં આપણે વાંચી ગયા કે ઉપજ કરવા બદલ ત્રણ સાધનોની આવશ્યકતા રહે છે અને તે જમીન, મહેનત અને મુડી છે. ત્યારે એતો ખુલ્લું દેખાશે કે આ સાધનોથી ઉત્પન્ન થયેલું દ્રવ્ય ઉપજના આ ત્રણે સાધનો પેદા કરનાર જે માલેકો હોય તેમાં પુનઃ કામે લાગવું જોઇએ. આ માલીકો તે જમીનદારો કર્મકારો અને મુડીદારો છે. હવે જમીનના માલેકને જે મલે તે જમીનનું ભાડું કહેવામાં આવે છે, કર્મકારને જે મલે છે તે તેની મહેનત, મુસારો અથવા મજુરી કહેવાય છે. અને મુડીદારોને જે મલે તે નફાને નામે ઓળખાય છે. આ ત્રણ વિભાગોને પરિપુર્ણ સમજવાની જરુર છે.

પુંજી થકી ઘણું કરીને થનારા નફા કરતાં ખેતી કરનારા વધુ નફો મેળવવા પામે છે. પોતાની ઉપજ માંહેથી ધારો ભરી બાકી રહેલી ઉપજ થકી સર્વ સાધારણ જે નફાનો દર, તે કરતાં જો ઓછો નફો થવા લાગ્યો તો ખેતીના કામમાં શા માટે કોઇ પોતાની પુંજી નાંખે ? વળી ખેતીમાં અદ્યાપિ નફો ન થયો તોપણ અન્ય ધંધા કરતાં ખેતી ઉત્તમ છે કારણ કે

તેથી બે જાતના લાભ થાય છે. એક તો ઘણા દિવસ સુધી સુરક્ષીતપણે પોતાનીજ પાસે રહે એવી સ્થાવર મિલકત એટલે જમીન પોતાને હસ્તક રહે છે અને બીજું તેના ઉપર પોતાની મરજી મૂજબ ગમે ત્યારે ગમે તેવો ફેરફાર કરી શકે છે, એટલે કે તે જગ્યા ખેતર તરીકે કામ ન લાગતું હોય તો ત્યાં મકાન બાંધી રહેવાની જગ્યા કરી શકાય છે.

ઉપર કહેલા ત્રણે ભાગો ભાડું, મુસારો અને નફો જુદા જુદા દેશમાં કામના પ્રમાણમાં ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. આપણા દેશમાં ઘણી ખરી જમીનના માલેક નામદાર સરકાર છે. વિલાયતમાં બંગાળના જેમ જમીનદારી હોય છે અને જમીનદારો પાસેથી મુડીદારો જમીન ઇજારે રાખે છે, અને ત્યારબાદ તેઓ કર્મકારો પાસે તે ખેડાવે છે. સ્વીટઝર્લેન્ડ, નૉર્વે વગેરે દેશોમાં જમીન મહેનત અને પૈસા રોકનાર એ ત્રણે વસ્તુનો માલેક એકજ જણ હોય છે.

આપણા દેશમાં ઘણું ખરું મહેનત અને પૈસાનો માલેક એકજ હોય છે અને જમીનના માલેક સરકાર હોય છે. જે સ્થળે આ ત્રણે વસ્તુનો માલેક એક હોય છે ત્યાં તેઓની સ્થિતિ સર્વો-ત્તમ લેખાય છે. વિલાયતમાં જમીનદાર મુડી-દાર અને ખેડનાર આ ત્રણે જુદા હોય છે અને તેથી તેઓમાં હમેશાં સ્પર્ધા ચાલે છે અને

તેથીજ ત્યાંની ખેતી ઉત્તમ લેખાતી નથી. આ બે દાખલાઓમાં આપણો દેશ મધ્યમ સ્થિતિમાં આવે છે.

જમીન ભાડું. સંપત્તિ અને હિસ્સો જમીનનો માલિક મેળવે છે તેને જમીન ભાડું એટલે પોતાની જમીન વાપરવા દેવાની તે સ્વરુપે તેને કિંમત મળે છે. કેટલાક દેશમાં જમીનભાડું અમુકજાતના રિવાજથી નક્કી થાય છે અને કેટલેક ઠેકાણે તેમાં હરિફાઇથી નકકી કરવામાં આવે છે. આપણા દેશમાં જે ભાગવટીનો રવૈયો છે તે રિવાજને અંગે નક્કી થયેલું ભાડું છે. એટલે કે રાજા ખેડુત પાસેથી પેદાયશનો અમુકજ હિસ્સો લેય એવો ધારો વિદ્યમાન છે. અગાઉના વખતમાં ખેડુતનો જમીન ઉપરનો કાયમ હક નહોતો, અને જ્યારે જમીનની કિંમત વધતી ત્યારે વધુ પૈસા આપનારને જમીન ફેરવી આપવામાં આવતી હતી, આથી ખેડુતોને દુઃખ પડતું અને તેઓ તન મનથી ખેતી કરતા નહોતા. આ તેઓનું દુઃખ ટાળવા અર્થે ઑનરેબલ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ ૧૮૮૫માં "ટેનન્સી એક્ટ" નામનો કાયદો પસાર કરી ખેડુતોને જમીન ઉપરના કાયમના હક કરી આપ્યા. આથી જેમ ફાયદો છે તેમ નુકશાન છે. સારા વખતમાં જ્યારે અનાજ પાક્યું હોય ત્યારે રાજ્યને પૈસા ભરવા એ ખેડુતને જેટલું સુગમ થઇ પડે તેટલું ખરાબ વખતમાં જ્યારે દુકાળ પડયો હોય

ત્યારે સહેલું થઇ પડતું નથી. કારણકે સારા અથવા ખરાબ કોઇ પણ સમયમાં ખેડુત એક સરખું સરકારને ભરવાને બંધાયલો છે. વિલાયતમાં જમીન ભાડું હજુ સ્પર્ધાથી નક્કી કરવામાં આવે છે અને ત્યાં તેનો અમલ ચાલ્યો જાય છે. આ સ્પર્ધાની રીતિએ ભાડું શી રીતિએ નક્કી કરવામાં આવે છે તે જાણવું અગત્યનું થઇ પડશે.

**સ્પર્ધાથી નકકી થતું જમીન ભાડું.** જમીનના માલેકો જેઓએ પોતે જમીન ઉત્પન્ન કીધી નથી છતાં તેઓ જમીનના માલેક કેમ કહેવાયા? એક જમીન કે જેના ઉપર એક જણનો હક સાબેત થયો અને તે બાદ તેમનો હસ્તક ફેરફાર થાય તે વ્યકિતનો તેના ઉપર માલેકીનો હક પ્રજાએ કાયદાઓ ઘડીને સ્વીકાર્યો. હવે દુનિયા ઉપર જેટલો જમીનનો વિસ્તાર હોય એટલોજ હોઇ શકે કારણ કે વધારવો એ મનુષ્યકૃતિનું કાર્ય નથી. જમીન એ આવશ્યક અને અને દુનિયાનાં વ્યવહારમાં ઉપયોગી અને ખરેખરી વસ્તુ છે તેનું કામ સર્વને પડે છે. એક મગરૂબ માણસ ભલે એમ ધારતો હોય કે હું જમીન ઉપર પગ નહિં મુકું પરંતુ આ તેનું મિથ્યાભિમાન છે. જો તે ઘોડા ઉપર ફરતો હશે તો તેને (ઘોડાને ચાલવાને —નહિં તો દોડવાને—) જમીન જોશે.

પાંચમાં કે સાતમાં માળ ઉપર બેસી દરિઓ નિહાળતો હશે, અને આખો દિવસ બીલીઅર્ડ રમવામાં ગાળી જો કોઈને મળતો નહિં હોય તોપણ જે ઘરમાં પાંચમા કે સાતમા માળા ઉપર તે બેઠો છે તે ઘર જમીન હતી તો તેના ઉપરજ બંધાયું છે. એરોપ્લેન–વિમાન–માં બેસી જો આકાશમાં રટણ કરતો હશે તો એરોપ્લેન બનાવવા માટે જમીન જોશે એટલુંજ નહિં પણ આકાશમાં ઉડવાનું પણ જમીન ઉપરથીજ કરી શકશે. આ જોતાં જમીન એ સર્વોપયોગિ અને અતિમહત્વની આવશ્યક વસ્તુ છે. એ વિષય ઉપર મીલ કહે છે કે “ જમીનદારો જમીનનું ભાડું લેવા શક્તિવંત હોય છે તેનું કારણ એ છે કે જમીન એવી ચીજ છે કે તે સર્વને જોઇએ છે, અને વળી તે જમીનના માલેકો સિવાય બીજાઓ પાસેથી મળી શકે એમ નથી. કારણ કે તે બનાવવી અશક્ય છે. ” સ્પર્ધાથી નક્કી કરવામાં આવતું જમીન ભાડું એટલે કે ખેડાણ કરવામાં વપરાતી સૌથી વધારે ખરાબ જમીનના ઉત્પન્ન કરતાં તેમાં જેટલું વધારે ઉત્પન્ન કરી શકાતું હોય તે પ્રમાણમાં તેનું નક્કી કરવામાં આવતું ભાડું એટલેકે સ્પર્ધા સિદ્ધ જમીનનું ભાડું.

ખેતી કરવાની જમીનનું ભાડું બે રીતિએ નક્કી કરી શકાય છે. એકતો જમીનની ફળદ્રુપતા અને બીજું ત્યાં રહેલી સગવડો આ બે માંહેલું એક પણ સાધન ત્યાં ન હોયતો બીલકુલ

ભાડું ઉપજે નહિં, કારણ કે ખેડવાથી ત્યાં ઉ-
પજ થાય નહિં અથવા મહેનત કરતાં ઘણું
ઓછું મળે એવી જમીન કોઇ ખેડવા લેયજ
નહિં. અને તેથી કરીનેજ ડુંગરો અને ડુંગરો
ઉપર આવેલી જમીનો ખેડાણ કીધા વગર પડી
રહેલી મળી આવે છે. જમીન ગમે તેવી ફળદ્રુપ
હોય પણ કવગે સ્થળે પડેલી હોય તોપણ ભાડું
કોઈ આપવા તૈયાર થાય નહિં. જમીન ભાડાં
વિષે રિકાર્ડો નામનો અર્થ શાસ્ત્રી નિચે મૂજબ
વિવેચન કરે છે:—

ખેડવામાં આવતી અતિ ખરાબ જમીન
જેનું નામનુંજ ભાડું ઉપજાવી શકાય છે,
એવી ખરાબ જમીનમાંથી જે ઉપજ થતી હોય
તેના પ્રમાણમાં જેમ જેમ બીજી જગ્યામાં વધુ
ઉપજ થાય તેમ તેમ બીજી જગ્યાનું ભાડું તેના
પ્રમાણમાં વધારે આંકી શકાય. આપણે સાધારણ-
રીતે એમ માનીયે કે હરેક દેશમાં એવી
જમીન હોયજ કે જે વેરાન પડી રહેલી હોય. હવે
આવી જગ્યા ખેડવા માટે લેનાર શું આપે? એ
એટલુંજ આપે કે જેથી તેને મહેનત ખર્ચ્યા
બાદ સહેજ વધુ મળે તે આવી જગ્યાં કાંતો
મુફત ખેડવા લેય અથવા નામનું ભાડું આપે.
પરંતુ બીજી જગ્યા કે જ્યાં મહેનત ખર્ચ્યાથી
તુરત વધુ સારો નફો મળતો હોયતો તે ન-
ફાના પ્રમાણમાં તે જગ્યાનું વધુ ભાડું આ-
પવા તૈયાર થાય, માટે આ ઉપરથી એટલું
નક્કી થાય છે કે ખેડવામાં આવતી સૌથી ઓછી

ઉપજ કરનારી જમીન જેનું જે ભાડું ઉપજતું હોય તેની પેદાશ કરતાં બીજી જગ્યા જેમાં જેટલી વધારે પેદાશ થાય તે ઉપરથી તે અમુક જગ્યાનું ભાડું નકકી કરી શકાય. ખેડવામાં લેવાતી સૌથી ઓછી ઉપજવાળી જમીન જેનું ભાડું ન મળતું હોય તે "ખેડાણની સીમા" ઉપર છે એમ રિકાર્ડોનું કહેવું છે. પરંતુ તેનો ખરો સિદ્ધાંત આ નિયમે નકકી થાય છે. ખેડાણની સીમા, આવી રીતે મનાયલી જમીન, ઉપજ કરવાના ક્રમમાં જે પાયરીએ હોય તેના ઉપર ખેતીની પેદાશની કિંમતનો આધાર રહે છે. ખેતીવાડીની ઉપજમાં મોંઘામાં મોંઘો ભાગ તૈયાર કરતાં જે ખર્ચ લાગે તે ઉપરથી ખેતીની પેદાશ પરત્વે કિંમત નકકી થાય છે. કઈ પાયરીની જમીન ખેતીની સીમા ઉપર હોવી જોઇએ તે બધા દેશોમાં વસ્તીની જરૂરીઆતો અને તે પુરી પાડવાના જે સાધનો હોય તે ઉપરજ તેનો આધાર રહે છે. જે દેશમાં ઉપજ સિવાય ધાન્ય બીજા દેશમાંથી લઇ આવી શકાય એમ નથી. તો જો ત્યાં વસ્તી વધેતો જે જમીન ખેડાણમાં ન લેવામાં આવી હોય તે ખેડાણમાં લેવાની જરૂરીઆત લાગે. આમ થવાથી ખેડાણની સીમા નીચે ઉતરી અને તેથી ખેતીની પેદાયશની કિંમત અને જમીન ભાડું ઉપર ચઢયું. પરંતુ વસ્તી વધે તે પ્રમાણમાં ધાન્ય બીજા દેશમાંથી લાવી શકાયતો ખેડાણની સીમા ઉતર્યા વગર તેને પહોંચી વળાશે. વિલાયતમાં ૧૮૭૪ થી માંડીને ૧૮૮૪ સુધી એટલે દશ

વર્ષ સુધી આમ ચાલેલું. વધેલી વસ્તીના પ્રમાણમાં બીજા દેશોમાંથી જોઈએ એટલું સોધું ધાન્ય લાવી શકાવાથી ધાન્યની કિંમત ત્યાં ઘટી અને તેમ થવાથી ખેડાણની સીમા ઉંચી ચઢી. આનો પ્રત્યક્ષ પુરાવો એટલા ઉપરથી સિદ્ધ થયો કે ત્યાં જમીન ખેડાતી બંધ થવા લાગી અને જમીનના ભાડામાં પણ સામાન્ય ઘટાડો થવા લાગ્યો.

ખેતીની પેદાયશની કિંમત વધે તોજ ખેડાણની સીમા નિચે ઉતરે. કારણ કે ખેડાણની સીમાની નિચેની જમીન જો પેદાશની કિંમત વધે તોજ ખેડાણમાં લેવી પરવડે. ખેતીની પેદાયશની કિંમત તેનો ખપ વધે તોજ વધે અને તે ખપ જો વસ્તી વધે તોજ વધે. એટલે કે **વસ્તીનો વધારો થયેથી ખેતીની પેદાયશની કિંમત વધી શકે છે.** આને પરિપુર્ણ સમજવા માટે એક દ્રષ્ટાંત લઈશું:—

એમ ધારીએ કે એક ખેતર 'ક' ની ઉપજ શકિતના પ્રમાણમાં તેની કિંમત ૧૦૦ છે અને ખેડાણની સીમા ઉપર આવેલી જમીનની ઉત્પાદક શકિત ૩૦ છે તો પહેલા ખેતર 'ક' નું ભાડું ૭૦ થાય. પરંતુ એમ ધારીએ કે કાલ સવારે ખેડાણની સીમા નિચી ગઈ અને તે ૩૦ ને બદલે ૨૦ થઈ તો સારી ઉપજ કરનારી ઉપલી 'ક' જમીનનું ભાડું ૮૦ થશે.

જમીન ૧૦૦

| સારી જમીન | ખરાબ જમીન |
| --- | --- |
| ૭૦ | ૩૦ |

=

જમીન ૧૦૦

| સારી જમીન | ખરાબ જમીન |
| --- | --- |
| ૮૦ | ૨૦ |

ઘણી વેળાએ આપણે લોકોને એમ કહેતાં સાંભળીએ છીએ કે ‘ જુઓ પેલો દેશ કેટલો આબાદ છે. ત્યાં આટલા લાખ માણસો વસે છે.’ આપણાં દેશી વર્તમાન પત્રોના લેખકો જેઓ અર્થશાસ્ત્રના નિયમોથી અજ્ઞાન હોય છે તેઓ પણ ઘણી વેળાએ એમ લખી મારે છે કે “જુઓ ફલાણો દેશ કેવો આબાદ છે તે વાંચકો ત્યાં વસતા આટલી લાખ મનુષ્યની વસ્તી ઉપરથી પારખી શકશે” વગેરે. પરંતુ શું આમ કહેવું એ ખરૂ છે? આસ્ટ્રેલીઆ જેવા દેશને માટે આમ કહેવામાં આવે તો ખરૂં પડે કારણ કે ત્યાંની જમીનની ફળદ્રુપતાના પ્રમાણમાં વસ્તીનો વધારો ઝાઝો નથી, પણ આપણા દેશમાં વસ્તી કુદકે અને ભુસ્કે વધતી જાય છે તે જોતાં દેશની સંપત્તિ જોઇએ એટલી વધતી નથી. એકાદ વર્ષ દુષ્કાળ પડે તો લાખો મનુષ્યો જે દેશમાં ભુખથી ટળવળીને મરણ વશ થાય તે દેશને આબાદ તે શી રીતે કહી શકાય? વસ્તી વધતી જતી હોવાને લીધે માથા દીઠ આવક ઘટતી ચાલી છે (જુઓ વિલીઅમ ડીગ્બીનું “ પ્રોસ્પરસ ઇન્ડીઆ ).

વળી રિકાર્ડોના સિદ્ધાંત ઉપરથી બીજુ અગત્યનું અનુમાન એ કરી શકાય છે કે ખેતીની પેદાયશની કિંમતમાં જમીનના ભાડાનો સમાવેશ થઇ શકતો નથી, એટલે કે જો બધી જમીનનું ભાડું સદંતર માફ કરવામાં આવે તો પણ ખેતીની પેદાયશ સસ્તી થઇ શકશે નહિ. કારણ કે લોકોને ધાન્ય જેટલું જોઇતું હતું એટલુંજ જોઇશે અને તેથી જેટલી જમીન ખેડાણમાં લેવામાં આવે છે એટલીજ જમીન ખેડાણમાં લેવામાં આવશે. માટે ખરૂં પુછતાં ભાડું જે આપવામાં આવે છે તે ઉપજને અંગે હોય છે. આ બધું વિવેચન સ્પર્ધાથી નક્કી કરવામાં આવતાં ભાડાં વિશે થયું. પરંતુ આપણા દેશમાં તેમ ભાડું લેવામાં આવતું નથી.

દેશી રાજ્યોમાં પણ ઘણે ખરે ઠેકાણે ભાગવટીની રીતિ મૂજબ ભાડું લેવામાં આવે છે, એટલે કે રાજા ખેડુત પાસેથી પેદાશનો અમૂક ભાગ લેય છે. યુરોપના ઘણાક ભાગમાં પણ એવો રવૈયો છે. જમીનદારો કે જેઓ ડયુકસ તરીકે ઓળખાય છે તેવો ઉપજનો અર્ધો ભાગ લેય છે. આ રીતે ભાગવટાની જમીન ખેડવાનું ખેડુતને વધુ સુગમ કર્તા થઇ પડે છે. કારણકે તેથી તેને ખાત્રી રહે છે કે જેટલું પોતે વધુ મહેનત કરીને વધુ ઉપજાવશે એટલું તેને વધુ લાભદાઇ થઇ પડશે. આના કરતાં પણ પોતાની માલેકીનું ખેતર જો પોતેજ (ખેડુતજ) ખેડતો

હોય તો તે વધુ ઉત્સાહી બને છે, કારણ કે તેને ખાત્રી હોય છે કે પોતે જેટલું વધુ તે ઉપર ખર્ચશે તેટલું તે વધુ મેળવશે. આ મળતર તે નફો છે, પરંતુ તે નફો મુસારો આપ્યા બાદ મેળવાય છે. માટે તે મુસારો મજવોની આવશ્યક છે.

---

## પ્રકરણ ૯ મું

### મહેનતાણું અથવા મજુરી

મહેનતના પ્રમાણમાં જે મહેતાણું મજુરોને આપવું પડે છે તેનું નામ મજુરી. મુડી રોકનારને પોતાની ચીજ ઉપર અવક થાય અને નફો મળે ત્યાં સુધી રોકાઇ રહેવું પડે છે. પરંતુ મજુરોને મહેનતાણું તાબડતોબ આપવું પડે છે અને તે આપનાર મુડીવાળો હોય છે, પણ ખરી રીતિએ જોતાં મહેનતજ વસ્તુ પેદા કરે છે. એક વેળાએ થાપણદાર ન હોય તો ચાલે પણ મજુરી કરનાર ન હોય તો ચાલે નહિં. આને લીધેજ મજુરો હડતાલ પાડવાથી ફાવી શકે છે. તો પણ હડતાલ પાડનારાઓ જોઇએ એટલા ફાવી શકતા નથી તેનું કારણ એજ હોય છે કે રોજમુજરો સ્પર્ધાથી નકકી કરવામાં આવે છે. આપણા દેશમાં કારીગરોના

રોજમુજરા રીવાજથી નક્કી કરવામાં આવ્યા છે. છતાં કારીગરોમાં પાશ્ચિત્ય દેશોના કારીગરોનો પવન આવવા માંડયો છે. કડીયાઓ, સુથારો, સોનીઓ, અને દરજીઓનું આપણા દેશમાં ધંધાને અંગે જ્ઞાતિતત્વ એવું ગુઢ રીત સંઘટન થયેલું છે કે તેઓ જ્ઞાતિદ્વારાજ પોતાના રોજ મુજરાનું પ્રમાણ નક્કી કરે છે, અને તેથી કારીગરોને તેઓની હુશીયારીના પ્રમાણમાં સ્પર્ધામાં ઉતરવું કેટલેક વખ્તે અશકય થઇ પડે છે. વળી મુડીવાળાઓ જેઓ કારીગરોની મહેનતેજ પૈસા કમાય છે તેઓના હસ્તક મુંડી હોવાથી તેઓ બન્ને એટલા કારીગરોને દબાયલા રાખવા માટે તત્પર હોયછે. મહેનત કરી રળનારા ધંધાર્થીઓ અને અન્ય ધંધાર્થીઓમાં ફેર હોય છે. વકીલ સોલીસીટર અને બેરીસ્ટરો પોતાની અક્કલાનુસાર ધંધો કરનારા છે, તેઓ પોતાની મહેનત અને સાથે કામ કરનારાઓની મહેનત એ બેના સરખા હિસ્સાએ રળનારા કહી શકાય. જે વર્તમાનપત્રોના માલેકો પોતે સારૂં લખી શકતા હોય તેઓ પણ તેજ કોટીમાં મૂકી શકાય. પરંતુ જેઓમાં લખવાની શકિત હોતી નથી, અન્ય જે વિદ્વાનો ઉતમ લખી શકે છે તેઓને તેઓની શકિત જેટલું ન આપતાં, તેની મહેનતનો નફો મેળવનારા વર્તમાનપત્રોના જે માલેકો હોય તેઓ કનિષ્ટ કોટીમાં આવે છે. તેથી વધુ ખરાબ સ્થિતિમાં આવનારા તે સટોળીઆઓ છે.

કારણ કે વ્યાપાર કરવાની ગુંજાસ કરતાં તેઓ વધુ વ્યાપાર કરે છે અને બિન મહેનતે પ્રજાનું દ્રવ્ય એક હાથ કરવા પ્રયાસ કરે છે.

એવા ઘણા ધંધાઓ છે કે જેમાં રોજ મુજરો આપવામાં ઘણો ભાગ ખર્ચાવા પામે છે. ઘડીયાળનો વાળ બનાવવા માટે પુષ્કળ દિવસ જોઇએ છે. હાથી દાંત ઉપર બારીક કારીગરી કરવામાં પુષ્કળ સમય જાય છે, આવી જાતના ધંધાઓમાં મુસારાનો દર ઘણો આપવો પડે છે, અને કામના તથા કામ કરનારા માણસોની છત આ બેને અનુસરીને મુસારાનો દર નક્કી થાય છે. આપણી વિશ્વવિદ્યાલય દર વર્ષે હજારો મેટ્રીકયુલેશનમાં પસાર થનારા તેમજ તેથી ઉંચી વિદ્યા મેળવનારા બાહાર પાડે છે, અને તેથી મેટ્રીક ભણેલા અને બી. એ. થયેલા પંદરથી વિશ રૂપીએ નોકરીએ રહેવા જાય છે. પણ કોઇ પણ વ્યાપારમાં પ્રવિણતા મેળવનારા તેટલા પગારમાં મેળવી નહિં શકાય. નવા પસાર થયેલા વકીલ કરતાં સોલીસીટરની ઓફીસમાં દશ વર્ષ સુધી અનુભવ લેનારા મેનેજીંગ કલાર્કનો દરમાયો વધુ આપવો પડશે. તુરતનો પસાર થયેલો એમ. એ. સો રૂપીએ નોકરી રહેશે પણ એક હુશિઆર કપડાં ફાડનાર (કટર) દોઢસો રૂપીએ નહિં મળે. કટર પેદા કરનારી અને મેનેજીંગ કલાર્ક તૈયાર કરનારી કૉલેજો જો નિકળે તો તેઓના દરમાયા ઓછા થાય, પણ જ્યાં સુધી તેવી રીતે "ઊંટને શિંગડા"

નથી મળ્યાં ત્યાં સુધી તેના ખપનાં પ્રમાણુમાં તેની કિંમત અંકાયજ.

વસ્તી વધવાથી મજુરી વધે છે. વસ્તી વધવાથી હરિફાઇ વધે છે, પણ મજુરી ઘટતી નથી. કારણકે વસ્તી વધવાથી લોકોની માંગણી વિશેષ થાય છે, તેઓને અનેક પ્રકારની નવિન વસ્તુ જોઇએ છીએ, અને વળી દિવસે દિવસે જે નવીન શોધો થતી જાય છે તેને અંગે પ્રવીણોની જરૂર પડે છે, તે જોતાં મજુરીનો ખપ અને હરિફાઇ વધે છે. અને તેમાં પ્રવિણોની માંગણી વધુ થતી હોવાથી તેઓની તુલના વધુ સારી રીતે થવા પામે છે.

મહેનતનું પ્રમાણ વધવાથી મજુરીનો દર વધે છે. જેમ વધુ મહેનત કામે લાગે છે તેમ મહેનતનું નાણું વધુ આપવું પડે છે. જમીન, મહેનત અને ભંડોળ એ ત્રણની સંક્રાન્તિ એ જે સંપત્તિ પેદા થાય છે તેનો જેમ વધારો થતો રહે છે તેમ માલેકને ભાડારૂપે, કારીગરને મજુરી તરીકે, અને મુડીદારને નફારૂપે વધુ મળવુંજ જોઇએ એવો સિદ્ધાંત છે. છતાં દુનિયામાં બિનઅનુભવિ, લોકોમાં ન ભેળાતા અને સુગરા કેટલાક એવા પણ આસામીઓ મળી આવે છે કે જેઓ પોતે પોતાની રોકેલી મુડીના પ્રમાણમાં વધુ નફો મેળવવા ઇંતેજાર થાય, તોપણ કામ કરનારાઓને તેનો લાભ આપવા તત્પર નહોય. આવા લોકોને ત્યાં કારીગરો

તનમનથી કામ કરતા નથી, અને તેટલીજ આવ-કમાં બીજે ઠેકાણે કામ મળે તો તાબડતોબ પ-હેલા થાપણદારને ત્યજી જાય છે. તે જોતાં મુડી-વાળાને સારો કારીગર જતો રહે તેનું નુકશાન વેઠવું પડે છે એટલુંજ નહિ પણ તે થાપણ-વાળાની આંટ સારી રહેતી નથી. અને તેથી તેની ગમે એવી માંગણી છતાં સારા કારીગરો તેને ત્યાં જતા નથી.

**ચીજોની કિંમત વધવાથી મુસારાનો દર વધતો નથી.** ચાલુ લડાઈને લીધે આપણે જોઈએ છીએ કે કાગળોના ભાવ વધી ગયા છે, અને તેથી કરીને મુદ્રાલયોને નવિન કામ છાપી પ્રસિદ્ધ કરવું પાલવતું નથી. લેખકોના દર-માયા ઉપર તેની ઉલટી અસર થાય છે અને તે એકે જો કાગળો સસ્તા હોય, છાપવા માટે પ્રેસવાળાઓ આતુર હોય તો લેખકોનો ખપ વધે અને તેથી તેઓનો દરમાયો વધે, પણ આવી બાબતમાં સામો ઘટવા પામે છે. દ્રષ્ટાંત ઉપરથી જણાશે કે જેમ ચીજો સસ્તી તેમ દર માયો વધે, અને જેમ ચીજો મોંઘી તેમ દર-માયો ઘટે.

છતાં ખરી રીતે જોતાં રોજમુજરાનું નક્કી થવું એ નિચે જણાવેલા પાંચ કારણોના એકીકરણેજ અવલંબીને રહેલું હોય છે:—

## રોજ મુજરો નક્કી કરવા પ્રમાણે.

૧. કામની રૂચિ અને અરૂચી.
૨. કામ શિખવાની સ્હેલાઇ, સસ્તાઇ તેમજ મુશ્કેલી અને ભારે ખર્ચ.

૩. રોજની સ્થિરતા અને અસ્થિરતા.

૪. કામ કરનારાઓ ઉપર રખાતો ભરોંસો.
૫ ઉપાડેલા કામમાં ફતેહમંદી મેળવવાનો સંભવ.

કાર્યની રૂચિ અરૂચ. જનસ્વભાવને અંગે અમુક વ્યકિતને અમુક કામ ઉપર કુદરતી રૂચિ હોય છે. જે છોકરાઓને ડૉકટર થવું ગમતું નથી તેઓના વડીલો પરાણે ડૉકટરનું શિખવાનું કહેતો તેવા છોકરાઓની કદાપી પણ ફતેહમંદી થાય નહિં. પણ તેને બદલે અમુક છોકરાને એન્જીનીયર થવું હોય અને તેમાં તેના વડીલો મદદ કરે તો છોકરો બધુ ઉલટમંદ થાય અને તે હોંષથી શિખી પોતાનું શિખવાનું પાર પાડે. માટે અમુક કાર્ય કરવાની જેને રૂચિ હોય તેને તે કાર્ય આપ્યું હોય તોજ કાર્ય કરનાર અને કરાવનાર બન્નેને લાભ થાય.

કામ શિખવાની સહેલાઇ અને મુસ્કેલી. ઘણાઓની એવી મરજી હોય કે વિલાયત જઇ અમુક પરિક્ષા પસાર કરી આવવી. પરંતુ ત્યાં રહેવું, ભણવાના પૈસા પડે તે અને બીજો ખર્ચ એ એટલો બધો થઇ જાય કે શિખવાનું મુશ્કેલ થઈ પડે. જેને તેની સુગમતા હોય પરંતુ રુચિ ન હોય તો તે પણ નકામું. માટે રુચિ અને સહેલાઇ એ બેનું એકીકરણ થવું જોઇએ.

રોજીની સ્થિરતા. દરજી, મોચી, ખેડુત વગેરે કારીગરોને પોતાના ધંધામાં જેટલી સ્થિરતા હોય છે એટલી બેરીસ્ટરોને માટે લેખાય નહિં. મજુર મજુરી કરવાજાય તો મજુરી મળે અને સાંજ પડતાં ચાર આના લઇ આવે. પણ એકજણ બેરીસ્ટર થઇ આવે કે ડૉકટર

થઈ પાટચું લટકાવી હવાખાનું કહાડે તેથી તે તાબડતોબ નફો મેળવી શકે નહિં. માટે રોજીની સ્થિરતા અને તે સાથે ટકી શકવાની વ્યક્તિમાં હિમ્મત એ બેને આધારે રોજીની સ્થિરતા કરી શકાય છે.

**કામ કરનારાઓ ઉપરનો ભરોસો.** નાણું રાખનારા, ખજાનચીઓ, ઝવેરિઓ, શટો કરવામાં મદદ કરનારા દલાલો, માર્ગોપદેશકો ( Directors ), ઇનજીન અથવા સ્ટીમર ચલાવનારા એનજીનીઅરો વગેરે ધંધાર્થીઓ જ્યારે પોતે ચોખ્ખા અને વિશ્વાસુ છે એમ માલુમ પડે ત્યારેજ તેઓ પોતાની રોજીની સ્થિરતા કરી શકે. વિશ્વાસના પ્રમાણમાં તેઓ ભારી દરમાયા માંગે અને તે ન આપવામાં આવે તો કામ કરનાર અને કાર્ય કરાવનાર ઉભયને એક વખતે ખોટમાં ઉતરવુંજ પડે.

**કામમાં ફતેહમંદ થવાનો સંભવ.** એકજણ સોલીસીટર થઇ એક સોલીસીટરની પેઢીમાં જોડાય ત્યાં તે જો ઉપલા ચાર કારણોને અંગે ફતેહમંદ થાય તો તે પછી ગમે ત્યાં ફતેહમંદ થઈ શકે. કારણ કે ફતેહમંદ થવાનો સંભવ લોકોની માંગણી ઉપર છે. એટલે એક પેઢીમાંથી તે જો જુદો થાય તો તાબડતોબ બીજી પેઢીમાં જોડાઈ શકે. પણ તેને બદલે એક રેડીઅમની ચીજો બનાવનાર એક પેઢીમાંથી છુટો થાય તો તેને બીજી પેઢીમાં જગ્યા મળે નહિં, કારણ

કે રેડીયમની ચીજો બનાવનારી ઘણી પેઢીઓ હોઇ શકે નહિં.

માટે મુસારો અને નફો એ ઉપલા સિદ્ધાન્તોને અવલંબીને અંકાય છે અને ઉપલાં પાંચ કારણોનાં એકિકરણે તેની તુલના થાય છે.

---

## પ્રકરણ ૧૦ મું.

---

### ભંડોળ ઉપર મળતો નફો.

---

પુંજીનો વધારો કરવાની અનેક રીતિઓ છે, પરંતુ તે વધારો કરવા માટે જે સાધન જોઇએ તેજ મેળવવું મુશ્કેલ હોય છે. એક ખેડુત પાસે ખેતર હોય અને તે સારી રીતે ખેડતો હોય અને તેની અંદર થતી ઉપજ નિયમીત રીતે બચાવતો જતો હોય તો થોડા સમયમાં બીજું ખેતર કરી શકે. એક વ્યક્તિ પાસે રોકડા એક હજાર રૂપીઆ હોય અને જો તે વ્યાજે મુકી વ્યાજનો અંદર વધારો કરતો રહે તો બારથી પંદર વર્ષે હજારના બે હજાર કરી શકે. વધારે નાણું હોય તો તે રોકી વ્યાપાર કરે તો તેમાંથી

જે મળતર મળે એટલે કે રોકેલા પૈસા કરતાં જે વધુ મળે તે નફો અંદર ઉમેરે તો જુજ સમયમાં રોકેલાં નાણાં કરતાં બેવડાં અથવા ત્રણ ગણાં કરી શકે. પરંતુ પૈસો અથવા નાણું એટલે શું? આ પૃથ્વીમાં અનેક પ્રકારના પદાર્થો ઉત્પન્ન કરનારા અને તેને ખપાવનારા ઉભય વચ્ચે વહીવટ કરનારી જે ત્રીજી વ્યકિત હોય તેને વ્યાપારી કહેવામાં આવે છે. આવી વ્યકિતઓ અનેક હોય છે અને તે વ્યાપારિઓના સમુહમાં આલેખાય છે. એવા વ્યાપારિઓ પોતાનાં નાંણાંનો વહીવટ વ્યાપાર અથવા ધંધામાં બને પક્ષના અનુરોધે કરે છે. એટલે તે વ્યાપારીઓ, પદાર્થો ઉત્પન્ન કરનાર પાસેથી નાણું આપી તેના બદલામાં જથ્થાબંધ ચીજો ખરીદે છે અને ત્યારબાદ થોડા પ્રમાણમાં તેનો વ્યય કરનારને પોતાને આપવા પડેલા પૈસા કરતાં સહેજ વધુ લઇ તે વેચે છે. એટલે એક ચીજના જે બે દોઢીઆં પડયાં હોય અને તે ત્રણ દોઢીએ વેચે તો દોઢીયું જે વધુ મળે તે નફો કહેવાય છે.

સંપત્તિનો જે ભાગ ભવિષ્યમાં ઉપજ કરવાના કામમાં વાપરવા માટે રાખી મૂકવામાં આવે છે તેજ ભંડોળ એમ આપણે જોઇ ગયા; એટલે કાંતો પ્રથમ જે રકમ વ્યાપાર માટે કહાડી હોય અથવા જે નફો થયો હોય તે પાછો ભંડોળ તરીકે વાપરી ભંડોળમાં વધારો કીધો

હોય તે. ભંડોળ રોકનાર અને નાણું વ્યાજે રાખનારા કેટલીક વખ્તે મૂફતનું ખાનારા તરીકે ઓળખાય છે. પરંતુ તેમ કહેવું એ સપ્રમાણુ નથી. અસલના સમયમાં જ્યારે ફ્રાન્સ ખાતે વ્યાજ ખાનારા યાહુદીઓ ઘણો પૈસો એકઠો કરતા ત્યારે તેઓ તરફ ઘણાઓ તિરસ્કારથી જોતા અને તેઓને ગરીબોનું લોહીપીનાર તરીકે ઓળખવામાં આવતા હતા. તે વખ્તે મૉનથ્યુ બાશિયા નામના વિદ્વાને નિચે મૂજબ લખાણુ કરી ઉપલી માન્યતાનો રદીઓ આપ્યો હતો:–

એક ગામડામાં જેમ્સ નામનો સુથાર હતો અને તે રાત અને દિવસ મ્હેનત કરતો હતો. ત્યારબાદ તેને એક દહાડો વિચાર આવ્યો કે તેની પાસે ફકત વાંસલો, કરવત અને હથોડીજ હોવાને લીધે તે સફાઇબંધ સમાન બનાવી શકતો નથી. અને તેથી તે જોઇએ એટલું કમાતો નથી. પ્રથમ તેને રંદાની જરૂર જણાઇ અને પોતે જાતે રંદો બનાવ્યો અને તે રંદો વાપરવાથી તેને શો વધારે ફાયદો થશે તેના વિચારના હવાઇ કિલ્લા બાંધવા લાગ્યો. આ મૂજબ તે વિચાર કરતો હતો એટલામાં ત્યાં તેનો વિલીયમ નામનો ઓળખીતો આવ્યો કે જે પણુ સુથારજ હતો. તેની નજર પેલા રંદા ઉપર પડી, અને તે રંદો તેણે તેની પાસે માંગ્યો. વિલીયમે કહ્યું “ આ રંદો તમે મને એક વર્ષ માટે ધીરો.” આના પ્રત્યુતરમાં

જેમ્સ બોલ્યો “ હું તમને તે આપું તેનો બદલો શો ? ”

વિ૦—“કંઇજ નહિં. તે માગી લઉં છું પછી તેનો તે બદલો હોતો હશે ? ”

જે૦—“ભાઇ મ્હેં રંદો તમને આપવા કાજે નથી બનાવ્યો. ”

વિ૦—“ઠીક, રંદાના બદલામાં તમે શું ચાહો છો ? ”

જે૦—તમે વર્ષ સુધી રંદો વાપરો એટલે તે ત્યારબાદ નકામો થઇ જવાનો માટે બોલી એ કરો કે તમારે મને નવોજ રંદો આપવો.

વિ૦—“તે વાજબી છે. તમે એટલાથી સંતોષ થાવ છો ને ? ”

જે૦—“ના રંદા બદલે રંદો વર્ષે આપશો પણ આટલો વખ્ત સુધી રંદો વાપરો અને નફો મેળવો તે બદલ તમારે મને એક લાકડાનો કટકો આપવો. ”

બંન્નેએ આ શરતો કબુલ કીધી. ત્યારબાદ દર વર્ષે જેમ્સ રંદો ઉપલી શરતો મૂજબ ભાડેજ ફેરવતો અને ભાડા રૂપે લાકડું લેતો જેનો બીજો રંદો બનાવી લેતો. આથી બેઉને સવળતા થતી. એટલે કે જમ્સનો પ્રથમ બનાવેલો રંદો એ ભંડોળ હતું.

હવે જો જેમ્સની ઉપલી શરતો વ્યાજબી લેખાય તો પછી જેઓ પોતાનાં નાણુાંની સગવડ આપણુને કરી આપે અને તેના બદલામાં વાજબી બદલો માંગે તે કેમ ગેરવાજબી લેખાય. ?

## મુંડી અથવા ભંડોળને લગતો નફો ત્રણ અંશોને આધીન છે.

મુંડી અથવા નફો

૧ વ્યાજ

૨ જોખમને બદલો

૩ વ્યવસ્થાનો મુસારો.

**વ્યાજ.** કોઈ પણ દેશમાં નાણા ઉપર-વ્યાજ કેટલું લખાય છે તે જાણવું હોય તો તે દેશમાં બિન જોખમે અને આપણને વ્યવસ્થા કરવાની મહેનત ન પડે એવી રોકાણ ઉપર કેટલું વ્યાજ ઉપજે છે તે જાણવું જોઇએ. આપણા દેશમાં સરકારી સેવિંગ્સ બેંકમાં નાણું રોકવામાં આવે છે. તેમાં નાણું રોકનારને રતિભારનું પણ જોખમ હોજ નહિં. સરકારે લડાઇને અંગે કાઢેલી નવી લોનમાં નાણું રોકનારને કોઇ પણ પ્રકારના ઉચાટ વગર સદ્ધર જામીનગીરીએ(૪) ચાર ટકાનું નાણું ઉપજે છે, એટલે સદ્ધર જામી નગીરી ઉપર વ્યાજનો દર ચાર ટકાનો લેખાય.

જ્યાં ધીરધારમાં આના કરતા વ્યાજનો દર વધુ ઉપજે ત્યાં એમજ સમજવું કે રૂપીઆ આપનારને, લેનારની સાહુકારીમાં ઓછો વિશ્વાસ છે, અને જેમ વિશ્વાસ ઓછો તેમ વ્યાજનો દર વધુ જેમ સાહુકારીમાં વિશ્વાસ ઓછો તેમ નાણું ગુમાવવાનો સંભવ વધુ અને તેથી નાણું રોકનારને નફો પણ વધુ રહેવો ઘટે છે.

## નાણું રોકનાર.

વ્યાજનો દર ઓછો — સાહુકારીનો વિશ્વાસ વધુ તેમ

નાણું માગવાનો સંભવ ઓછો — નફામાં કરકસર

## નાણું રોકનાર.

વ્યાજનો દર વધુ — સાહુકારનો વિશ્વાસ ઓછો તેમ

નાણું માંગવાનો સંભવ વધુ — નફો વધુ

**જોખમ.** જંગલી દેશોમાં માલ મિલકતની સલામતી ન હોવાથી મુંડી ઉપરના નફાનો મોટો ભાગ જોખમના બદલાનો લેખાય છે. નામદાર સરકારે નિયમીત કીધેલા કાયદાઓને અંગે રજવાડામાં રાજ કૌટુંબીઓ ઉપર ઘણી વખતે 'ડીક્રી' બજાવી શકાતી નથી. માટે તેવા માણુ-સોને જે પૈસા આપવામાં આવે છે તે વધુ વ્યાજ

ના લોભે અપાય છે. એટલે તે બાબદમાં જે વધુ વ્યાજ મળે છે તે જોખમ ખેડવા માટેનું હોય છે. "બાપ મરે બમણાં" લખી આપનારા પૈસાદારના છોકરાઓને જે મારવાડીઓ પૈસા ધીરે છે, તે-પણ મોટા વ્યાજે ધીરે છે કારણ કે પૈસા લેનારનો બાપ ક્યારે મરશે તેની ખાત્રી રહેતી નથી. તેમજ બાપના મરે, પૈસા લેનાર છોકરાને ફાળો મળશે જ એવો પણ સંભવ રાખી શકાતો નથી, અને તેથી તે પણ એક પ્રકારનું જોખમજ છે.

ભિન્ન ભિન્ન પ્રકારના ધંધા અથવા કામો-માંથી મળતા નફામાંથી જો જોખમ, આબરૂ ગુમાવવાની ધાસ્તી, તેના ઉપરની વ્યવસ્થા અને દેખરેખનો બદલો બાદ કરીએ તો મુડી ઉપરનું ખરેખરૂં વ્યાજ બીન જોખમી રોકાણ જેટલુંજ કિંવા તેથી પણ ઓછું રહેવા પામશે. વળી તેમાં પણ સ્પર્ધા હશે તો બધા ધંધાઓમાં સરખો દર દરેક દેશમાં મળશે. અને તેથીજ જેમાં થોડું જોખમ વ્યાપારી રીતસરનું સમાયલું છે તેમાં આપણી તરફનો વ્યાજનો દર છ ટકાનો લેખાય છે.

જેમ દ્રવ્ય અને વસ્તી વધતાં જાય તેમ વ્યાજનો દર ઘટે છે. આનો સિધ્ધાંત પરિપુર્ણ સમજવા આગળ આપવામાં આપેલા રીકાર્ડો ના વિચારો ફરીથી જોઈ જવા આવશ્યક છે. એક માણસ અમુક સમયમાં એક મણ ઘઉંની કિંમત જેટલું ખર્ચ કરી ૧॥ મણ ઘઉં ઉત્પન્ન કરે તો

તેનો ભંડોળ ઉપર ૫૦ ટકા નફો થયેલો કહેવાય; હવે જો ઓછી ફળદ્રુપ જમીન ખેડે તો ૧૧ મણ ઘઉં પેદા કરે તો નફો ૨૫ ટકા થયેલો કહેવાય. જેમ જેમ ખેડાણની સીમા ઉતરતી જાય અને વસ્તીની જરૂરીઆતો પુરી પાડવા અર્થે જેમ જેમ ઓછી ઓછી ફળદ્રુપ જમીન ખેડવી પડે તેમ તેમ નફા અને મુસારાનો દર ઘટતો જાય છે, અને જમીન ભાડાં વધે છે. તેવીજ રીતે રીકોર્ડો કહે છે કે વસ્તી જેમ વધતી જાય છે તેમ ખોરાકનો વધતો ખપ પુરો પાડવા પહેલાં કરતાં ઓછી ફળદ્રુપ જમીન પણ ખેડવી પડે છે; અને તેથી પ્રથમ કરતાં વધુ ભંડોળ અને મહેનતનો વ્યય કરવો પડે છે. અર્થાત કે મહેનત અને મુડી પહેલાં કરતાં ઓછી ઉત્પન્ન થાય છે અને તેથી મજુરી અને વ્યાજ ઘટે છે.

હવે વસ્તી વધવાથી જે વધારે ખોરાક જોઇએ તે જો પહેલાં ખેડાણમાં હોય તેટલાને તેટલીજ જમીનમાં પેદા કરવામાં આવે તો તેની પણ તેજ અસર થવા પામે; કારણ કે જમીનમાંથી પ્રતિ વર્ષે જેમ પાક ઉતરતો જાય તેમ તેનો કસ ઉતરતો જાય છે, અને તેથી સમય જતાં વધુ ભંડોળ અને મહેનત તે જમીન પાછળ ખર્ચવા પડે છે. જુના દેશોમાં અમુક મહેનત અથવા મુડી જમીન ઉપર કામે લગાડી હોય તો જેટલી પેદાશ થાય તેના કરતાં તેટલીજ મહેનત અને મુડી નવીન દેશની ભૂમી ઉપર ખર્ચવાથી વધુ લાભ મળે છે. એક દેશમાં અમુક કામ

કરવા માટે દર રોજની મજુરી આઠઆના લેખાય છે અને બીજા દેશમાં તે માટેજ એક રૂપીયો લેખાય છે, તો તે ઉપરથી પહેલા દેશમાં બીજા દેશ કરતાં તે ધંધામાં વધુ નફો થશે એમ કહી શકાય નહિં. તેનો ખરો આધાર ઉપજ ઉપર રહેલો છે. આઠઆના લેનાર મજુર જો બે રૂપીઆનો માલ બનાવે અને રૂપીઓ લેનાર ચાર રૂપીઆનો માલ બનાવે તો સરખુંજ કહેવાય; બલકે બીજે ઠેકાણે જે મહેનત ઉઠાવવાની પડી તેના પ્રમાણમાં ઓછું કહેવાય. છતાં રૂપીયો લેનારો જો પાંચ રૂપીઆનો માલ બનાવે તોજ ઓછો કહી શકાય, અને તે રૂપીઓ આપવો પરવડે પરંતુ આઠઆના ખર્ચવા મોંઘા થઇ પડે.

**ચીજોની કિંમત વધી જવાથી નફો વધ્યો** છે એમ પણ માની શકાય નહિં. કોઇ વખતે તેવું બને છે પણ તે જુજ સમયને માટે. આધુનિક લડાઇ ચાલવાને લીધે દુશ્મનના દેશોમાંથી આવતો માલ બંધ થવો અને તેનો લાભ લઇ જેઓએ પ્રથમથી સાધારણ ભાવે માલ ખરીદી રાખ્યો હતો તેઓએ વધુ પૈસા લીધા તે જોતાં તેઓને વધુ નફો થયો એ ખરૂં પણ તે ક્ષણિકજ હતું. હવે તેજ વ્યાપારીઓ પાછો માલ મેળવવા જાય તો તેઓએ જે નફો લીધો તે પાછો આપતાં પણ વધુ પૈસા આપવા પડે. ઉપજના ખર્ચમાં પણ ચાર અંશ રહેલા હોય છે:—

ઉપજનો ખર્ચ:

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| મહેનત | અનુપભોગ | જોખમ |

૪ કર.

આ ચારમાંથી ગમે તે અંશ વધે તો તેથી તેની અસર અવશ્ય ચીજોના ભાવ ઉપર થાય, ગઇ અમેરિકાની લઢાઇ સમયે રૂ મેળવવું એ ઘણું મૂશ્કેલ હતું અને તેથી મોઘું થયું હતું અને તેથી સુતરાઉ કાપડના ભાવો વધી ગયા હતા, છતાં કાપડ બનાવનારાઓને તો ખોટ જતી હતી જો કે મજુરીનો દર પણ કમી થયો હતો. માટે ભાવ વધે નફો વધે એવું નથી પણ તેનો એક બીજા અંશ સાથે સંબંધ રહેલો હોય છે. ભંડોળ રોકનારને મહેનતના પ્રમાણમાં શું ખર્ચ પડયો અને વસ્તુના મૂલ્યમાંથી કેટલો ભાગ મહેનતાણાં તરીકે મળ્યો તેનો વિચાર નિચલાં કારણો ઉપરથી દૃષ્યમાન થશે.

ભંડોળ રોકનારને મજુરી ખર્ચવી પડે છે તેનો આધાર શા ઉપર છે તે નક્કી કરવું

જોઇએ. અર્થશાસ્ત્રી મિલ કહે છે કે ભંડોળ રોકનારને પડતું મહેનતાણું ત્રણ બાબતો ઉપરથી નિર્માણ કરી શકાય છે. છતાં તે ત્રણેમાં હંમેશ ફેરફાર પડે છેઃ—

૧. મહેનતની ઉપજ શકિત.

૨. મહેનતનો બદલો–મુસારો.–એટલે કે જે બદલો લઇ ચીજ ખરેખર તૈયાર કરવામાં આવે તે.

૩. જે પદાર્થોનો ખરા સ્વરૂપમાં સમાવેશ થાય અને પદાર્થ બનાવવાનું અગર વેચાતા લેવાનું જે વધુ ઓછું ખર્ચ લાગે તોઃ—

૧. મહેનતની ઉપજ શકિત વધે અને મહેનતાણામાં અને જીંદગીના જરૂરીઆત પદાર્થોમાં ફરક પડે નહિં તો ભંડોળ રોકનારને મજુરી ખર્ચ ઓછો પડે. મુસારો વધે અને તે પ્રમાણમાં ઉપજ શકિત વધે નહિં તો ભંડોળ રોકનારને મહેનતાણાનાં પૈસા વધુ પડે.

૨. કામ કરનારને મળતા ખરા બદલામાં જે પદાર્થોનો સમાવેશ થાય છે તે જો સોંઘા થાય અને તે પદાર્થો કામ કરનારા પ્રથમ કરતાં વધુ પ્રમાણમાં વાપરે નહિં તો મહેનતાણું ઘટે અને ભંડોળ રોકનારને મજુરી ખર્ચ ઓછો પડે.


૩. અમુક મહેનત અને ભંડોળની સંક્રાન્તિએ જે કુલ પેદાયશ થાય તેનો શો ભાગ મહેનતને મળે છે તેના ઉપરજ નફાના દરનો આધાર રહે છે.

ઉદાહરણ. ઑસ્ટ્રેલીયા અને અમેરીકા એ નવા દેશ છે, અને ત્યાંની જમીન જોઇએ એવી ફળદ્રુપ હોવાથી થોડી મહેનતે તેનું ઉત્પન્ન અથવા ઉત્પાદક શકિત ઘણી વધુ છે, અને તેથીજ જીંદગીને જરૂરી પદાર્થો ત્યાં સોંઘા છે. તેથી નફાનો તેમજ મજુરીનો દર ઉભય ત્યાં ઘણા ભારે છે.

જો કોઇ અમુક ધંધામાં મુસારાનો એવો વધારો થાય, કે જેને અંગે મુડી રોકનારને સાધારણ દર કરતાં ઓછો નફો પરવડી શકે, તો તેવા વધારાથી તે ધંધામાં કામે લાગેલાં કામદારોને હમેશ માટે તે ફાયદો લેવાય નહિં. આમ થવાથી દ્રવ્ય તરીકે ઉત્પાદક શકિતનો વધારો થતો અટકશે, અને એક બાજુથી જ્યારે ઉત્પાદક શકિતમાં વધારો ન થતાં તેવીજ સ્થિતિમાંએ, અને મજુરી વધાર્યા જવાય તો આગલ ચાલતાં તે ધંધો ભંડોળ રોકનારથી ઝાઝો સમય સુધી નિભાવી શકાય નહિં. વળી જો નફો વધુ ઓછો મળે તો ભંડોળ રોકનાર પોતાનું નાણું બીજા કોઈ વધુ નફો કરનાર ધંધામાં રોકે, અને તે આધારે વખ્ત પર પોતાના દેશને લાભ થતો અટકે અને તેથી પરદેશને લાભ મળે. દેશમાં જે સાધારણ વ્યાજ વટાવનો દર હોય તેમાં ઘટાડો થવાથી તો મુડી એકઠી થતી અટકે અને મુડી પરદેશ જાય. આમ થવાથી દેશની મુડી ઓછી થાય, તેને અંગે જંગમ મુડી ઘટે અને

મુસાફરા એકદમ ઓછા ઉતરે. કર્મકારોના માંગવા મુજબ વધારે મુસારો આપ્યાથી વ્યાજનો દર ઘણો ઘટે, કારણ કે પરચુરણ લોકોને નાણાંવાળાઓ પાસેથી જે નાણું ઉછીકું જોઇએ તેની માંગણી ઘટે અને તેથી વ્યાજ વટાવનો દર પણ ઘટે. હવે થોડા સમય સુધી મજુરવર્ગને જે ભારે મજુરી મળી હોય તે દરમ્યાન વસ્તી વધી હોય તે નિઃસંશય છે. પણ જ્યારે મજુરી ઘટે ત્યારે મજુરવર્ગને પુરૂં ખાવાનું પણ ન મળે એવો સમય પ્રાપ્ત થાય, એટલે હદ ઉપરાંત મજુરી માંગવાથી અને તેને ઉત્તેજન મળવાથી બે તરફથી મરો થવા પામે એવી સ્થિતિ ઉત્પન્ન થાય.

વળી મુડી પરદેશ તણાઇ જવાથી તેની છુટ વધે નહિં. જ્યારે અમુક ધંધામાં વધુ નફો મળવા માંડે છે ત્યારે હરિફાઇ અને સ્પર્ધાનો એટલો વધારો થાય છે કે નફો તેની મેળે ઠેકાણાસર આવી જાય છે. આ બાબતમાં સ્પર્ધા અથવા હરિફાઇ એ સુર્યના તાપ જેવી છે અને નફો એ તાપ માપક યંત્ર કિંવા થર્મોમીટર તરીકે છે.


૧૦૦
૭૫
૫૦
૨૫
૦
ખ
હરિફાઇ
૧૦૦
૭૫
૫૦
૨૫
ક
૧૦૦
૭૫
૫૦
૨૫
૦

ક. દેશમાં હરિફાઇનો સુર્ય પોણુાસો ટકા હરિફાઈ બતાવે છે એટલે નફો ૨૫ ટકા છે. ખ. દેશમાં હરિફાઇનો સુર્ય ૨૫ ટકા બતાવે છે એટલે નફો ૭૫ ટકા છે.

આપણા દેશમાં આપણને જો ચાર ટકાનું વ્યાજ ઉપજતું હોય અને વિદેશમાં છ ટકાનું વ્યાજ મળતું હોય તોપણ ઘણી વેળાએ આપણે જોખમ ખેડવાને લલચાતા નથી. કારણ કે વિદેશમાં નાણું રોકવામાં અને ત્યાં જવા આવવાની તેમજ દેખરેખ રાખવાની એવી ઘણી અડચણો વચ્ચે આવે છે. પરંતુ જેમ વિદ્યા વધતી જાય છે, અને વિદેશ જવા આવવાનું સુગમ થતું જાય છે, તેમ આ અડચણો દુર થતી જાય છે, અને એક દેશ આખરે બીજા દેશ જોડે પણ સ્પર્ધામાં ઉતરે છે. આપણી તરફ અબાધ્ય રીતિએ વાણીજ્ય (Free Trade) કરવાનો વિસ્તાર ઘણા બહોળા પ્રમાણમાં વધતો જાય છે અને તેને અંગે આ અડચણો મોટે ભાગે દુર થતી રહી છે. વળી દર અઠવાડીએ વિદેશથી મળતા સમાચારો અને દરેક પળે તારથી મળતી બજારોની રૂખને લીધે આખી દુનિયાનાં બજારો વચ્ચે ભિન્નતા જેવું રહેવા પામ્યું નથી. અમેરિકાથી ચાંદીનો અથવા લીવરપુલથી રૂનો ભાવ આવે કે તેની અસર આપણાં બજારો ઉપર તાબડતોબ થાય છે એ આપણે જાણીએ છીએ.

# પ્રકરણ ૧૧ મું.

## ધંધાદારીઓનાં મંડળો અથવા મહાજનો.

આપણા દેશમાં ઘણુંખરૂં દરેક કામદારોના પોતાનાં મહાજનો હોય છે, જેવું કે હજામોનું મહાજન, ધોબિઓનું મહાજન, અને તે મહાજનો ધંધામાં લાગેલાં માણસોએ શો મુસારો લેવો તે નકકી કરે છે. વળી તેઓ પોતાના લાગાઓ અને તેના ધારાઓ ગોઠવે છે અને તેને ન પાળનાર ઉપર મહાજન આપખુદી ભરેલો અમલ ચલાવે છે. પાશ્ચાત્ય દેશોમાં કામદારોના મંડળો હોય છે. ઉભયમાં ઘણો ભેદ છે. આપણી તરફનાં મહાજનો જ્યારે એકાદ બે આગળ પડતા માણસોના ફાંટા અનુસાર; અને એ ન્યાય કરનારા નિયમો ભલે ધર્મશાસ્ત્ર અથવા ન્યાયશાસ્ત્રથી ઉલટાં હોય છતાં રૂઢીને અંગે ચાલે છે, અને તેમાં મોટે ભાગે પોતાનીજ સવળતા તરફ જોય છે. ત્યારે પાશ્ચાત્ય મંડળો તેથી સદંતર ઉલટાંજ પડે છે. ત્યાંનાં મંડળો ધંધામાં કામે લાગેલાં માણસોના સ્વાર્થ જાળવવા અને તેઓનું સપ્રમાણ રક્ષણ કરવાના હેતુઓએ સ્થાપિત થયેલાં હોય છે. અત્રેના મહાજન જ્યારે રાજી થાય ત્યારે પોતાના વખાણોના બણગાં ફુંકે, અને ખીજે ત્યારે કોઈ વ્યકિત પાસેથી દંડ લઈ તેની ઉજાણી જમે. પાશ્ચાત્ય મંડળો દરેક માસે અથવા વર્ષે પોતાના સભાસદો પાસેથી ઉઘરાણું લઈ રાજી થાય ત્યારે ધર્માદા

સંસ્થામાં નાણું આપે, અથવા સભાસદના લાચાર કુટુંબોનો નિભાવ કરે, અને બીજે ત્યારે નામનો દંડ સભાસદને કરે અને તે વાત પછી ભુલીજ જાય.

આપણા દેશમાં કારીગરો કે જેઓનો મોટો સમુહ છે તેઓનું શ્રેય થતું નથી તેનું કારણ આવાં મહાજનો, જ્ઞાતિઓ અને જાતિ-ભેદ સિવાય કશુંએ દેખાતું નથી. સોનીનો છોકરો ગમે એટલો ભણે, નવીન શોધ કરે, વાઈસરોય જોડે બેસીને ખાણું લેય, પરંતુ તેને કેટલેક ઠેકાણેથી પતિતજ લેખવામાં આવે. 'ક' નામની વ્યકિત પોતાને શુદ્ધ બ્રાહ્મણ ગણાવે અને તે ગવર્નરની પાર્ટીમાં 'ખ' નામની વ્યકિત જોડે બેસીને ખાવાનું ખાય. 'ખ' વ્યકિતના વડીલો અસલ મોચી હોય તો તેનો બાધ ગવર્નરની પાર્ટીમાં એક ટેબલ ઉપર બેસતાં લેખાય નહિં. પણ 'ક' ને ઘેર 'ખ' આવે તો 'ક' તેને રૂપાના વાસણમાં પાણી પાય, દુર બેસાડી જમાડે, અને ભોગજોગે કાચના પ્યાલાઓમાં અથવા વાસણોમાં 'ખ'એ ખાધું હોય તો તે બધાંએ દુર રાખે. આવી વસ્તુ-સ્થિતિ હોવાથી આપણા દેશમાં વિદ્યાની અને લાયક માણસોની જોઇએ એટલી કદર થતી નથી. પાશ્ચાત્ય દેશમાં એમ નથી. જેના પ્રતાપે હાલમાં આપણે સુશોભિત કપડાં પહેરી શકીએ છીએ તે વણવાનો સંચો શોધનાર પ્રથમ પુરૂષ તે

લંડનનો હજામ હતો. રીચર્ડ આર્કરાઇટ નામનો એક ગરીબ માણસ લન્ડનમાં હજામોની દુકાન રાખનાર એટલો તો લાચાર સ્થિતિમાં હતો કે, તેનાથી ધોરી રસ્તામાં દુકાન રાખી શકાતી ન હોતી. તેથી તે નિચેનાં ભોંયરાંવાળા (Subterranean) ભાગમાં દુકાન રાખી ઉપર નિચે મૂજબ પાટીયું મારતો હતો.



**Here is the Subterranean Barber**

*who Shaves*

***for a penny.***

“અહિં હજામ છે, જે નિચેના ભોંયરાવાળા ભાગમાં એક આનામાં હજામત કરે છે.” આ હજામને એક દિવસ અસ્તરો ઘસતાં ટપટપીઆં ઉપર રેસા પડતા જણાયા. આ રેસાઓનાં સાથે થવાથી જેમ ટપટપીયું આખું બનેલું હતું, તેમજ સુતરના તાતણાઓનાં એકિકરણે કપડું બને છે તે તે જાણતો હતો, પરંતુ એને જો બરોબર રીતે મેળવવામાં આવે તો સારાં કપડાં વણાય એવું તેના મગજમાં આવ્યું, અને તે ઉપર વિચાર કરતાં તેણે વણવાનો સંચો બનાવ્યો. આ શોધથી તેની નામના થઇ અને સરકારે તેને

'સર નાઇટ'નો ખેતાબ બક્ષ્યો. આ ખેતાબ મેળવ્યા બાદ એક સાધારણ હજામ સારી પંક્તિના માણસમાં લેખાવા લાગ્યો. અને ઉમરાવોના મંડળોમાં તે પોતાનો પગ મૂકી શકયો. એટલુંજ નહિં પણ તે ઉમરાવો સાથે પોતાનો સગપણનો સંબંધ પણ જોડી શકયો. એક માણુસ પોતાની અકકલે પાશ્ચાત્ય દેશોમાં ઉંચી પંકિતએ આવી શકે છે, પરંતુ દૌભાંગ્ય છે તે દેશનું, કે જ્યાં જ્ઞાતિ સંસ્થાઓનાં અશાસ્ત્રોકત બોજાને લીધે તેવું થઇ શકતું નથી. અમોરકૅ, યુરોપ, ઓસ્ટ્રેલીયૅ, એફ્રીકે, જૅપેન વગેરે કોઇ પણ દેશમાં જાતિભેદ છે નહિં, પણ હિંદુસ્થાનજ એક વિલોકિક દેશ છે, કે જે આખી દુનિયા જ્યારે એક તરફ ચાલે છે, ત્યારે તે બીજી દિશાએ વક્રગતિ ધારણ કરે છે.

**હડતાળ.** કામ કરનારાઓ ઠરાવેલા ધારાઓએ કામ કરવાને અમુક સમય બાદ બધાએ સંપ કરીને કામ કરવાનું ત્યજે તેનું નામ હડતાળ. દરેક માણુસ પોતે સ્વતંત્ર છે અને તેને પાતાને પોતાનું શ્રેય ઇચ્છવાની જરૂર છે. મરજીમાં આવે તો કામ કરવું કે ન કરવું તે પણ દરેક વ્યકિતના પોતાના વિચારોને આધીનતાની વાત છે. પણ ભિન્ન ભિન્ન વ્યકિત રૂપે નહિં, પણ બધાએ સાથે મળી કામ કરતા અટકવું, એ જેટલું દેશની આબાદીને ધોકો પહોંચાડનારૂં છે તેટલુંજ તે સંપત્તિનો વધારો કરતાં અટકાવનારૂં છે. આવી હડતાળો પાડ-

વામાં પાશ્ચાત્ય દેશના મજુરો જેટલા ફત્તેહમંદ થાય છે તેટલા હિંદુસ્થાનના થઈ શકતા નથી. કારણ કે ત્યાં મજુરોનું રક્ષણ કરનારૂં મંડળ હોય છે, અને ત્યાં કામ કરનારના કાર્ય ઉપરથી તેની તુલના થાય છે. જ્યારે આપણે ત્યાં જ્ઞાતિના બંધારણે તેમ નથી. એક ઉમરાવનો ભાઈ પાશ્ચાત્ય દેશમાં કારકુનનું કામ કરતો હશે, તો તેને ઉમરાવોનાં મંડળોમાં પેસવાની જગ્યા નહિં મળે, પણ અહિં તો એક માણસ ભલે વૉશીંગ કંપની રાખી ધોબિનું કામ કરતો હોય, છતાં તે વૈષ્ય જાતિનો હશે તો તેજ રહેવાનો, અને તેને શુદ્ર નહિં લેખવામાં આવે. ધોબિનું કામ કરનાર પોતાને વૈષ્ય, ક્ષત્રિ કે બ્રાહ્મણ કહેવડાવે, વૈષ્ણવ હોવાનું માન ધરાવે અને તે ધોબિની સાથે બેસી જમવામાં દોષ ન લેખાય. છતાં જો ભોગજોગે ખરેખર કોઈ ધોબિનો છોકરો હોય, અને તે હુશિઆર બેરિસ્ટર હોય તો તેની જોડે બેસી ખવાય નહિં. આમ હોવાથી આપણા દેશમાં ભંડોળવાળાઓ ફાંટાબાજ હોય છે. તેઓ પોતાના કારખાના અથવા સંસ્થાઓમાં મરજી પડે એવા કાયદાથી વિરૂદ્ધ—અમાનુષિક—ધારા રાખે છે, અને છતાં કોઈથી ચુંચા કરી શકાતું નથી. બી. એ. એમ. એ. સુધી ભણેલાઓને નોકરી રાખી ખોટા ધારાઓના બહાનાં નિચે ફસાવવામાં આવે છે. રાત્રીના બે વાગા સુધી ઉજાગરા કરાવી માંદા પાડવામાં આવે છે. અને તેમ

કરતાં માંદા પડયા તો પછવાડેથી પગાર કાપવામાં આવે છે, છતાં અહિંનો કામદાર વર્ગ ઉંચું માથું કરી શકતો નથી. કારણ કે જ્યાં નિચ સ્થિતિમાં જતાં સંસર્ગ ત્યજવાની ધાસ્તી હોતી નથી, ત્યાં એકને સ્થાને બીજા બે જણા તે જગ્યાએ રહેવા આવે છે. આથી કરીને આપણી તરફ સંપ હોતો નથી અને કર્મકારોની સ્થિતિ દયાજનક હોય છે.

આપણે ત્યાં કામદાર વર્ગોની સ્થિતિ દયાજનક કેમ છે, અને તેને મુસારો ઓછો કેમ મળે છે, અને પાશ્ચાત્ય દેશોની સરખામણીમાં તે કેવી સ્થિતિમાં રહે છે, તે દર્શાવવા મુસારાને અંગે આ પ્રકરણની તુલના થાય છે.

## પ્રકરણ ૧૨ મું.

### કર.

પ્રજાને અંગે સરકાર રાજ્ય કરે છે, અને તેથી સરકારની ખરી ફરજ તે પ્રજાનું સંરક્ષણ તેમજ પ્રજાની માલ મીલકતનું રક્ષણ કરવા અર્થે હોવાથી, સરકારને માથે એક એવી ફરજ રહે છે કે પ્રજાનું સરખી રીતે કાર્ય ચાલે, અને દરેક પોતાની મિલકત સ્વતંત્રતાથી રાખી

શકે એવો બંદોબસ્ત કરવો. આ માટેનો જે ખર્ચ લાગે તેને પુગી વળવા માટે કર નાંખવો પડે છે. જ્યાં સુધી સરકાર કર નાંખે નહિ, ત્યાં સુધી સરકાર ઉપલા ખર્ચોને પુગી વળવા માટે નાણાંની જોગવાઇ કરી શકે નહિં. દરેક માણસ એમ કબુલ કરશે કે પોલીસ, લશ્કર, નૌકાખાતું, ન્યાયાસનો વગેરે જે જે ઇન્સાફના અથવા દેશને રક્ષણ કરવાનાં સાધનો છે, તે તેના પોતાનાજ લાભ માટેના છે, તો તે સાધનો ચલાવવામાં દરેકે ફાળો આપવો એ પણ વાસ્તવિક છે. એટલા માટે કોઇ પણ વર્ગ તે કર આપવામાંથી બાતલ થવો ન જોઇએ, અને તેથી અમુક કર અમુક વ્યક્તિઓને પસંદ નથી માટે તેમાંથી તેઓને મૂકત કરવા જોઇએ એવું પણ થઇ શકે નહિં. કર નાંખવા વિશે જાણીતો અર્થશાસ્ત્રી એડમ-સ્મીથ નિચે મુજબના ચાર નિયમો દર્શાવે છે.:—

૧. દરેક વ્યક્તિ પોતે જે રાજ્યના રક્ષણ નિચે આવક કરી શક્તિ હોય તે પોતાની આવકના પ્રમાણમાં રાજ્યને રક્ષણાર્થે ભાગ આપવા બંધાયલી છે.

એટલે કે એક માણુસ જો માસિક હજાર રૂપીઆની આવક કરતો હોય તો તેને જ્યારે દશ રૂપીઆ આપવા તો સો રૂપીઆની આવક કરનારે રૂપીઓ ભરવો.

૨. કર અમુક પ્રકારના નક્કી કરેલા જ હોવા જોઇએ. તેમજ કર આપવાનો સમય,

તેની શકિત અને પ્રકારનો ભેદ પણ કર ભરનારાઓએ જાણવો જોઇએ.

આ નિયમ ઉત્તમ છે. અમુક વ્યાપારી જો એમ ન જાણતો હોય કે તેને કર કેટલો આપવાનો છે તો તે પોતાનો માલ વેચવાના ભાવમાં અનિશ્ચિત થઇ જાય અને તેના કામો અનિયમીત પ્રકારે ચાલે. બધા જ્યારે આમ કરવા માંડે ત્યારે સટ્ટાનું પ્રમાણ વધે, અને માણસો કલ્પના, ડહાપણ અને અક્કલ ઉપરનો ક્યાસ કરવાને બદલે નશીબ ઉપર આધાર રાખીને બેસે અને તેથી વ્યાપાર એ જુગાર જેવો જ થઇ જાય.

૩. દરેક પ્રકારનો કર એવે સમયે ઉઘરાવવો કે દરેક વ્યકિત આપવાને તૈયાર હોય.

ભરનારને બીનકારણે અગવડ પડે એવે સમયે કર ઉઘરાવવા એ સામા ધણીને નુકસાન કરનારૂં છે. ખેડુત જ્યારે ચોમાસું ગયા પછી પાક ઉતારે ત્યારેજ કર આપવાની શકિત ધરાવે, હવે તેને બદલે આડે વખ્તે કર ઉઘરાવવામાં આવે તો દરેક ખેડુત તે ભરી શકે નહિં.

૪. દરેક કર એવી યુકિતથી નાંખવો કે સરકારી તીજોરીમાં જેટલું આવે તે કરતાં લોકોના ગુંજામાંથી બહુ થોડુંજ વધારે નિકળવા પામે.

જો ચીજો ઉપર કર લેવામાં આવતો હોય અને તે ચીજો વિદેશથી આવતી હોય તો આવ-તાંને વાર તેનાં ઉપર કર નાંખવામાં આવે તો આપનારને વધુ ખમવું પડે. માટે ગોદીઓમાં માલનું રક્ષણ કરવામાં આવે છે. જ્યાં ચીજો રાખવામાં આવે છે, અને જેમ જેમ જરૂર પડતી જાય તેમ તેમ વ્યાપારીઓ જકાત અને ભાડું ભરી માલ ઉપાડતા જાય છે. આવી રીતની ગોઠવણથી વ્યાપારીના ખીસાં ઉપર અને માલના ભાવ ઉપર શી અસર થાય છે તે આપણે મીસીસ ફૉસેટના નિયમાનુસાર તપાસીએ.

ઉદાહરણ. એક દારૂનો વ્યાપારી દશ હજાર રૂપીઆનો દારૂ લાવે છે. તેના ઉપર એમ ધારીએ કે રૂ. ૫૦૦૦ની જકાત છે. હવે તે વ્યાપારી દારૂ સરકારી ગોદીને હસ્તક રાખે છે અને તે બાદ છ માસની મુદત વિત્યા પછી વેચે છે. હવે એમ ધારીએ કે વ્યાપારી પોતાની પુંજીનાં રોકાણ ઉપર દર વર્ષે દર સેંકડે ૨૦ ટકાનો નફો મેળવે છે. તો એમ પુરવાર થશે કે ઉપલો દારૂ તે રૂ ૧૬૦૦૦ની કિંમતે વેચશે:—

| | |
|---|---|
| દારૂની અસલ એટલે વિદેશથી આવ્યો ત્યારની કિંમત | રૂ. ૧૦,૦૦૦ |
| વ્યાપારીએ આ પૈસા રોકયા તે ઉપર છ માસનો નફો (વીસના અર્ધા દશ ટકા) | ,, ૧,૦૦૦ |
| દારૂના ઉપરની આપવામાં આવેલી જકાત | ,, ૫,૦૦૦ |
| | ,, ૧૬,૦૦૦ |

હવે જ્યારે આ દેશમાં માલ આવ્યો ત્યારેજ તેને જકાત આપવી પડી હોત તો, દારૂની કિંમત રૂ. ૧૬,૫૦૦ ની થાત. કારણ કે તેને રૂ. ૫,૦૦૦ ની વધુ પુંજી રોકવી પડત અને તેના ઉપર તે પોતાનો નફો લેખતઃ—

| | |
|---|---|
| દારૂની અસલ કિંમત | રૂ. ૧૦,૦૦૦ |
| ,, તાબડતોબ આપેલી જકાત | ,, ૫,૦૦૦ |
| | ,, ૧૫,૦૦૦ |
| રૂ. ૧૫,૦૦૦ ની રોકાણ ઉપર વ્યાપારીનો છ માસનો નફો. | ૧,૫૦૦ |
| | રૂ. ૧૬,૫૦૦ |

**કાચી પેદાયશ ઉપરનો કર.** ઉપલા નિયમો માંહેલા છેલ્લા નિયમાનુસાર કાચી પેદાશ ઉપર કર નાંખવા અશક્ય છે. કારણ કે એમ ધારીએ કે રૂ કાચી વસ્તુ હોવાથી તેના ઉપર જો કર નાંખવામાં આવે, તો રૂનું સુતર થાય તે દરમ્યાન તે ઘણા વ્યાપારીઓને હસ્તક ફરે અને તે મુજબ તેઓનો તે ઉપર નફો ચઢયા જ કરે.

**ઉદાહરણ.** કના હાથમાં પ્રથમ રૂ આવ્યું અને તેણે પોતાના માલ ઉપર રૂ. ૧૦૦ કર આપ્યો. હવે જ્યારે તે 'ખ' ને રૂ વેચશે ત્યારે રૂ. ૧૦૦ ઉપરાંત તે ઉપરનો પોતાનો નફો અને વ્યાજ ગણીનેજ વેચશે. અને 'ખ'

જ્યારે 'ગ' ને વેચે ત્યારે તે મુજબ તે ઉપર પોતાનો નફો ચઢાવશે અને આ રીતિએ ચક્રવૃદ્ધિ વ્યાજ માફક તેનો વધારો થતો જ રહે.

આથી ઘણા સમયે એમ કહેવામાં આવે છે કે જ્યારે ચિજ તૈયાર થયેલી ખરીદાય ત્યારે કર લેવો. એટલે જ્યારે આપણને દશ શેર ખાંડ લેવી હોય ત્યારે ગાંધીએ તેનો રૂપીઓ એક અને કરનો રૂપીઓ પા જુદો મળી રૂપીઓ સવા લેવો. આવા નિયમે આ ધોરણો બરોબર સચવાય ખરા, પણ 'કર' ઉઘરાવવાનું કાર્ય બહુ મોઘું થઇ પડે. કારણ કે દરેક વ્યાપારિના ચોપડા જોવા પડે, વળી 'કર' લેવામાં ભુલથાપ પડે, ને આના કર લેવાને બદલે અજાણ્યા શખ્સ પાસે લુચ્ચા વ્યાપારીઓ ત્રણ કે ચાર આના લઈ લેય, આવી ઘણી મુશીબતો તેમાં ઉભી થાય છે. અને તેથીજ **ચીજો ઉપર પ્રત્યક્ષ કર ઉઘરાવવો અશક્ય છે.**

**કરનું વાસ્તવિકપણું અને પરોક્ષ તેમજ પ્રત્યક્ષ કરની રીત.** જે વ્યક્તિએ કર આપવોજ જોઇએ એવું અમુક વ્યકિત માટે કહેવાય તે પ્રત્યક્ષ કર, જેવો કે આયપત વેરો (ઈનકમ-ટેક્ષ). એક વ્યકિત પાસેથી જે કર ઉઘરાવવામાં આવ્યો હોય અને તે એવા ઈરાદાથી કે તે વ્યકિત તે કર બીજા ધણી પાસેથી વસુલજ કરશે તે પરોક્ષ કર, જેવો કે જકાત.

**આયપત વેરો.** આ કર માટે ગમે એટલું વિરૂદ્ધમાં બોલાતું હોય પરંતુ તે કર

વાજબી છે એમ કહી શકાશે. દર વર્ષે એક વ્યક્તિ જે પોતે ફાયદો કરતી હોય તેમાંથી અમુક હિસ્સો દેશ વ્યવ્હારને માટે આપે એ શું ગેરવાજબી કહેવાશે? કેટલાક અપ્રમાણીક મનુષ્યો આ કર ન આપવા માટે ઘણી પ્રકારના મુદ્દા ઉઠાડે છે જે યોગ્ય નથી.

છતાં એવું બને છે કે જ્યારે મોટી આવકવાળાને આયપત વેરો આપવો પોશાય છે ત્યારે નાની આવકવાળાઓને તે ઘણી વેળા ભારી પડે છે. વળી વ્યાપારીઓને ઘણી વેળા ખોટ જાય છે, છતાં પોતાને ખોટ ગઇ છે એવું ન જણાવવાને ખાતર, અને વ્યાપારીઓમાં પ્રતિષ્ઠા રાખવા ખાતર, મોટો કર ભરે છે, તે માટે પણ જોગવાઇ થવી જોઇએ.

## પ્રકરણ ૧૩ મું.

### અકકલ.


કેટલાક અર્થશાસ્ત્રીઓએ 'અક્કલ'ને પણ સંપત્તિમાં લેખી છે અને વિચાર કરતાં તે ખરૂં લાગે છે. એક માણસે કીધેલી નવીન શોધો જો અદલાબદલી અથવા વિનિમયનું સ્વરૂપ ધારણ કરે, અને તેથી તે જો સંપત્તિમાં લેખાય, તો તે વસ્તુ જેનાથી પેદા થઇ છે તે કાં ન સંપ-

ત્તિમાં લેખાય ? આપણે જોઇએ છીએ કે વકીલ, બૅરીસ્ટર, સોલીસીટર અને ડૉકટરોમાંથી ઘણા નામાંકિત થાય છે, અને જેઓની પાસે સંપત્તિ જેવું કશું હોતું નથી, તેઓ પોતાની અક્કલને અંગે સંપત્તિ પેદા કરે છે. જમીન સારી કે ખરાબની પરિક્ષા કરવી, અથવા ભિન્નભિન્ન રીતે ખેડવી, એ અક્કલનુંજ પરિણામ છે. મહેનત બચાવવા ખાતર યંત્રો બનાવવા, મહેનતને મદદ રૂપ થઇ પડે એવાં ઓજારો તૈયાર કરવાં, અને ભંડોળની હેરફેર કરવી એ અક્કલનુંજ પરિણામ છે. અમુક વસ્તુની કિંમત આંકવી, મૂલ્ય ઠેરવવું, નાણાંનો વ્યવહાર ચલાવવો, નવીન ચીજ પેદા કરી તેની છત વધારવી અને ખપ વધે એવા ઉપાયો લેવા, બેંકો સ્થાપિ ત્યાં શરાફી કરવી, આંટ જમાવવી, પત્રવ્યવહાર કરવો, નામું રાખવું એ સઘળું અક્કલનુંજ સ્વરૂપ છે. વિભાગો પાડવા, ભાડું લેવું અને તે ઠેરવવું, મુસારાનો કયાસ કરવો, નફામાંથી ભંડોળમાં વધારો કરવો, કર ઉઘરાવી, તેનો લોકવ્યવસ્થાને અંગે વ્યવહાર ચલાવવો, અને વ્યવસ્થા કરવી અને ટુંકમાં અર્થશાસ્ત્ર અથવા દેશવ્યવહારવ્યવસ્થાનાં તત્વો સમજવાં અને તેને અમલમાં મૂકવાં, એ સઘળું અક્કલનું પરિણામ હોવાથી અક્કલ એ સંપત્તિના પેટામાં આવી જવા પામે છે.

---

## ભાગ ૧ લો સમાપ્ત.

# સંપત્તિ.



ઉત્પાદન=ઉપજ
વિનિમય=અદલાબદલી
વિભાગ
અક્કલ
જમીન
મહેનત
ભંડોળ
( આના પેટા વિભાગો આ વિષયના અંતે આપી જવામાં આવ્યા છે ).
કિંમત
ભાવ
નાણાંવ્યવહાર
વસ્તુ
( આના પેટા વિભાગો આ વિષયના અંતમાં આપી જવામાં આવ્યા છે ).
ભાડું
મુસારો
નફો
કર
રિવાજ
સ્પર્ધા
ભાગવટી
દેશાચાલ વિ.
ખેડાણની સીમા.
મહેનત
વ્યાજ
જોખમની મળતર
વ્યવસ્થા કરવાનો બદલો
મહેનતની શક્તિ
મહેનતનો બદલો
મહેનતની ઉપજ
મહેનત
અનુપભોગ
જોખમ
ધંધાની રૂચી
શીખવાની રાવળતા
કામ મળવાની સ્થિરતા
વિશ્વાસ
ફતેહમંદ થવાનો સંભવ
પરોક્ષ
અપરોક્ષ
આયપતવેરો વગેરે.

# BIBLIOGRAPHY.

આ ચોપડીને અંગે નિચલી ચોપડીઓની મદદ લેવામાં આવી છેઃ—


Political Economy for Beginners, by Mrs. M. G. Fawcett.

Political Economy ,, Fawcett.

,, ,, ,, Gides Charles.

,, ,, ,, Dewas Ch. S.

Principles of Political Economy, by Mill.

Progress and Poverty by Henry George.

Prosperous India ,, Digby Wm. C. I. E.

History of Political Economy, by Ingram J K.

Rochdale Pioneers Union.

Historians History of the world.

Holy Bible.

Encyclopædia Britanica.

અર્થશાસ્ત્રનાં મૂળતત્વો-કર્તા સેતાલવાડ ચૅ.મી. ચી. હ.

દેશવ્યવહાર વ્યવસ્થા ,, કવિ નર્મદાશંકર લાલશંકર.

હિંદી પ્રજાનો ઇતિહાસ ,, હંટર, સર વિલીઅમ.

મનુસ્મૃતિ<br>ભર્તૃહરિશતકત્રય<br>રામાયણ. } ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ.

## અનુક્રમણિકા.

# પરિશિષ્ટ.

---

આ ચોપડીના ૪૭ મા પાના ઉપર જે કવિ દલપતરામ ડાહ્યાભાઈ સી. આઇ. ઇ. કૃત કવિતા માટે ઇસારો કરવામાં આવ્યો છે, તે "હોપકૃત" ગુજરાતી છઠ્ઠી ચોપડી (પાઠ ૧૪૬) માં નિચે મૂજબ આપવામાં આવી હતી; જે ઉપરથી દ્રષ્યમાન થાય છે કે અગાઉ હિંદમાં કયા કયા મથકો શી શી વસ્તુઓ માટે પ્રખ્યાત હતાં:—

## हिन्दुस्थानमां वखणायली वस्तुओ विषे.

દોહરો.

દેશાટણ કરી દેખશો ભલી જાણસ બહુ ભાત,
પંથ પધારી પ્રથમ તો જઇ જોજો ગુજરાત.

હરિગીત છંદ.

રળીઆમણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો,
ધરી યાદ **અમદાવાદથી** એકાદ વસ્તુ આણજો;
**અતળશ** અને મૂલદાર **મશરૂ** માલ એશ મંગાવજો,
વળી ઘર દિશે વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
પછિ પંથ **પેથા** પુર ભણી જાત્રાળુ જન જે જાય છે,
ત્યાં બાંધણીની **સાડીઓ** બંકુક બહુ વખણાય છે;
તે દેશથી સંદેસડો જન કોઇ સાથે કહાવજો,
વળી ઘર દિશે વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
**વિસલનગર** વિશ્રામ કરશો **પાત્ર** ત્યાં **પિત્તળતણાં**,
વખણાય **હજાર** હેમ જેવી **ઘાટ** ચોર ખુલે ઘણાં;

પછી **પાટણે** જઇને **પટોળાં** રંગદાર રખાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
**સમશેર** તો **સીરોહી**ની **પ્રતિમા** ભલી **ડુંગરપરી**,
આવતાં જાતે **આગસુંબે** ત્યાં **છરા લોઢી છરી**;
વળી **કપડવંજી કાચ સાબુ** રહી સમીપ રચાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
**કાઠીઆવાડી** કાંબિ **ઝાલાવાડી** રૂાં **ઝુમણું**,
**ખંભાત**ની ભલી **સૂત્રફેણી**, **જમણ** તો **સૂરત** તણું;
બહુ **પાપડી** ને **સાડી બરફી** લક્ષ દઇને લાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
**નાશકતણું જળ પાત્ર** નિર્મળ **પાન પુને** સાંપડે,
**બુરાનપુરી શેલાં** સરસ, પણ **પેંઠણી પાઘડી** ચડે;
શુભ **શાલ** તો **કાશ્મીરની** એ તો જરૂર અણાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલા આપ વેહેલા આવજો.
**કાશી** તણાં **લોટા પિતાંબર**, **અફીણ છાયલ માળવી**
પણ **ધોતી જોડા નાગપુરી** જઇ લાવજો તેમ જાળવી;
બહુ **ખાંડ બંગાળે** બને પાણ લઇ હિસાબ પતાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.
**ધોળેરી** રૂ ચાળું ભલું, **ઘઉં** તો ભલા છે **ભાલમાં**,
**ગજ દંત સિંહલ દ્વીપ**, **મુંબઈ** હેમની છે હાલમાં;
નાણાંતણી જોઇ **ટંકશાળ** સભા વિષે સિધાવજો,
વળી ઘર હિરો વરસાદ પેહેલાં આપ વેહેલા આવજો.

દોહરા.

**મથુરામાં પેંડા** મળે, **જુઓ ચિત્ર જયપુર**;
**ઘોડા** તો **કચ્છી** ઘણા, પ્રેમ પમાડે ઉર.

**જામનગરનું** જઈ જુઓ, **કંકુ** સારે કામ;
**વાગડમાં મગ બાજરી**. કીધી **દલપતરામ**.

ઉપલી કવિતામાં સ્થળોનાં અને વસ્તુઓનાં નામો ખાસ કરીને કાળા મુકવામાં આવ્યાં છે.

**કર્તા.**

"× × × વાર્તા વાંચવી ગમે તેવી અને એઘડી ગમ્મત આપે તેવી છે. ગુજરાતી ભાષાના હાસ્યરસના પુસ્તકોમાં કેટલેક દરજ્જે તેથી ઉમેરો થયો ગણાય."

"સાહિત્ય."

"ઓઘડશંકરની મૂર્ખાઈ ઉપર કુદરતી હસવું આવ્યા વગર રહે એમ નથી."

"વિવેચક"

"× × × આ પુસ્તકમાં મુર્ખ ઓઘડ-શંકરના પાત્રમાં સારી રમુજનો જમાવ કર્યો છે × × ×"

"જ્ઞાનવર્ધક."

"ટુચકાઓ હાસ્યજનક સાહિત્યમાં વધારો કરવાના ઉદ્દેશથી લખાયેલા લાગે છે; અને કેટલાક પ્રસંગો ઘણો આનંદ આપે એવા છે × × ×"

"ભાર્ગવ."